सनातनधर्मनी गर्जनाओ.

ब्रह्मचारी.

વર્ષ ૩ જું.	વાર્ષિક મૂલ્ય રૂ.૦-૮-૦ ટપાલ ખર્ચ ભા.૫.	ગર્જના ૩૪ થી ૩૬

રચનાર.	છપાવી પ્રસિદ્ધ કરનાર
પીતાંબર ગોવિંદરામ ભટ્ટ સાણંદ.	મણિલાલ મગનલાલ ત્રિવેદી. મંત્રી, શ્રીસનાતનધર્મ પુસ્તક પ્રસારક મંડળ—અમદાવાદ.

મૂલ્ય રૂ. ૦-૩-૦ આવૃત્તિ ૧ લી.

સાકે ૧૮૩૭. પ્રત ૨૦૦૦

અમદાવાદ—ખેમાસાને ચકલે ધી 'નટવર' પ્રીન્ટીંગ પ્રેસમાં ભોગીલાલ નારણદાસ મોદીવાળાએ છાપ્યું.

॥ ॐ नमः श्रीपद्मनाथपरमात्मने ॥

બ્રહ્મચારી.

नत्वा श्रीमद्गुरुं भक्त्या भवभीत्य पदं मुदा ।
श्रीनाथकृपयैवाहं लिखामि धर्मगर्जनाम् ॥

પૂર્વે આ ભૂમંડળપર ધવલગિરિ પર્વતના ઉત્તર ભાગમાં આનંદવર્ધન નામે એક અતિ રમણીય વન હતું. તેમાં નિરંતર વિશુદ્ધ તથા તન-મનના આરોગ્યની વૃદ્ધિ કરનાર નિવૃત્તિ પરાયણ જ્ઞાની, યોગી અને તપસ્વીઓને સેવવા યોગ્ય પવન વાયા કરતો હતો. તથા તે વન સ્વચ્છ, મિષ્ટ અને શીત જળવાળાં નદી, નદ, ઝરાઓ, સરોવરો અને સજીવન પાણીવાળા (પાતાળમાંથી પાણી આવે એવા) કુંડા આદિ જળાશયોથી ભરપૂર હતું. તેમાં ચંપો, કેવડો, ગુલાબ, માલતી (ચમેલી) મલ્લિકા (મોગરો), જુઇ, અને બોલસરી આદિ સુગંધવાળા પુષ્પવૃક્ષોનાં ઘણાં વૃંદ હતાં. વળી તેમાં કેટલાંક પરાર્થજીવી (અન્યના ઉપયોગ માટેજ જેમનું જીવન છે એવાં) સર્વ ઋતુઓમાં ફલિત થનારાં, ફળોના ભારે નમેલી શાખાઓવાળાં

તથા વલ્કલ (છાલવાળાં) અને ભોજપત્રનાં વૃક્ષોનો પણ ઘણો સમૂહ હતો તેથી તે વનમાં પ્રતિદિન વસનારાં મેના, પોપટ, મોર, હંસ, ચાતક અને કોકિલ, એ મધુર સ્વરવાળાં પક્ષીઓના કર્ણપ્રિય, મીઠા અને મૃદુધ્વનિઓ નિરંતર થયા કરતા હતા : તેથી તે વન પોતાનો આશ્રય લેનાર [illegible]ાશ્રમીઓ, તપસ્વીઓ કે પ્રવાસીઓને તે મધુર સ્વરવાળાં પક્ષીઓના કૂજન (નાદ) વડે 'પધારો', 'ભલે પધાર્યા', તથા સ્વાગતમ્ (કુશલ પ્રશ્ન), એવા પ્રિય શબ્દ ઉચ્ચારથી કુશલસમાચાર પૂછવારૂપ વાઙ્મય સત્કાર (વાણીથી સત્કાર) કરતું હતું. જળાશયોનાં દર્શનદ્વારા તૃષાની શાંતિ કરતું હતું સુકાં પાનડાંના પથરાવાથી તેમને બેસવા માટે આસ્તરણ (બીછાનું) આપતું હતું પાકાં, મધુર અને સ્વાદિષ્ટ ફળોરૂપ ભક્ષા [illegible] ભોજન આપી તેમની ક્ષુધા નિવૃત્ત (શાંત) કરતું હતું. તથા તેમને જોઇતાં વલ્કલો (ઝાડની છાલો) પુરાં પાડી તેમના શીતાતપનું (ટાઢ તડકાનું) દુઃખ નિવારણ કરતું હતું; તેથી તે વન વિરક્તો અથવા આશ્રિતો (પોતાનો આશ્રય લેનાર)ને વિશ્રાંતિભવનરૂપ કિંવા દેવલોકોના નંદન વન સમાન આનંદદાયક હતું. તેથી તેમાં ઉપકુર્વાણ અને નૈષ્ઠિક બ્રહ્મચારીઓ યાયાવર અને શાલીન એ બે પ્રકારના ગૃહસ્થ વિપ્રો તથા કેટલાક નિરંતર તપશ્ચર્યા પરાયણ રહેનારા મુનિવરો, વૈખાનસ, વાલખિલ્ય, ઔદુંબર અને ફેનપ એ ચતુર્વિધ (ચાર પ્રકારના) વાનપ્રસ્થો, કુટિચક, બહૂદક, હંસ ને પરમહંસ એ ચાર જાતના સંન્યાસીઓ, અને કેટલાક સદા સ્વરૂપ ધ્યાનમાં નિમગ્ન રહેનાર સંયમ સિદ્ધ યોગીઓ વસતા હતા. તેમાં એક અતિ પુનિત (પવિત્ર) પ્રત્યક્ષ અચતુર્વદન (ચાર

મુખ વિનાના) બ્રહ્મા, અચતુર્ભુજ (ચાર હાથ વિનાના), વિષ્ણુ, અને અભાલ લોચન સદાશિવના પ્રતિનિધિ રૂપ સર્વાક્ષજિત નામે એક નૈષ્ઠિક બ્રહ્મચારી રહેતા હતા. જેઓ માત્ર દર્શનથીજ પાપોનું દહન કરવામાં અગ્નિ સમાન, અર્થીઓની આશાઓ પૂર્ણ કરવામાં કલ્પવૃક્ષ સમા , વિદ્યાઓની અપેક્ષાવાળાઓને સર્વ વિદ્યાઓના પ્રવર્તક મહેશ્વર (સદાશિવ) સમાન, ધર્મ જિજ્ઞાસુઓ (ધર્મ જાણવાની ઇચ્છાવાળા)ના પ્રત્યક્ષ મૂર્તિમાન ધર્મ, રોગીઓના પ્રત્યક્ષ ધન્વંતરી, જ્ઞાનરૂપી સમુદ્રના ચંદ્ર, યોગરૂપ કુમુદવનના (કમળના વનના) માર્તંડ (સૂર્ય), ભક્તિરૂપ અમરવેલના અમૃતરસરૂપ, આશ્રિતોના અભીષ્ટ વરરૂપ (વરદાનરૂપ) દરિદ્રીઓના નિધિનાથ (કુબેરભંડારી), સંસારના ત્રિતાપ (આધ્યાત્મિક, આધિભૌતિક ને આધિદૈવિક) થી દગ્ધ થયેલાને હિમરશ્મી (ચંદ્ર) સમાન, આશ્રિત સેવકોના અજ્ઞાનરૂપ ગાઢ અંધકારનું નિવારણ કરવામાં પ્રત્યક્ષ સૂર્ય સમાન, કૈવલ્યસાધનો (જ્ઞાન, યોગ કે ભક્તિ) નો ઉપદેશ કરવામાં બૃહસ્પતિ સમાન, શરણમાં આવીને અનન્ય ભાવે સેવા-શુશ્રૂષા કરનારા શિષ્યોને ચિંતામણિ સમાન, અને આત્મકલ્યાણની ઇચ્છાવાળાને પ્રત્યક્ષ શ્રીપરમાત્મા રૂપજ હતા.

પૃથ્વીનાં રજઃકણ, વર્ષાદનાં બિંદુઓ અને આકાશના તારાઓની ગણના કરવી બની શકે પણ એમના પુણ્યનો સંચય, એમનું સુદૃઢ બ્રહ્મચર્ય વ્રત, એમની તપશ્ચર્યા અને એમના યોગબળનો પ્રભાવ એટલાંની ગણના કોઇથી થઇ શકે તેમ નહોતું, છતાં પણ પોતે શ્રીવિષ્ણુ ભગવાનની પેઠે નિરંતર સર્વ પ્રાણીઓનું હિત ચિંતવતા પરોપકારને પોતાનું

શેષકાર્ય (બાકીનું કામ) સમજી પોતાના પરાર્થજીવી જીવનનો તે પરોપકૃતિ કરવામાંજ ઉપયોગ કરતા હતા.

પ્રથમ તો એમનું નામ તપોમૂર્તિ હતું; પરંતુ પછી તેમનું 'સર્વાક્ષજિત' એ નામ પ્રસિદ્ધ થયું હતું. તે વિષે આગળ એવો વૃત્તાંત બન્યો હતો કે, એક દિવસ મહામુનિ નારદજી સ્વર્ગમાં ગયા ત્યારે દેવરાજે (ઇંદ્રે) તેમનો અભ્યુત્થાન, પ્રણામ, પૂજન અને આસન આદિ સત્કાર પૂર્વક કુશળ સમાચાર પૂછીને કહ્યું કે હે દેવર્ષિ! વર્તમાનમાં ભારતવર્ષમાં કોઈ મોટો તપસ્વી, બ્રહ્મચારી અને મહાપુરુષની ગણનામાં લેવા યોગ્ય કોઈ પ્રતાપી પુરુષ છે? કે ઘોર કલિયુગના પ્રભાવે પૃથ્વી શૂન્ય થઇ ગઇ છે? ત્યારે શ્રી નારદ ઋષિએ કહ્યું કે હે સુરેન્દ્ર! જેને શ્રી વિષ્ણુભગવાને લીલાવિગ્રહો ધારણ કરી પોતાના ચરણારવિંદના સ્પર્શથી પરમ પુનિત કર્યો છે, એવો ભારતવર્ષ કદાપિ શૂન્ય થાયજ નહિ. વર્તમાનમાં પણ આનંદવર્ધન નામના વનમાં એક સુપ્રસિદ્ધ તપોમુર્તિ નામના નૈષ્ઠિક બ્રહ્મચારી છે. કે જેમણે સર્વ ઇંદ્રિયોનો જય કરેલો છે, જેથી તેમને સર્વ મનુષ્યો સર્વાક્ષજિત કહે છે. એમનું તપ એવું છે કે પૂર્વકાળમાં થયેલા દધિચી તથા વિશ્વામિત્રના તપથી લેશ પણ ન્યુનતામાં ગણાય એમ નથી. એ પ્રમાણે નારદજીનું કથન સાંભળી તેમના તપનો ઉત્કર્ષ (ચઢતી) સાંભળી ઇર્ષ્યાથી જેના હૃદયમાં દાહ ઉઠયો છે એવા ઇંદ્રે નારદના ગયા પછી પોતાની પાસે રંભા, મેનકા, તિલોત્તમા અને ઉર્વશી, એ ચારે મોટામાં મોટી, ચતુરમાં ચતુર, અને છળ પ્રપંચથી પરપુરુષોના મન હરવામાં કુશળ, અપ્સરાઓને બોલાવી આજ્ઞા કરી કે તમે ચારે જણીઓ પૃથ્વીપર ધવલગિરિ પર્વત સમીપના આનંદવર્ધન -

નામના વનમાં જાઓ, ત્યાં એક સર્વાક્ષજિત નૈષ્ઠિક બ્રહ્મ-ચારી રહે છે તેને તમે તમારી જેટ જેટલી કામકળા, ચ-તુરાઇ અને પુરુષનું મન હરવાની યુક્તિઓ હોય ને બધીનો ઉપયોગ કરી તપ તથા વૈરાગ્યથી ભ્રષ્ટ કરી તેમને એક તુચ્છ કામકિંકર, સ્ત્રીસેવક અને નિઃસત્ત્વ કરી નાખો જો તમે ત્યાં જઇ કાંઇ નહિ કરી શકો તો આ મારા વજ્રથી તમારા મા-થાના સહસ્ર કટકા કરી નાખીશ! ઇંદ્રની આ અતિ ભયંકર આજ્ઞા સાભળી એ ચારે અપ્સરાઓ ભયભીત થઇ તે આ-નંદવર્ધન વનમાં આવી ને પરસ્પર વિચાર કરવા લાગી કે હવે તો આપણો મૃત્યુકાળ સમીપજ આવી પહોંચ્યો. ઇંદ્રની આજ્ઞા પણ દુઃસહ છે, અને કામ પણ ઘણુજ દુષ્કર છે. આ-વા આબાલ બ્રહ્મચારી મોટા તપસ્વીને ચળાવવા તથા જે-મની હૃદયભૂમિમાં વૈરાગ્યના રંગોનો સુદૃઢ પટ લાગી રહેલો છે, તેમના ઉપર સ્ત્રી વિલાસનો રંગ જમાવવો એ કામ કાંઇ જેવું તેવું છે? ત્યારે તેમાં રંભા બોલી કે અરે બેનો!

राजा वेश्या यमो वह्निः प्राघुर्णो बाल याचकौ ।

परदुःखं नजानाति ह्यष्टमो ग्रामकंटकः ॥

ભાવાર્થઃ—રાજા, વેશ્યા, યમ, અગ્ની, પરોણો, બા-ળક, માગણ અને આઠમો ગામ શત્રુ, એટલાં પારકા દુઃખને જાણતાં નથી.

તેમાં ઇંદ્ર તો રાજા તેમાં પણ તે દેવનો રાજા, માટે એ-નામાં તો પારકા દુઃખની દયાનો ગંધ પણ હોય નહિ, કા-રણ જો એને પરાયા દુઃખનું ભાન હોય તો આપણને વજ્રનો ભય બતાવે? ને આપણે પણ મરણના ભયથી કેવું અધર્મ-અનીતિ ભરેલું અને દુર્ગતિ પમાડે એવું કામ કરવા આવી-

ઓ છીએ કે, પોતાના આત્માનું શ્રેયસ્ સાધવાનુ તો રહ્યું, પણ આવા મહાતપસ્વી કે જેઓ નીરંતર તપ-યોગ પરાયણ રહીને ભગવદ્‌ભજનમાં પોતાના સમગ્ર જીવનનો સદુપયોગ કરે છે, તેમને ભ્રષ્ટ કરવારૂપ વીઘ્ન કરવા આવીઓ છીએ; માટે પૂર્વોકત વાકયમાં કહ્યા પ્રમાણે આપણે પણ પર દુઃખ ન જાણનારી વેશ્યાઓજ છીએ, માટે આ અધમમાં અધમ અપ્સરાઓના અવતારને વારંવાર ધિક્કાર છે, કે જે અવતારથી લેશ પણ સુકૃત ન થતાં સમસ્ત જીવન પરતંત્રતાથી મહા પાપકર્મરૂપ કામ ક્રીડામાંજ વ્યતીત કરવું પડે છે.

રંભા કહે છે—હે મેનકા! હે તિલોત્તમા! હે ઉર્વશી! તમે સાંભળો. આપણે જે સાહસ કામ કરવા પગલાં ભરીએ છીએ તે પ્રાણાંત જેવાં સમજજો. ક્રોધી સર્પ પકડવો, ભૂખ્યો વાઘ ઝાલવો, પ્રજ્વાલત આગનમાં પ્રવેશ કરવો તથા હુલાહલ વિષનું પાન કરવું, એ બધાં કામ સુગમ છે; કારણ તે બધાં એકજ જન્મમાં અનિષ્ટ કરનારાં છે; અને આવા મહા પુરુષના અપરાધરૂપ જે પાપકર્મ તેનો તો અનેક જન્મ સુધી ભોગવતાં પણ અંત આવતો નથી તો આ કાર્યમાં આપણું શ્રેયસ્ કેવી રીતે થશે? અથવા કેવો માઠો પરિણામ આવશે? એનો વિચાર કરતાં મારા હૃદયમાં અતિશય ત્રાસ અને કંપ થાય છે. જો આપણું મરણ ઇંદ્રના વજ્રથી થયું હોત તો તે એકજ વારનું કષ્ટ ભોગવી છુટત; પરંતુ આવા મહાનુભાવ પુરુષના અપરાધથી જો મરણ થશે તો કેટલાય દિવસ યમપુરીમાં દારૂણ નર્કમાં સડવું પડશે. અરે બેનો! આવા સમર્થ ભજનશીળ પુરુષને આપણે સ્વર્ગમાં રહી એક તુચ્છ જીવન ભોગવવા ઇંદ્રના વજ્રથી ડરી વિઘ્ન કરવારૂપ મહા અધર્મના

કાર્યમાં પ્રવૃત્તિ કરીએ છીએ એ કેટલું બધું શોચનીય છે ? ધર્મનિષ્ઠ પુરુષોના દૃઢ નિશ્ચયનું વચન આ પ્રમાણે આપણે આ સમયે હૃદયમાં ઉપસ્થિત રાખવાનું છે; પણ ભૂલવાનું નથી

मपदि विलयमेतु राज्यलक्ष्मी-,
रुपरि पतन्त्वथवा कृपाणधारा ।
अपहरतु तरां शिरः कृतांतो,
मम तु पनो न मनागपैतु धर्मात् ॥

ભાવાર્થ:—કોઈ સ્વધર્મના ટેક વાળો આર્ય પુરુષ કહે છે કે, ' આ મારી રાજ્યલક્ષ્મી તુરત લય (નાશ) પામો; અથવા મારા ઉપર ઉઘાડાં ખડ્ગની ધારાઓના ઘા પડો; કાં તો કાળ આવીને મારા ધડ ઉપરથી માથું ઉપાડી લ્યો તથાપિ મારું મન જરા પણ ધર્મથી ચલિત થાઓ નહિ.

આ પ્રમાણે રંભાનાં ધર્મ-નીતિ યુક્ત વચનો સાંભળીને મેનકા બોલી કે—હા, બેન ! તમે કહો છો તે બધું યથાર્થ છે, પરંતુ તે તપોમૂર્તિ મહાત્મા દયાના સાગર છે, રાગ-દ્વેષ રહિત નિર્મળ હૃદયના છે, તથા અકારણ કૃપા કરવામાં ઉદારચિત્ત છે, એમનાથી કોઇ પણ પ્રાણીને લેશ માત્ર પણ દુઃખ થતું નથી છતા પણ જ્યારે તેઓ આપણા અપરાધને ધ્યાન પર લઇ આપણને શાસન કરવા પ્રવૃત્તિ કરશે ત્યારે આપણે તેમની પાસેથી ઘણી સરળતાથી દીન અબળાઓ બની જઇ ક્ષમાદાન માગી લઇશું; કે તે આપવામાં પોતે ઘણા ઉદાર છે, જેથી આપણે નિર્ભય થઇશું. તેમના હૃદયમાં ક્યારે પણ ક્રોધનો આવિર્ભાવ તો થતો નથી છતાં અકસ્માત તે ક્રોધયુક્ત બની આપણને પ્રાણાંત શિક્ષા કરશે તોપણ તે પવિત્રાત્માનાં દર્શન થતા આપણો દેહોત્સર્ગ થશે

તો આપણે આ અધમ અને આળ ગર્હિત (નિંદ્ય) અવતારોથી છૂટી સદ્‌ગતિ પામીશું: પણ અસદ્‌ગતિ તો નહિજ થાય.

ત્યારે તિલોત્તમા બોલી કે—ગમે તેમ થશે પણ આપણે ચારે જણીઓ આ કામમાં વિજય નહિ મેળવતાં કેવળ દુઃખની ભાગીયણો થઇ નિષ્ફળ થવાનીઓ છીએ. કારણકે આપણું પ્રાબલ્ય ચાલે એવું આ પાત્ર નથી. ભલભલા દેવ, દૈત્ય, ઋષિ મુનિ, તપસ્વી, યોગી, બ્રહ્મચારી, વની (વાનપ્રસ્થ), સન્યાસી અને સાધુપુરુષોને ચળાવ્યા છે પણ આ મહાત્મા કોઇ જુદાજ છે; અહીં આપણો ગજ વાગે તેમ નથી. 'પોતાનું સ્વર્ગસમૃદ્ધિથી ભરપુર દેવોના અધિપતિપણનું મારું મહા સુખ, કોઇ મારાથી સુકૃતમાં વધી જશે તો તે લેઇ જશે ને હું સ્વર્ગના રાજ્યનું સુખ ખોઇ બેસીશ.' એવા ભયથી બળતા ઇંદ્રે અદેખાઇને લીધે આપણને આ તપોમૂર્તિને છળવા મોકલીઓ પણ અંતે આ કાર્યમાં ઇંદ્ર પોતેજ પસ્તાશે; ને આપણો સર્વ પ્રયત્ન નિષ્ફળ જશે.

આપણો પ્રયત્ન તો જેનું હૃદય સત્ય સત્ય સમજવાના વિવેકથી શૂન્ય હોય, ત્યાં સફળ થાય છે. જેમ નિશાચરીઓનું પ્રાબલ્ય અંધારી રાતમાંજ ચાલે છે, તેમ આપણી સત્તા પણ જેમની હૃદયરૂપી ગુફામાં મોહરૂપ ગાઢ અંધકાર છવાઇ રહેલો હોય ને તેમાં કામપાશાચ ધુરક્યા કરતો હોય ત્યાંજ ચાલે છે. માટે જે હૃદયોમાં કામ, મોહ અને વિષયતરંગનાઓ વારંવાર ઉદ્‌ભવતી હોય ત્યાં આપણું સામર્થ્ય ચાલી શકે છે; અન્યત્ર નહિ. માટે આપણે આપણું પ્રાબલ્ય પ્રકટાવવાનાં સ્થળોનો વિચાર કરવો જોઇએ. કેવા પુરુષો સ્ત્રીઓની મોહજાળમાં ફસાય છે! તથા કેવા પુરુષો કામકિંકર બની સ્ત્રીઓરૂપી મદારીઓના મર્કટ બને છે! તે તમારી પાસે કહું છું:—

જે પુરુષોનું મન ઉન્મની ભાવને પામેલું હોય તથા જેમનું લક્ષ્ય નિરંતર પોતાના મન ઉપર રહેલું હોય તે પુરુષો મોહજાળમાં ફસાતા નથી, જેમનું મન નિરંતર વશ વર્તતું હોવાથી તેમની ઇંદ્રિયોની વૃત્તિઓ સ્વચ્છંદી બની સ્વતંત્રપણે વિષયોના માર્ગમાં દોડતી ન હોવાથી તે પુરુષો મોહવાસનામાં બંધાતા નથી. જેઓ ક્ષણે ક્ષણે મનમાંથી ઉઠતા શુભાશુભ વિચારોમાં અશુભ વિચાર પર હુમલો કરી તેને અટકાવી નિર્મૂળ કરે છે, ને શુભ વિચારોને પોષણ આપે છે, તેઓ ક્યારે પણ મોહલુબ્ધ થતા નથી જે પુરુષોનાં મનોએ સ્થિર થઇ પરમતત્ત્વનો અનુભવ કર્યો હોય છે, કરે છે, તથા તે કરવાને પ્રયત્નશીળ રહે છે તે પુરુષોનાં હૃદયો મોહના શૂળ (ભાલા) થી ભેદાતાં નથી. જેઓ પ્રતિક્ષણ પરમતત્ત્વના અનુસંધાનમાં તત્પર રહેતા હોય તેમના હૃદયમાં કામ પ્રકટ થતો નથી. જેઓ સંકલ્પોનો રોધ કરવા શકિતમાન છે તેમને કામવાસના રૂપ રાક્ષસી પોતાનુ ભક્ષ્ય કરી શકતી નથી જેઓ સર્વે પ્રાણી માત્રમાં આત્મભાવજ જુએ છે તેમનાં હૃદયોમાં કામવાસના સ્ફુરતી નથી. જેમને આ અનુકૂળ છે ને આ પ્રતિકૂળ છે, એવી બુદ્ધિ હોતી નથી તેમનાં હૃદયોમાં મોહ ઉત્પન્ન થતો નથી વધસ્થાને (ફાંસી કે શૂળીએ ચઢાવવાના ઠેકાણે) લઇ જવાતા અપરાધીને જેમ કોઈ પણ ભોગવાસનાઓ સ્ફુરતી નથી તેમ જેઓ મૃત્યુ પોતાના મસ્તક ઉપર નિરંતર આરૂઢ જુવે છે તેમના હૃદયમાં વિષયેચ્છાઓ ઉપજતી નથી. જેઓ નિત્ય સાત્વિક, શુદ્ધ, પથ્ય અને મીત આહાર કરે છે, તેમને કામ વ્યથા કરી શકતો નથી. આવા પ્રકાશ અંતઃકરણ

વાળા પુરુષો પાસે ગમે એવી કામકળાપ્રવિણ સ્ત્રી પોતાનાં પ્રપંચશસ્ત્રોનો ઉપયોગ કરે પણ તે જેમ વિશ્વામિત્રનાં શસ્ત્રો મહાનુભાવ વસિષ્ઠ મુનિના બ્રહ્મદંડમાં વિલય થઇ ગયાં હતાં, તેમ તે પ્રપંચશસ્ત્રોનો પણ તે દૃઢ વૈરાગ્ય રૂપ દંડમાં વિલય થઇ જાય છે.

કુશળ કામરૂપ કસાઇએ વિસ્તારેલી (ફેલાવેલી) સ્ત્રી મોહરૂપ જાળમાં ફસાઇને કેવા કેવા પુરુષરૂપ પક્ષીઓ તેના ભોજનરૂપ બને છે ? તે વિષે પણ કહું છું:—

કોમળ સ્વરવાળી સ્ત્રીઓનાં ગીત તથા આલાપો સાંભળી જેમના કાન ચમકી ઉઠતા હોય તે પુરુષો બ્રહ્મચર્યરૂપ મહાવ્રત પાળવા ભાગ્યશાળી બનતા નથી. જે પુરુષોનાં ચંચળ નેત્રો પરસ્ત્રીઓનાં મુખ જોવા સદા આતુર રહેતાં હોય તે પુરુષો કદાપિ ઉર્ધ્વરેતા થઇ, કોઇ પણ તપ, અનુષ્ઠાન કે યોગની સિદ્ધિ મેળવી શકતા નથી. જેમની નાસા ઇંદ્રિય સ્ત્રી શરીરમાંથી પ્રસરેલા સુગંધનો અનુભવ કરી હૃદયમાં વ્યથા ઉપજાવતી હોય તેઓ કદાપિ શીલસંપન્ન થતા નથી. જેમની રસના (જીભ) ઘણા ખારા, ખાટા, તીખા—તમતમા, રાઇ, મરચાં અને તેલવાળા પદાર્થો, તથા લસણ અને ડુંગળી આદિ તમોગુણી પદાર્થોનો સ્વાદ લેવા નિત્ય વળખાં માર્યા કરતી હોય તે પુરુષો અસ્ખલિત બ્રહ્મચર્ય પાળી શકતા નથી. જે પુરુષોની ત્વચા ઇંદ્રિય (ચામડી) પરસ્ત્રીઓના અંગસ્પર્શ માટે ઉત્તેજિત રહી પ્રતિક્ષણ સ્પૃહાવાળી રહેતી હોય તેઓ ઉભય લોકથી ભ્રષ્ટ તથા પતિત થયેલાજ સમજવા. જે પુરુષો શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ, એ પાંચમાંના કોઇ પણ વિષયમાં અત્યંત આસક્ત હોય છે તેમના હૃદયમાં ભોગવા-

સનાનું અખંડ સ્ફુરણ થતું હોવાથી તેઓ શંભુવ્રત પાળવા સુભાગી બનવાનો ઘણો અસંભવ જાણવો. જેઓ અત્યંત રાજસી તામસી પદાર્થો અથવા ઘણા ઘીવાળા ભારે પદાર્થોનો આહાર કરે છે, કિંવા અનિયમિત આહાર-ઉંઘ લેનારા છે, તેમનાથી બ્રહ્મચર્ય પાળી શકાતું નથી. જેઓને પરસ્ત્રીઓના સહવાસમાં રહેવું ગમે છે, સ્ત્રીઓની સાથે આંખેઆંખ મેળવી વાત કરવાની ટેવ છે, કિંવા ટોળ ટીખળ કરી હાથ તાળીઓ લઇ-આપી ઠેકડી-મશ્કરી કરવી ગમે છે, તેઓ નામના બ્રહ્મચારી ગણાવામાં પણ યોગ્ય મનાતા નથી. જેઓને પરસ્ત્રીઓ સાથે એકાંત કરવું ગમે છે, તથા તે એકાંતમાં સ્ત્રીઓનાં વદનકમળ જોવાતાં જેમને એક સામટો ઉન્માદ (ગાંડપણ-નિશો-કેફ) થઇ જતો હોય એવા પુરુષ પશુની ચક્ષુઓ (આંખો) તે સ્ત્રીરૂપ કસાઇ કટાક્ષરૂપ કટારની અણીવડે ફોડી નાખી તેને નિરંતર પોતાનો ક્રીતસેવક (ગુલામ) બનાવી દેછે. એકાંતમાં સ્ત્રીઓનું સામીપ્ય (નિકટવર્તીપણું) બનતાં જેમના શરીરમાં તાપન-ઉષ્ણતા થઇ આવતી હોય, શરીર તપી જતું હોય, તથા શોષણ-શોષ થતો હોય, કંઠ સુકાતો હોય, શરીરમાં સ્તંભન જડતા થવાથી સંમોહન-મોહમૂર્છાથી બેભાન બની પરતંત્ર થઇ જતા હોય, તેવા પામર જનોરૂપ પતંગીઆં સ્ત્રીરૂપ દીવાની જ્યોતિમાં પોતાનાં અમૂલ્ય શરીરો હોમી કાળના કવળ (કોળીઆ) બને છે, તેવા પુરુષોને તો બ્રહ્મચર્ય કે શીલ નામનો ઉચ્ચાર કરવાનો પણ અધિકાર નથી. કોઇ પણ યુવતીનો સહવાસ થતાં જેમના મનમાં ભોગવાસનાઓ સ્ફુર્યા કરતી હોય, તેના સામું જોઇ આંખો ચળી જતી હોય, મોઢું મલકાઇ જતું હોય, બોલવા ન બોલવાનું

ભાન જતું રહેતું હોય, બોલવા જતાં ગળામાં કફ ભરાઇ જવાથી વાણી વિકૃત થતી હોય, બોલતાં અક્ષર તૂટી જતા હોય, શરીરમાં રોમાંચ થતાં હોય, અંગો શિથિલ થઇ જતાં હોય, હું કોણ? આ કોણ? મારા મનમાં શો વિચાર થાય છે? હું શુ કરવા ધારૂં છું? આ એકાંત છે, છતાં વિશ્વનિયંતા વિભુસ્વરૂપે સર્વત્ર વ્યાપ્ત છે, મારા અને આ જેને હું ભોગ્ય માનું છું તે સ્ત્રીના હૃદયમાં અંતર્યામિ છે, તેઓ આ કુકર્મના સાક્ષી છે, હું કોના ઉપર આ અઘટિત કુત્સિત ક્રિયા કરવા તત્પર થયો છુ? આ એકાંતમાં આવેલી સુંદર યુવતી મારૂંજ સ્વરૂપ છે, એના અને મારા બંનેના સ્થુળ સૂક્ષ્મ શરીરોનું કારણ આ પંચમહાભૂતો છે, ને એનામાં ને મારામાં સત્તા સ્ફુર્તિ અને પ્રકાશનુ કારણ જે આત્મા છે તે બન્નેનો પ્રકાશક સત્ ચિત્ અને આનંદરૂપ છે તે આત્મા તો બન્નેમાં એકજ છે. આવા સદ્વિચાર રૂપ દીવાને પોતાના હૃદય રૂપ ઓરડામાં શમ (ગુલ-બંધ) કરી જે પામરો સ્ત્રી શરીરના સ્પર્શને ઇચ્છે છે, તેવા પુરુષો કામના કીડા સમજવા. કે જેઓ કુકર્મથી યમપુરીમાં કુંભિપાકાદિ નર્કમાં નિરંતર રંધાયા કરે છે. જે પુરુષો પ્રસિદ્ધ કે છાનું મદિરાપાન કરે છે, તે પુરુષો નિચ જાતિની સ્ત્રીના પણ મજુર બની રહે છે. જેઓ ભાંગ, અફીણ, આફુની, માઝમ અને ચડસનું સેવન કરનારા છે તથા ઉપરા ઉપરી ગાંજાની ચલમો ફુંકનારા છે તેવાઓ કદાચ નામે બ્રહ્મચારી કહેવાતા હોય પણ તેમને ને બ્રહ્મચર્યને તો પૃથ્વી અને આકાશના કરતાં પણ અધિક અંતર (ભેદ) હોય છે. કારણકે માદક વસ્તુઓનું સેવન કરનારા પ્રાણીઓનું ચિત્ત ક્ષણે ક્ષણે મદ (નિશા) ને વશ થવાથી

શદ્વિચારના સાધનરૂપ હૃદય ભૂમિપર અંધાર પછેડો પડે છે, જેથી હૃદય શૂન્ય બની જતાં હૃદયમાં તમોગુણનો ભારે અંધકાર વ્યાપી જાય છે, જેથી તે વ્યસનીઓને પોતાના શરીરના બેભાન સાથે વ્યવહાર ઉદ્યોગ અને દૈહિક ક્રિયાનુંજ ભાન રહેતું નથી; તો જે અત્યંત ચિત્તની એકાગ્રતા પૂર્વક ભગવત્સ્વરૂપનું ધ્યાન, બ્રહ્મવિચાર અને હૃદયમાં વૃત્તિઓનો નિરોધ, એ પારમાર્થિક કિંવા આત્મકલ્યાણનાં સાધનો બનવાનો તો લેશ પણ સંભવ હોતોજ નથી. ને એવા માદક વસ્તુઓના વ્યસનવાળા પુરુષોથી વારવાર વાસનાક્ષય તથા સ્ત્રી વિષયક વિચારના વિસ્મરણથીજ સચવાતા બ્રહ્મચર્યવ્રતની વાત તો વંધ્યાપુત્ર જેવી નિરર્થકજ સમજવી. વિરક્ત છતાં જેમને મૃદંગ, સીતાર, સારંગી, તંબુર, પ્યાના અને ફીડળ વગેરે વાદિત્ર (વાજાં) ઉપર પ્રીતિ હોય તથા નાના પ્રકારના રાગરાગિણીઓમાં આસક્તિ હોય તેવાઓથી સાધુપણાનું કે બ્રહ્મચર્યનું સંરક્ષણ સો જન્મે પણ કરી શકાતું નથી. સંગીતના શોખી અને ગીતવાદ્યથી ગાંડાઘેલા બનનારાઓ બ્રહ્મચારી થઇ શકતા નથી આમંડળનો સહવાસ સેવનારા ને સ્ત્રીઓનાં ગીતોથી હર્ષ પામતા પુરુષો બ્રહ્મચર્યથી ઘણા અંતરવાળા (દુર રહેલા) જાણવા. અનિયમિત આહાર કરનારા, બહુ નિદ્રા લેનારા, આળસુ, પ્રમાદી અંતરમાંથી ઉઠતી અનેક પ્રકારની વિચારપરંપરાને નહિ રોકી શકનારા પુરુષોથી બ્રહ્મચર્ય પળાતું નથી. પોતાના શરીરે તેલ-ફુલેલનું મર્દન કરનારા, માથે મોટી જટા જહ્ઞાં કે ગુચ્છા રાખનારા, મોટી મોટી મુછ રાખનારા અનેપોતાના કેશોમાં સુગંધવાળાં તેલો નાખી ઓળી ટાપટીપ કરી મોમાં પાન-સોપારી ભરી ગાલ ફુલાવી છેલછટાક બની ફરનાર

શકો બ્રહ્મચર્યથી મેળવાતા અમૂલ્ય લાભો પામવા નિરંતર નિભાગી રહે છે. જેઓને આ નશ્વર (નાશ પામનારા) શરીરમાં મોહ રહેવાથી શરીરને સારા વસ્ત્રાલંકારથી શણગારી ફરવામાં આસક્તિ રહેલી છે, ને સાદાઇ ગમતી નથી તેઓથી બ્રહ્મચર્ય પળાતું નથી. જેઓ બે વાર ભોજન કરનારા છે તથા રાત્રિએ ઘણા ભારે અને તીખા-તમતમા, તેલ, મરચા અને ખટાઈવાળા પદાર્થોનું અશન કરનારા છે તથા નિરર્થક સાચાં જુઠાં ગપ્પાં મારી મોડી રાત્રે સૂઈ રહેવાની ટેવ છે ઇત્યાદિ તેઓથી બ્રહ્મચર્ય પળાતું નથી. જેઓ અનેક પ્રકારના શરીરમાં ઉષ્ણતા વધારી ઇંદ્રિયોમાં ચંચળતા ઉત્પન્ન કરનારા ચા, કોફી કે કોકો આદિ પ્રપાનકોનું અનિયમિત પાન કરનારા છે તેમનાથી બ્રહ્મચર્યનું રક્ષણ થઇ શકતું નથી. વિષયી જનોના સંગ સેવનારા નાટકો જોવામાં પ્રીતિવાળા, શૃંગારરસમાં ઉત્સુક રહી શૃંગારી પુસ્તકો વાંચવામાં પ્રીતિવાળા તથા સ્ત્રીવિષયક વાર્તાઓથી પ્રસન્ન થનારાઓથી ક્યારે પણ બ્રહ્મચર્ય પાળી શકાતું નથી. સ્ત્રિયોની ચિકિત્સા કરનારા, મારણ, મોહન, ઉચ્ચાટન અને વશીકરણ વિદ્યા શિખવામાં મોહવાળા, વામમાર્ગના આશ્રય કરનારા અને સ્ત્રિયોનાં અંગોનું નિરીક્ષણ કરવામાં ચતુરાઈ માની પ્રસન્ન રહેનારા નિચ મનુષ્યો બ્રહ્મચર્યથી ઘણા અલગ હોઇ રૌરવાદિ નર્કોને સાર્થક કરવામાં અગ્રગણ્ય જાણવા. સ્ત્રી શરીર અગ્નિની જ્વાલા સમાન અને પુરુષ ઘૃતપાત્ર સમાન છે; માટે અગ્નિની જ્વાલા સમીપ રાખેલું ઘીનું પાત્ર તાપથી જેમ પીગળ્યા વિના રહેતું નથી, તેમ એકાંતમાં કોઇ સુંદર સ્ત્રી શરીરનો સન્નિકર્ષ (નિકટવર્તીપણું) થતાં તુરતજ પુરુષના હૃદયમાં ભોગ વાસના સ્ફુરે છે, ને તુરતજ કામાગ્નિ પ્રકટ

થતાં તેનું શરીર એકાએક તપી જાય છે, જેથી ઇંદ્રિય ચાંચલ્ય ઉપજી ભલભલા શરવીરનું શૌર્ય સરી જાય છે, બલવાનનું બલ બળી જાય છે, વિદ્વાનની વિદ્યા અવિદ્યા થાય છે, વૈરાગીના વૈરાગ્યમાં આગ્ય ઉઠે છે, તપસ્વીના તપની ગપ થાય છે, યોગીના યોગનો ભોગ થાય છે. અને ગુણવાનના સર્વ ગુણો ગુમ થઇ જાય છે. પણ આ તપોમૂર્તિ યોગી તેવા નથી. માટે બેનો! આપણુ ત્યાંરે તેમની પાસે નિષ્ફળ થવાનીઓ છીએ. એતો સાક્ષાત્ બીજી શ્રીસદાશિવની પ્રતિમા છે બેનો! પૂર્વ-વૃત્તાંત સંભારો, આપણે ગમે તેવા કામલીલા વિસ્તારવામાં પ્રવીણ છીએ, પણ આપણા મુખ્ય નાયક રતિનાથ કામદેવ જેટલું તો આપણું સામર્થ્ય નહિજ. એવે દૈવી શક્તિઓવાળા કામદેવે મહાદેવજીને મોહ પમાડવા જેવા અઘટિત કાર્યમાં પ્રવેશ કર્યો તો તેઓશ્રીના કોપાગ્નિથી ભસ્મ રૂપ થવું પડયું. તે આ પણ શ્રી મહાદેવજીનાજ પ્રતિનિધિરૂપ છે; માટે એમનો કોપ આપણને કેવીએ દુર્દશા પમાડશે? માટે બેનો! મને તો એમની પાસે જતાં હૃદયમાં કંપ, ગાત્રોમાં શિથિલતા, અને પગમાં ધ્રુજારો થાય છે. બેનો! બીકણ માણસ ભય પ્રાપ્ત થતાં જેમ શિથિલ થઇ જઇ સ્થિર બની ભયના ભોગરૂપ થાય છે, તેમ જે પુરુષ સ્ત્રીનું દર્શન થતાંજ તેના તેજથી અંજાઇ શિથિલ બની દબાઇ જઇ બોલવા ન બોલવાના ભાગ્યા તૂટયા અક્ષરો બોલવા લાગે છે, હૃદય વિચારશૂન્ય બને છે, છતી આંખોએ અંધત્વ પ્રાપ્ત થાય છે, છતા કાને બહેરો બને છે ને પૂર્વાપર વિચારભ્રષ્ટ બની સ્ત્રીની ઇચ્છા નહિ છતાં પણ અકાર્ય કરવાના સંકલ્પોના પૂરમાં તણાઇ નિંદ્ય કાર્યમાં સાહસી બનવાની અણી ઉપર આવી જઇ તે સ્ત્રીનો દાસ રૂપે

પ્રાર્થના કરવા મંડી જાય છે તથા જે શુષ્ક બ્રહ્મજ્ઞાની બની વેદાંતના વિચારસાગર, વૃત્તિપ્રભાકર તથા તત્ત્વાનુસંધાન જેવા અથવા બીજા આકર ગ્રંથો જે સર્વત્ર બ્રહ્મની વ્યાપ્તિ દર્શાવનારા છે તેના આશયને ભૂલી જઇ તે ગ્રંથો વાંચી વિચારી શિષ્યોને ભણાવવાની કુશળતા પ્રસિદ્ધ કર્યા છતાં કોઇ દુષ્ટ સ્ત્રીને એકાંતમાં બોલાવી પોતાની ઉપસ્થ ઇંદ્રિયમાં ભમાવેલા અપાન વાયુથી પ્રેરાઇ સર્વત્ર બ્રહ્મનો સિદ્ધાંત ભૂલી જઇ અંધ બની દુષ્ટ કર્મ-જાર કર્મ કરવાની અભિલાષા રાખે છે કે હસ્તક્રિયાથી પ્રસન્ન થાય છે કે પ્રત્યક્ષ તે કર્મ કરે છે એવા નરકકીટ (નરકના કીડા) રૂપ પુરુષો આગળ આપણો પ્રયાગ સફળ થાય છે. માટે આ એવા નહિ; પણ આ તો કાળના પણ કાળ રૂપ અને ઇંદ્ર જેવા અલ્પ ને રંક જીવો તો જેના આગળ ઘણાજ તુચ્છ અંતવ. જેવા જંતુ મનાય છે, એવા આ મહાપુરુષ તો ત્રિદેવો (બ્રહ્મા, વિષ્ણુ અને શંકર) સમાન, અપાર ઐશ્વર્યસંપન્ન અને જગદ્વંદ્ય મનાય છે, માટે એમની પાસે હે બેનો! કાંઇ પગ સાહસ કરવું એ ઘણું ભીતિ ભરેલું જાણજો.' એ પ્રમાણે તિલોત્તમાએ કહ્યું.

ઉપર પ્રમાણે તિલોત્તમાનું કથન સાંભળી કંઇક ગર્વિષ્ઠ સ્વભાવવાળી રંભા બોલી,-હા એ તો બધુંય ખરું; પણ આપણે જે કામે આવ્યાં તેમાં જો પ્રપંચ કરી મરણની બીક રાખી આપણે આપણા સ્વામી ઇંદ્રનું કાર્ય સાધ્યા વિના પાછાં જઇએ તો પણ દોષભાગી તો થઇએજ કની? ને નીતિશાસ્ત્ર કહે છે કે જે 'સ્વામીના કાર્ય માટે પોતાના પ્રાણ ત્યજે છે તેને સનાતન (અખંડ) લોકની પ્રાપ્તિ થાય છે.' માટે બેનો! આ

પણે હજુ આગળ આગળથી અનાગત ભયની ચિંતા કરવી એ યોગ્ય નથી. ઈશ્વરે જે જાતિમાં જન્મ આપ્યો તે જાતિના ધર્મ કર્મનું ઉલંઘન કરી અન્યથા વર્તન કરીએ તો તેથી પણ ઈશ્વરેચ્છાની અવજ્ઞા થવાથી તે પ્રભુનાં અપરાધી થઈએ. બેના ! જુઓ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર, એ ચાર જાતિના મનુષ્યોમાં શૂદ્ર, બ્રાહ્મણ ક્ષત્રિય અને વૈશ્યનાં વર્તનો આચરે વૈશ્ય, શૂદ્ર, બ્રાહ્મણ ને ક્ષત્રિયનાં આચરણો આચરે ક્ષત્રિય, વૈશ્ય શૂદ્ર તથા બ્રાહ્મણનાં કર્તવ્યો સેવે અને બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય કે શૂદ્રના આચારો પાળે, તેમાં ધર્મવિલોમતા (ધર્મનું વિપરીતપણું) કિંવ ધર્મસાંકર્ય (ધર્મોનું મિશ્રપણું) થતાં સર્વ શાસ્ત્રોક્ત યથેષ્ટ ફળ નહિ પામતાં વિપરીત ફળનાં ભાગી થઈ અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ આ લોક પરલોકથી ભ્રષ્ટ) થવાય છે. માટે આપણે પણ પૂર્વના અત્યંત ભોગ પ્રારબ્ધથી જે દેવઅપ્સરાઓના અવતાર પામેલીઓ છીએ તે અવતારોથી આપણા સ્વાભાવિક ધર્મરૂપ જે મોટા મોટા તપસ્વી, પુણ્યાત્મા, યોગીઓને આપણા હાવ, ભાવ, અભિનય, કટાક્ષ આદિ સુંગાર ચેષ્ટાઓથી મોહ ઉપજાવી તેમનું મન હરણ કરી તેમની સાથે સંભોગ કરી, તેમના બ્રહ્મચર્યને ભંગ કરી, તપ, પુણ્ય ને યોગથી ભ્રષ્ટ કરી, આપણા સ્વામી મહેન્દ્ર (ઇંદ્ર)ને પ્રસન્ન કરી તેને પ્રિય થઈ ઘણા માન સાથે પારિતોષિક (ઇનામ) મેળવવું એ આપણું ઇષ્ટ કર્તવ્ય છે. છતાં તેનો ત્યાગ કરી તે તપોમૂર્તિ બ્રાહ્મણના શાપથી કે તેના પરાક્રમથી ડરીએ અથવા તેણે ઘણા શ્રમવડે સાધેલા ઇન્દ્રિયનિગ્રહ, ઉર્ધ્વરેતાપણું, અખંડ બ્રહ્મચર્ય અને સુદૃઢ સંયમ ઉપર લક્ષ્ય

આપી તેને તેથી ભ્રષ્ટ કરીને દુખી કરવાની દયા રાખી ઈંદ્રરૂપ સ્વામીનું કાર્ય બિગાડીએ એ આપણને શું ઘટિત છે? કદાપી નહિ! માટે બેનો! નિરુત્સાહ કેમ બનો છો? આપણે આપણો જાતિધર્મ બજાવવો છે. ને તેમાં પણ એવા વ્રતી, બ્રહ્મચારી, તપસ્વી કે યોગીની ખરી કસોટી કરવા સારું તો શ્રીજગદીશ્વરે આપણું નિર્માણ કરેલું છે. જેમ કસોટીએ ચઢેલું કાંચન અને સરાણે ચઢેલાં રત્નો મોટા મૂલ્યવાળાં ગણાય છે, તેમ આપણા પંજામાં આવીને જેઓ નિર્વિકારી રહે છે તેજ ખરા તપસ્વી, બ્રહ્મચારી અને યોગી ગણાય છે; ને એવા પુરુષોજ ત્રિલોકવંદ્ય, પ્રભુકૃપાના પાત્ર અને ધન્યવાદ દેવાને યોગ્ય મનાય છે. સમરાંગણ (યુદ્ધભૂમિ)માં જઇને જે વીર પ્રતિપક્ષી (સામા શીરુ)ની દયા લાવી પોતાના બળ અને શસ્ત્રોનો ઉપયોગ ન કરે તે જેમ ઉપહાસ્ય(હાંસી)નું પાત્ર થાય છે તેમ આપણે પણ આપણાં સમગ્ર સ્ત્રીચારિત્રોનો ઉપયોગ કર્યાવિના પાછાં જઈશું તો સ્વર્ગમાં આપણી પણ હાંસી થશે, ને ઇંદ્રનું શાસન (શિક્ષા) ભોગવવું પડશે, તે જુદું; માટે બેનો સાવધ થાઓ ને જેને જે યુક્તિ આવડે તેનો ઉપયોગ કરી તે તપોમૂર્તિ યોગીને તેના તપથી ચલિત કરો. આ કાર્ય આપણે ચારે જણીઓ થઇને સાધવાનું છે માટે આપણામાંથી ગમે તે આ કાર્ય સિદ્ધ કરે ને તેને જે સુરેન્દ્ર (ઇન્દ્ર) પાસેથી પારિતોષિક (ઇનામ) મળે તેમાં આપણ ચારેનો સરખો ભાગ. આ પ્રમાણે રંભાનું વચન સાંભળીને બીજી મેનકા, તિલોત્તમા અને ઉર્વશી બોલ્યાં કે હા, બેન! પ્રમાણ; તમે કહોછો તે પ્રમાણે અમારે સર્વને માન્ય છે. આ કાર્યમાં આપણ ચારેએ નિષ્કપટ ભાવે પોતપોતાથી બનતો પ્રયત્ન કરવામાં ન્યૂનતા રાખ-

વી નહિ; પણ આ કાર્યમાં જે વિજય મેળવે ને તેને જે ઇંદ્ર-મહારાજ સારો લાભ આપે તેમાં આપણુ ચારેનો સરખો ભ.ગ. ત્યારે ઉર્વશી બોલી કે-ભાગની વાત તો સમજ્યાં; પણ હવે આ એ તપોમૂર્તિને છળવાના ભગીરથ પ્રયત્ન જેવા કાર્યમાં પહેલો ભાગ લેવા કેઇ તત્પર થાય છે? તે સાભળીને રંભા સગર્વ વચન બોલી કે—કોણ ભાગ લેશે? તે જે લેની હશે તેજ લેશે. તમારા જેવી બીકણ બિલાડીઓથી શું થવાનુ છે? આ પહેલો ભાગ લેનારી તો રંગભરી રસીલી રંભા તૈયરજ થઇને બેઠી છે. દરિયામાં રહેવું ને મગર સાથે વેર,ને એ શું કામ આવે! જો ફાવીશુ તો તો એ સુદૃઢ શરીરવાળા મહા તેજસ્વી બ્રહ્મચારીને વશ્ય કરી તેની સાથે નિરંતર ભોગવિલાસથી ઇંદ્રિયોને તૃપ્ત કરી આ દેવાંગનાના શરીરને સફળ કરીશું; ને નહિ ફાવીએ તો પછી જે થવાનું હશે તે થશે. એવા સુદૃઢ બ્રહ્મચર્યનું સેવન કરી બળ-વીર્યની વૃદ્ધિ પામેલા દૃઢાંગ પુરુષથી જે સુખ સ્ત્રીને મળે છે, તે મોટા શેઠ શાહુકાર, રાજા-મહારાજા અને સુરેન્દ્રથી પણ મળતું નથી. સર્વ ભોગ વિલાસાદિ સાંસારિક સુખનું મૂળ બ્રહ્મચર્યજ છે. માટે જ્યાં સુધી એ મહાસુખની ભોક્તા હું થઇશ ત્યાં સુધી બીજી એકેની આશા સફળ થવા દઇશ નહિ. એ પ્રમાણે વાત કરતામાં સામેથી બે અતિ સુંદર સ્ત્રીઓને પોતાના ભણી આવતી જોઇ, ને તે ચારે અપ્સરાઓ પરસ્પર બોલી કે અરે આ શું? આ તપોમૂર્તિ તપસી તો લપસી પડયા હોય એમ જણાય છે. ત્યારે ઉર્વશી બોલી કે હા, છે તો એમ; એ સામેથી બે ચોર આવે છે, તેજ તે મુનિના તપોયોગરૂપી ધનની ચોરી કરીને જતા હોય એમ જણાય છે. ત્યારે રંભા બોલી કે ત્યારે

શું મગ મનો થો તે મનમાં ને મનમાંજ ઉપજીને લય પામ્યા કે શું? એ બેને આવતી જોઇને તો મારૂં હૃદય ધડકવા લાગ્યું છે. અત્યારે વરમાં એ બે મારી સોકયો કયાંથી આવી? એ પ્રમાણે એ ચારે અપ્સરાઓમાં સંવાદ થતામાં તો તે બે અપ્સરાઓ તેમની પાસે આવી; તેમાં એક તો શ્રીવિષ્ણુ ભગવાનના અંશાત્મક (અંશરૂપ) તથા વિભુતિરૂપે ગણાતી પૂર્વચિતિ અપ્સરા હતી; ને તેની સાથે બીજી પ્રમ્લોચા અપ્સરા હતી. તે બન્ને જણીઓને પ્રતિદિન સ્વર્ગના મંદારવૃક્ષનાં પુષ્પ અને માનસરોવરનાં કમળોથી પ્રત્યક્ષ સદાશિવનું પૂજન કરવાનો નિત્ય નિયમ હતો તેથી બન્ને જણીઓ કૈલાસમાંથી મહેશ્વનું પૂજન કરીને આવતી હતી. આ ચારે રંભા, મેનકા, તિલોત્તમા ને ઉર્વશીને તપોમુર્તિના આશ્રમભણી આવતાં સામી મળી. પછી એક બીજીઓએ પરસ્પર મળીને કુશળ સમાચાર પૂછયા. વગતી પૂર્વાચતિ અપ્સરાએ આ રંભા આદિ ચાર અપ્સરાઓને પૂછયું કે તમે ચારે એકત્ર થઇને કયાં જાઓ છો? કેવા ઘાટ ઘાવો ધાર્યો છે? ત્યારે તે ચારેનાવતી રંભા બોલી કે—આ આનંદવર્ધન વનમાં રહેનાર તપોમૂર્તિ જેવા સુંદર વરને વરવા જઇએ છીએ, પણ જેવું ભાગ્ય હશે તેવો ફેરો સફળ થશે

પૂર્વચિતિ—ફેરો તો સફળ થાત પણ તમે તમારા ભાગ્યને સ્વર્ગમાં મૂકીને આવ્યાં છો. માટે જાઓ પાછાં જઇને ભાગ્યને બહેનપણી સાથે લઇને આવો, એટલે ફેરો સફળ કે નિષ્ફળ બેમાંથી એક પ્રકારનો નિવડશે.

આ પ્રમાણે પૂર્વચિતિનું વક્રોક્તિભરેલું બોલવું સાંભળીને અમર્ષ(ક્રોધ)યુક્ત રંભા બોલી કે—શું તું અમારૂં

મારેનું ઉપહાસ્ય (હાંસી) કરે છે?

પૂર્વચિતિ—હું શું કરવા તમારું ઉપહાસ્ય કરું? તમારું કામ તમારું ઉપહાસ્ય કરશે.

રંભા—કામ અમરું નથી; આ કામ તો તારા ને અમારા ધણી અમરનાયક મહારાજા ઇંદ્રનુ છે!

પૂર્વચિતિ—ભલે ધણીનું હોય તો કરો.

રંભા—કરો શું તારા પણ ધણીનું કામ છે, માટે થા આગળ; ને અમે ચાર ને તુ પાંચમી; લે મ.ભો ભાગ ને કર કામ; નહિં તો ઇંદ્ર પાસે તારાં જટાંય વિખેરી નંખાવીશ.

પૂર્વચિતિ—તારાથી થાય તે કરજે, પણ હું તે કામમાં ભાગ લેવાની નથી. જા, જા, કામ કરવા જા: એ લે પડેલાં તો તારાંજ જટીયાં વિખેરાવનાં છે બાજીની વાત તો પછી.

રંભા—તું સ્વર્ગમાં તો જા, ત્યાં જતાંજ તારા માથાના ઇંદ્રમહારાજ વજ્રના પ્રહારથી સહસ્ર કટકા કરી નાખવાના છે. પ્રતિદિન મહાદેવની પૂજાના બાને જ્યાં ત્યાં ભટકતી ફરું છું, તે કાંઇ મારું અજાણ્યું નથી. તું સ્વર્ગમાં જા, જઈશ એટલે તને તપોમૂર્તિને છળવાનું કામજ ઇંદ્રમહારાજ બતાવવાના છે.

પૂર્વચિતિ—ઇંદ્રને સમજાવવાની બુદ્ધિ યુક્તિ ને જીભ મારી પાસે પણ છે. જ્યારે મને ઇંદ્રમહારાજ તપોમૂર્તિને છળવાની આજ્ઞા કરશે ત્યારે હું તેમને વિવેકપૂર્વક યથાર્થ પ્રત્યુત્તર આપીશ. મોટા માણસો ને રાજાઓ સદા પરાઇ આંખોએ જોનારા ને પારકા કાને સાંભળનારા હોય છે, કારણ કે તેમને તો જે બીજા માણસો કહે તેજ સાચું માને: પણ વાસ્તવિક સત્ય શું છે ને પ્રત્યેક કાર્યનું પ્રયોજન શું છે? તે જાણતા નથી.

મોટા માણસોને માત્ર કાનજ હોય છે, ભાન હોતું નથી. તપોમૂર્તિ મહાત્મા કેવળ નિષ્કામી છે, સુદૃઢ બ્રહ્મચર્યપૂર્વક નિરંતર પરમાત્માના ધ્યાનમાં નિમગ્ન રહે છે;–આ લોક કે પરલોકના કોઇ પણ માયિક સુખની સ્પૃહાથી રહિત છે; એમને બળવાની ઇંદ્રને એવડી બધી શી અગત્ય છે? લેશ માત્ર પણ એ મહાપુરુષથી ઇંદ્રને ભય નથી; છતાં જો ઇંદ્ર તેમને છેડશે તો તેને પસ્તાવું પડશે.

રંભા—ઇંદ્રમહારાજને એ શું કરનાર છે? હું જોઉં છું; એ મુનિનું પરાક્રમ.

પૂર્વચિત્તિ—હાં, જાઓ, જાઓ; હમણાં કપાળમાં પહાણો વાગવાનો છે.

રંભા—શું મને મારશે?

પૂર્વચિત્તિ—એ શું કરવા મારશે? તમારું કુકર્મ તમને મારશે.

રંભા—અરે હું કોણ? कीं रंभाप्यबलायते। (શું આ રંભા એક અબળા સ્ત્રી સમાન છે?) મારી જાત, મારું કુટુંબ અને મારી સહાય, એ તમે કોઇ જાણો છો? હું જેવી તેવી નહોય હું તો ચૌદ રત્નોમાંનું એક રત્ન છું. આ રત્નાકર મહાસાગર મારો પિતા થાય, આયુર્વેદના પ્રણેતા ભગવાન્ ધન્વંતરી ને રાત્રિના ઘોર અંધકારનું નિવારણ કરનાર ચંદ્રમા, એ મારા ભાઇઓ થાય; ચૌદ લોકના નાથ ભગવાન્ વિષ્ણુ એ મારા બનેવી ને સાક્ષાત્ યોગમાયારૂપ શ્રીમહાલક્ષ્મીજી મારાં બેન થાય; અને ત્રિલોકપતિ સુરેન્દ્ર મારો સ્વામી થાય. પછી મને એ તપથી કૃશ થયેલા બ્રાહ્મણથી શું થઇ શકવાનું છે?

પૂર્વચિત્તિ—અરે બાઇ! એ મિથ્યાભિમાનની વાત મૂ-

કીજયોને; એ તપોમૂર્તિની વાત તો સૌ કરતાં ન્યારી છે. એ તો કોઇ અપાર શક્તિવાળા, આ ભૂમિનો આધાર અને આકાશના સ્તંભ (થંભ-ટેકા) રૂપ છે. એ કરે એવું તો બીજા કોઇથી પણ થઇ શકે એવુ નથી. ને શંકરનું પિનાક ધનુષ્ય; વિષ્ણુની કૌમોદકી ગદા, ઇંદ્રનું વજ્ર, યમને દંડ અને કાળની ક્રૂરતાથી પણ એમનુ તો એકે રોમ ઉંચું કરી શકાય એમ નથી: તો તમારી નારામાં મોટી સાહ્યરયો શું કરવા સંભારો છો?

રંભા—અરે એ તપથી સૂકાઇ ગયેલાથી મને શું થવાનું છે? એક ક્ષણ વારમાં મારી આંજેલી અણિયાળી આંખના અણસારાથી વિંતાને વશ કરી લઉં છું. તમે અહાં જુઓ તો ખરાં? એવા પુરુષોને નચાવવા એતો મારૂંજ કામ છે હું એવી કામકળામાં પ્રવીણ છું કે પ્રાતઃકાળે પુરુષને નવ નવાં રૂપો ધારણ કરી જૂદા જૂદા વિલાસોથી રમાડી રંજન કરી એવો વશ કરી લઉં છું કે તે મારો વિરહ (વિયોગ) એક પળવાર પણ સહન કરી શકે નહિ ને બીજી સ્રીઓ સામી તો દૃષ્ટિ પણ ન કરે.

પૂર્વચિત્તિ—હ, બાઇ હ: તમારી વાત તે કાંઇ જેવી તેવી છે? વેદવ્યાસના પુત્ર શુકદેવજીને વશ કરી એનાં એકલાં સુખ ભોગવવા ગયાં હતાં, ને તે સુખનુ તો અદ્યાપી સુધી અજીર્ણ મટ્યું પણ નહિ હોય કેમ? શુકદેવજીને પણ તમેજ નાથ્યા હતા કની! વેદવ્યાસે આપેલું પારિતોષિક (ઇનામ) હવે જૂનું થયેલું હશે, માટે તપોમૂર્તિને નાથીને નવું મેળવવા પ્રયત્ન કરતાં હશો? ભલે કરો.

પૂર્વચિત્તિનું આ હાસ્યજનક (હસવું આવે એવું) વચન સાંભળીને માત્ર રંભા વિના બીજી સર્વ અપ્સરાઓ ખૂબ છૂટે મોઢે હસી પડીઓ ને રંભા જંખવાણી પડી.*—

* જન્માંતરના શુભ સંસ્કારયોગથી જેમના હૃદયમાં જન્મથીજ

રંભા—પણ શુકદેવજી તો બાળક હતા.

પૂર્વચિત્તિ—હા, હતા તો બાળક; પણ બુદ્ધિ, જ્ઞાન અને વૈરાગ્યમાં તો વૃદ્ધોથી પણ વૃદ્ધ હતા.

રંભા—હા, બેન! એતો સાચું કહો છો. સ્ત્રીઓનો પ્રપંચ તો ક્યાં સફળ થાય કે જેઓ સ્મશાન વૈરાગી હોય, પુત્ર કે કલત્રના નાશથવાથી સંસારને ધિક્કારી ઉદાસ થઈ બેઠેલા મંદ-વૈરાગી પુરુષ હોય, અથવા માથે મોટી આપત્તિ (કષ્ટ) આવવાથી જેણે એ સંસાર તજ્યોહોય, માથે શક્તિ ઉપરાંત ઋણ(દેવું) થઈ જવાથી ઘર છોડી ચાલી નિકળ્યા હોય, ઘરમાં કર્કશા-કુભાર્જા સ્ત્રી હોય ને તેનો કલેશ ન સહન થવાથી નિકળી

વૈરાગ્યનો રંગ ઝળકી રહ્યો હતો, એવા શુકદેવજીએ બારમે વર્ષે સંસારનો ત્યાગ કરી, ભગવત્પરાયણ થવાનો નિશ્ચય કર્યો, ત્યારે પુત્રના વિયોગથી અધીરા બનેલા ને પુત્ર ત્યાગી થતાં 'વંશનો ઉચ્છેદ થશે' એવા ભયથી દુઃખી થયેલા વેદવ્યાસે પોતના પુત્રને વૈરાગ્યનો રંગ ઉતારી સંસારના વિષયસુખભોગનો રંગ ચઢાવવા તથા શંગારનો ઉપદેશ કરી વૈરાગ્ય મટાડી સંસારી બનાવવા સારુ સ્વર્ગમાંથી રંભાને બોલાવી લાવ્યા; ને કહ્યું કે 'ગમે તે પ્રકારે તું આને મોહ પમાડી વૈરાગ્ય ઉતારી શૃંગારી વચનોથી કામવિલાસના સુખનો બોધ કર.' ત્યારે રંભાએ તેમને સ્ત્રીવિલાસ-કામસુખનો મહિમા વર્ણી બતાવ્યો; ત્યારે તે સુદૃઢ વૈરાગી શુકદેવજીએ તેના સર્વ શૃંગારીવાક્યોનું ખંડન કરી, પોતાના સુદૃઢ વૈરાગ્યનું પ્રતિપાદન કરી રંભાનો પરાભવ કરી પાછી પાડી હતી. જેથી તેણે અંતે હારી નિરાશ બનીને વ્યાસજીને કહ્યું કે તમારા પુત્રને ડગાવી વૈરાગ્યથી ચળાવવા હું સમર્થ નથી. એમ કહીને તે સ્વર્ગમાં ચાલી ગઈ. અગત્ય હોય તેણે શુકરંભા સંવાદ વાંચવો.

ગયા હોય, કાં રાજ્યનો મોટો અપરાધ થઈ જવાથી થવાના રાજ્ય શાસનથી છૂટવાનો માર્ગ ન હાથ લાગવાથી, અકળાઇને ભાગેલા હોય, નિર્ધન કુટુંબમાં જન્મ હોય ને ઉદ્યોગનું એકે સાધન પોતાનીપાસે ન હોવાથીખાનપાનનો સંકોચ પડતાંસુખી થવામાટે માથું મુંડાવી કષાય (ભગવાં) વસ્ત્ર પહેરી લઈ જેઓ નામના વૈરાગી બનેલા હાય, એવા પુરુષો પાસે આપંથ સફળ થાય છે. કારણ કે માથાના કેશ (વાળ) મુંડાવનારા નામના વિરાગીઓએ પાંચે વિષયોની ભોગવાસનારૂપ પંચકેશ રાખેલા હોવાથી તેમનું યથાર્થ મુડનરૂપ મનમુંડન થયેલું હોતું નથી; તથા તેમણે બહાર દેખાતાં શ્વેતવસ્ત્ર મૂકી ઘણા અલ્પ મૂલ્યે વેચાતા ગેરુના રંગથી કષાય (ભગવાં)વસ્ત્ર વૈરાગીનું નિમિત્ત (બાનુ) જણાવવા માટે પહેરેલાં હોય છે; પણ તેમણે સંસારના માયિક સુખોમાં આસક્તિરૂપી શ્વેત વસ્ત્રો ત્યજીને પ્રભુપદાંબુજના સુદૃઢાનુરાગરૂપાં કષાય વસ્ત્રો ધારેલાં હોતાં નથી. એવા વૈરાગીનું માત્ર નિમિત્ત-બાનું ધારણ કરનારાઓ હલકામાં હલકી નીચ જાતની સ્ત્રીઓથી પણ ભ્રષ્ટ થઇ જાય છે, તો દેવાંગનાઓની તો વાતજ શી ?

રાજાનો રક્ષક ગણાતો છતાં કાષ્ઠની(લાકડાની) તરવાર ધારણ કરનારો રાજસેવક શત્રુઓના સંયોગમાં કે ચોરોના મેળાપમાં રાજ્યના દ્રવ્ય કે વસ્તુઓનું રક્ષણ કરી શકતો નથી તેમ વૈરાગ્યનાં બાનાં ધારણ કરનારા પંચ વિષયોરૂપી ચોરોના સંયોગમાં કે કામાદિ છ શત્રુઓના સંબંધમાં પરમતત્ત્વના યથાર્થ અનુભવરૂપ જ્ઞાન અને સુદૃઢ વૈરાગ્યરૂપા ખરી તરવાર વિના પોતાના તપ, વ્રત કે બ્રહ્મચર્યનું સંરક્ષણ કરી શકતા નથી.

જ્ઞાન વિનાનાં નિમિત્તો (બાનાં) કેવળ નકામાં છે. એ વિષે

જ્ઞાનપ્રશંસામાં કહ્યું છે કે:—

मीनः स्नाननतः फणी पवनभुग्मेषस्तु पर्णाशनो
निराशीःखलु चातकः क्रिमपरं शेते गुहां मुषकः ।
भस्मोद्धूलनतत्परः खलु खरो ध्यानानुरक्तो बकः ।
सर्वेषामिह कारणं शृणु सखे ज्ञानं परं किं तपः ॥

ભાવાર્થ—હે સખા! સાંભળ, પ્રતિદિન માછલાં ટાઢા પાણીમાં નાહ્યા છે, સર્પ પવન ભક્ષીને રહે છે, બકરો પાંનડાં ખાઈને રહે છે, ચાતક (બપૈયો) સદા આશા રહિત રહે છે, ઉંદરો પૃથ્વીનાં દરોમાં રહે છે, ગધેડો ભસ્મ (રાખોડી) માં આળોટે છે, અને બગલો સ્થિર બેસી રહી ધ્યાનના આડંબર કરે છે, પણ તેથી તેમનું કલ્યાણ થતું નથી એ બધા કરતાં ખરું મોક્ષનું કારણ જ્ઞાન છે. એથી બીજુ તપ કયું?

માટે જે પુરુષોએ દૃઢ વૈરાગ્ય પૂર્વક સમજ્યાવિના દંભથી સાધનામાં પ્રવૃત્તિ કરેલી હોય છે તે પુરુષોના હૃદયમાં વિષયોના ભોગની વાસના વિદ્યમાન હોવથી તેમો આપણથી શીઘ્ર વશ્ય કરી શકાય છે પણ તીવ્ર અને જાગતા વૈરાગ્યવાળા પુરુષો જ્યાં હોય છે ત્યાંથી તો આપણે નિરાશજ થઇએ છીએ.

આ પ્રમાણે રંભાનું બોલવું સાંભળીને કાંઈક હસતે મોઢે પ્રમ્લોચા બોલી કે-હાસ્તો બેન! બધેય ઠેકાણે વિશ્વામિત્રજેવા વૈરાગી ને પુરુરવાજેવા સમજુ પુરુષો કયાંથી હોય!

એ પ્રમ્લોચાનાં વચન સાંભળીને મેનકા તથા ઉર્વશી નીચું મોં કરીને ને બીજીઓ છૂટે મોઢે હસીપડીઓ. (કારણ કે મેનકાએ વિશ્વામિત્રને ચળાવ્યા હતા; ને ઉર્વશીએ પુરુરવાને ફસાવ્યો હતો.)

ત્યારે પૂર્વચિતિ બોલી કે—હા, પણ તે તો સ્ત્રીઓની પ્રકૃ-

તિવાળા જાતના ક્ષત્રિય; કાંઇ સાત્વિક સ્વભાવના બ્રહ્મણ કહે-વાય ? તપ કર્યું તેમાં શું થયુ ? કાંઇ મનમાંથી રાગ ગયો હતો ?

મેનકા—હવે જોયા બ્રાહ્મણોય પણ, જુઓને પેલા પરાશર એક હલકા જાતના ભોઇના દીકરીથી માહી ગયા હતા; મોહનો મહિમાજ ગહન છે. ગમ એવી તોય આપણે તો દેવાંગ-નાઓ કહેવાઇએ. આપણે કાંઇ મચ્છગંધા ભોઇની કન્યાથી જઇએ એવીઓ છીએ ? પણ એટલું કે સામું પુરુષપાત્ર પરાશર જેવું હોય તો આપણે સફળ થઇએ.

પૂર્વાચિત્તિ- કેટલાક રાજસી તામસી પ્રકૃતિવાળા ધન, સુખ, પુત્ર, કલત્ર, શત્રુવિજય, સિદ્ધિઓની પ્રાપ્તિ કે સ્વર્ગીય સુખ સં-પ્રાપ્તિની ઇચ્છાથી તપશ્ચર્યાઓ કરે છે તથા દુરાગ્રહથી અન્ન ષડ્રસ, ઘી, દૂધ, આદિનો ત્યાગ કરી માત્ર જળપાન કરીને, સુકાં પાનડાં ચાવીને કે વાયુભક્ષીને રહે છે, તેથી તેના ઇંદ્રિઓ શરીરની સાથે સુકાઇને પોતપોતાના વિષયોનો સન્નિકર્ષ (સંબંધ) થતાં પણ વિષયો ગ્રહણ કરવાને અશક્ત હોવાથી તે વિષયોનો ભોગ કરી શકતી નથી. જેમ કે કોઇ વ્યાધિને લીધે દીર્ઘકાળ મંદગી ભોગવનાર માણસ આંખે પુરુ દેખી શકતો નથી, કને સાંભળી શકતો નથી, નાસિકથી યથાર્થ સુગંધ પારખી શકતો નથી, જીભથી મધુર મીઠા અને ગળ્યા પદાર્થોમાં વિરુદ્ધ સ્વાદ અનુ-ભવે છે (જેમકે તાવવાળાને પાણી ચઙ્યું મીઠું અને સ્વાદુ ભો-જન કડવું લાગે છે) તથા મંદજઠરાગ્નિવાળા, અજીર્ણવાળા અને અન્ન ઉપર અરુચિવાળો સ્વાદિષ્ટ ભોજન લઇ શકતો નથી. તેમજ લાંબી માંદગીથી શરીરમાંનું લોહી સુકાઇ જવાથી કે ઘણી ટાઢ લાગવાથી જેના શરીરની ત્વચા બહેરી થઇ ગયેલી હોયછે તેઓ મૃદુ-કઠોર કે શીત-ઉષ્ણતાનો બરાબર અનુભવ કરી

શકતા નથી તેમ રાજસી-તામસી- સ્વભાવના મનુષ્યો હઠથી તપના નિમિત્તે કાયકષ્ટ ભોગવી ઇંદ્રિયોનું દમન કરેછે પણ તે ખરો ઇંદ્રિયનિગ્રહ કે ઇંદ્રિયજય કહેવાતો નથી. કારણ કે તે પુરુષો તો શરીર તથા ઇંદ્રિયોની અશક્તિથી વિષયો ગ્રહણ કરી શકતા નથી પણ તેમના મનમાં તો પાછી વિષયો ભોગવવાની આસક્તિ બીજરૂપે રહેલી હોય છે; માટે જેમના હૃદયમાં છાની વિષયોમાં પ્રીતિ રહેલી હોય એવા પુરુષો તો ગમે તેવા યોગ, યજ્ઞ, જપ, તપ, બ્રહ્મચર્ય કે અનુષ્ઠાનો આદિ સાધનો કરતા હોય પણ તે તો આપણને જોઇને જ જાણે કે પોતાના જપ, તપ કે યોગ યજ્ઞની સિદ્ધિ આવી મળી હોય તેમ જાણીને આપણને વળગતા આવે છે. માટે એવા પુરુષોપર આપણે ઘણી સુગમતાથી વિજય મેળવી શકીએ છીએ. પણ આ તપોમૂર્તિ જેવા પુરુષો તો પ્રતિક્ષણ જાગ્રત રહેનારા તીવ્રવૈરાગ્યવાળા અને પરમતત્વનો સાક્ષાત્કાર થવાથી નિત્ય નિરાતશય અખંડાનંદ સુખનો અનુભવ કરી નિરંકુશ શાંત તૃપ્તિ પામેલા છે. જેથી એંઠેલા આહારને જોવાની ઇચ્છા જેમ સુજ્ઞ પુરુષને થતી નથી તેમ આવા સ્થિતપ્રજ્ઞ (આત્મામાં સ્થિર મતિવાળા), આત્મસંતુષ્ટ (વૃત્તિરહિત થયેલા ચિત્તમાં આત્માવડેજ સંતોષ પામેલા) પુરુષોની વિષયાશક્તિ નિર્મૂળ થયેલી હોવાથી તેમને તે વિષય ભોગના પદાર્થો જોવાની સ્પૃહા પણ હોતી નથી માટે તપોમૂર્તિને છળવાની આશાનો ત્યાગ કરી જો સ્વર્ગમાં પાછાં જવાય તો તેમાં આપણું અને આપણા ધણી ઇંદ્રનું હીત સચવાય એમ છે નાહિ તો આ વિપરીત કૃત્યથી મોટો અનર્થ થશે.

એ રીતે પૂર્વચિતિ બોલી રહ્યા પછી મેનકા બોલી કે-

મેનકા—હા બેન! તપોમૂર્તિ કાંઇ જેવા તેવા નથી. બાકી

સાત્વિક મોટા બ્રહ્મચારી અને દૃઢ વૈરાગ્યવાન્ છે. તથા પરમાત્માથી વ્યતિરિક્ત (ભિન્ન) સર્વ વસ્તુ માયાના કાર્યરૂપ હોવાથી મિથ્યા માનનારા, માન–મોહ રહિત પ્રિય અને અપ્રિય પદાર્થોના રાગ દ્વેષને જિતેલા, નિરંતર સ્વસ્વરૂપનો વિચાર કરવામાં તત્પર, સુખ દુઃખના દ્વંદ્વથી મુક્ત અને સર્વ પ્રકારની કામનાઓ (ઇચ્છાઓ) જેમની નિવૃત્ત થયેલી છે તથા અવ્યય પદને પામી ચૂકેલા જીવન્મુક્ત પુરુષ છે. માટે તે ક્યારે પણ આપણથી ઠગાય તેમ નથી, માટે આપણે જો આ સાહસ કરતાં અટકીએ તો સારું.

રંભા—એતો અટકીશું સ્તો, હમણાં નહિ અટકીએ તો છેવટે હારીને તો અટકીશું. આપણે ગમે તેવી તો પણ સ્ત્રીઓ કહેવાઇએ ને સ્ત્રીઓ સદા પરતંત્ર તે પરતંત્રજ છે ને સ્વતંત્ર તો માત્ર પુરુષજ ગણાય છે, આપણે ગમે તેવી સુંદર પ્રકાશિત (ચકચકિત) કેશરચના કરીએ, મુખમંડન કરીએ, (દામણી ને ચાંલ્લાથી કપાળ, કાજળથી નેત્રો, નથ કે બુલાકથી નાસિકા અને તાંબુલ (પાનબીડી) થી મુખ શણગારીએ) બીજા સર્વ શણગારો સજીએ ને પાસે જઇ હાવ ભાવ કટાક્ષ અને અભિનયથી આપણો મનોગત (મનમાં રહેલો) કામકેલીભાવ (સુરત ક્રિયાનો ભાવ) પ્રદર્શિત કરીએ છતાં પણ જરાયે આપણા સામી દૃષ્ટિએ કરે ત્યારે આપણે સફળ થવાની આશા રાખીએ કની ? નહિ તો શું રાખીએ ? આતો એવું થાય છે કે—

अंधं प्राप्य विलासिनिनां कटाक्षबाणाः विफला भवन्ति

(આંધળા પુરુષોની આગળ (કટાક્ષ) આંખના બાણો નિષ્ફળ થાય છે.)

પૂર્વચિતિ—અલી! તું તો ખરેખરી ચળી ગયેલી છું; ને તારી જીભ પણ બહુ વધેલી છે; એવા મહા પુરૂષની વાતના સંબંધમાં એવા હલકા શબ્દો બોલવા એ અવિનય રૂપ હોવાથી આપણે દોષભાગી થઇએ, માટે એવું ના બોલાય.

રંભા—હા, ચળેલી તો હું, તમે ને આ બધીઓય ચળેલીઓજ છીએ તો. જ્યારથી દેવજાતીમાં સ્રી અવતાર ધર્યા ત્યારથી ચળવાનું તો લલાટમાંજ લખેલું હોય છે. ગમે એવી ઉત્તમ દેવજાતિ પણ કહેવાઇએ તો દેવવેશ્યાઓ! અને મેં જે આંધળા ધણીની સ્રીનું ઉદાહરણ કહ્યું તે તપોમુર્તિ એકલામાટે નહિ પણ જે જે પુરુષોથી આપણું અપમાન થાય છે તે બધાયને માટે કહું છું. ખરું કહેવું એમાં શાનો દોષ?

પૂર્વચિતિ—વાહ આ તો ભારે ડાહીલી જણાય છે! હું જ્યારે મહા પુરુષને માટે હલકા શબ્દ ન વાપરવાને કહું છું ત્યારે બમણી થાય છે એકને માટે ના કહું છું ત્યારે કહે છે કે બધાને માટે કહું છું.

રંભા—કાંઈ નહિ, એ તો કહેવાય; પ્રેમભાવે બોલતાં કાંઇ બાધ નહિ. આપણે ક્યાં દ્વેષભાવે કહીએ છીએ. જ્યારે આપણા અલૌકિક સૌંદર્ય સામી દૃષ્ટિ સરખીએ ન કરે, નિષાદ, ઋષભ, ગાંધાર, ષડ્જ, મધ્યમ, ધૈવત અને પંચમ, એ સાતે સ્વર(સુર)ના નિયમો જાળવી આલાપ પૂર્વક પ્રેમથી ગાન કરી રીઝવીએ ત્યારે આપણા સાદ ને ગળું સજજડ બેસીને ખોખરા હાંલ્લા જેવો કંઠ થતા સુધીએ જરા કાન માંડી સાંભળે પણ નહિ! આપણે તેમના મનને રંજન કરવા માટે સુંદર નૂપુરો (ઝાંઝરો) પગમાં પહેરી પદન્યાસ (પગનો ઠમકો) ગાયનનો સુર, મૃદંગ અને વિણા આદિના

ધ્વનિ (અવાજ)ની એકતા (મેળ) સાથે બન્ને હાથથી કામ ચેષ્ટાનો ભાવ બતાવતાં જૂદા જૂદા રાગોના સંગીત પૂર્વક વિવિધ નૃત્યો (નાચ) કરીએ તે નાચી નાચીને આપણા પગ ફરી જાય કે સુણીને થાંભલા થાય તોય લેશ માત્ર દૃષ્ટિ ન કરતાં આંખો વીંચી ધ્યાન કરવા મચી જાય છે ! વળી જ્યારે આપણે એમને રત્નના પાત્રમાં અમૃતનું ભોજન, મંદાર (પારિજાતક) પુષ્પોની માલા, મનોહર સુગંધો, અને સુંદર પુષ્પોથી શણગારેલી મૃદુ સુકોમળ શય્યાઓ તથા આપણાં દેવાંગનાઓનાં સુંદર શરીરોનો ભોગ વિલાસ અર્પણ કરીએ છીએ, તોય પણ તેમાંથી એકેના તે સ્વીકાર કરતા નથી ! કોણ જાણે કે તપ, યોગ અને જ્ઞાન ધ્યાનમાં શું એવડું બધું ભરી મૂક્યું હશે ? કે જ્યારે એ આપણા સર્વ પ્રયત્ન અને આપણા પ્રેમનો અનાદર કરે છે, ત્યારે ન છૂટકે હૃદય તપવાથી બોલાય છે કે તેઓ તપ યોગ અને જ્ઞાન ધ્યાનથી છતાં નેત્રોએ અંધ, છતા કાને બહેરા, છતા નાકે ને છતી જીભે નાક-જીભ વિનાના ને છતી સ્પર્શેન્દ્રિય કલીબ (નપુંસક)જ બની જતા હશે ! નહિ તો આવું અલભ્ય સુખ મળતાં નિસ્પૃહ કેમ બને ?

પૂર્વચિત્તિ—મને એમ લાગે છે કે તારી ચપળતા, તારી વધારે બોલવાની ટેવ ને તારો સાહસી સ્વભાવ શોય અનિષ્ઠ પરિણામ લાવશે ? બેન ! જરા ધૈર્ય, ધૈર્ય શાંત થા; ને વિચારી વિચારીને બોલ. એ મહા પુરુષોની ઇંદ્રિયો એવી રોગીના જેવી નિર્બળ નહિ પણ ઘણી પ્રબળ વિષયો ગ્રહણ કરવામાં સશક્ત, દૃઢ અને ઠરેલી હોય છે; પણ તેમના હૃદયમાં લૌકિક વિષયસુખોની વાંછા(ઇચ્છા)ઓજ શાંત થઇ ગ-

ચેલી હોય છે જેથી તેમને વૈષયી સુખો ભોગવવાની રુચિ થતી નથી. આપણામાં એવું શું મેટું સૌંદર્ય છે કે તે જોઇને મહા પુરુષો લેભાય? ભૂલેકની સ્ત્રીઓનાં શરીરો જેવાં સ્થૂળ પંચ મહાભૂતોથી બનેલાં હોય છે, તેમ આપણાં દેવાંગનાઓનાં શરીરો પણ તેજ સૂક્ષ્મ પંચમહાભૂતેથી બનેલાં હોય છે. મનુષ્ય સ્ત્રીઓનાં શરીરો જન્મવું, હોવું, વધવું, યુવાન થવું, વૃદ્ધ થવું ને વિનાશ પામવું એ છ વિકારો વાળાં હોય છે; ને આપણાં શરીરો પ્રકટ થવું હોવું ને વિનાશ પામવું, એ ત્રણ વિકારોવાળાં હોય છે. સ્થૂળ પંચ મહાભૂતના આ શરીરો સ્થૂળ પાંચ ભૌતિક માતા-પિતાના શરીરથી ઉત્પન્ન થાય છે ને આપણાં સૂક્ષ્મ પાંચ ભૌતિક શરીર સૂક્ષ્મ પાંચ ભૌતિક શરીરવાળા બ્રહ્માના સંકલ્પથી પ્રકટ થાય છે જેથી ભૂલેકની સૃષ્ટિ ભૌતિક સૃષ્ટિ અથવા પાર્થિવ સૃષ્ટિ કહેવાય છે ને આપણાં દેવલોકની સૃષ્ટિ માનસ સૃષ્ટિ કહેવાય છે. વિનાશ પામનારાં ભૌતિક ને માનસ શરીરો સરખાં હોવાથી મહાપુરુષો તેમાં મેહ માનતા નથી વળી મન પણ માયાનું કાર્ય હોવાથી માનસ શરીરો પણ માયિકજ હોય છે જેથી માયિક સર્વે વસ્તુઓ જે પરમાત્માથી ભિન્ન રૂપે દેખાય છે તે અસત્ (જુઠી), જડ ને દુઃખરૂપ હોય છે માટે ગમે એવા તો પણ માયાના કાર્યરૂપ અપ્સરાઓના શરીરમાં શું એવડું બધું સૌંદર્ય છે? કે, જે જોઇને મહા પુરુષો લોભાય? પદ્મિણી સરખી મહારાણીઓના પતિ ચક્રવર્તીરાજા પતિતાની ગુફામાં પડી રહેનારા શ્યામ મુખની કદ્રૂપી કુબડી કે પત્ત બિસ્કેટકના રોગથી સડેલી ભીલડીથી લોભાય?

રંભા—શું અમે કદ્રૂપી, કુબડી ને સડેલી ભીલડી જેવાં?

પૂર્ણપ્રીતિ—ભગવત્સ્વરૂપ વિષે અનન્ય પ્રીતિવાળાના ને નિરંતર તેમના સ્મરણ-ધ્યાનમાં તત્પર રહેનારા ભજનશીળ તથા તત્ત્વજ્ઞાનીઓની દ્રષ્ટિએ તો નમે તેથી પણ ભુંડાં.

રંભા—ત્યારે પરમાત્માના સ્વરૂપમાં શું એવડું બધું સૌંદર્ય (સુંદરતા) ભરેલું હશે કે તે જોતાંજ મોહી જતા હશે?

પૂર્ણપ્રીતિ—પરમાત્માના જે અલૌકિક સૌંદર્યમાં તત્ત્વજ્ઞાની પ્રેમીઓ ડૂબી રહે છે, તે વાણીથી વર્ણવાય તેવું નથી.

રંભા—એનું શું કારણ? જ્યારે વાણીથી ન વર્ણાય ત્યારે તો તમારાં ઠાલાં ગપ્પાં જેવું ગણાય?

પૂર્ણપ્રીતિ—ગપ્પાંમાં ડોળ જેવું કેમ? વાણીથી ન વર્ણાય પણ અંતઃકરણથી સમજાય-અનુભવાય એવું છે.

રંભા—ત્યારે કહો કેવું સમજાય-અનુભવાય છે?

પૂર્ણપ્રીતિ—હો, જો: ત્યારે તને પરમાત્માનું સૌંદર્ય સમજાવું.

રંભા—ભલે, કહો: હું સાંભળું છું.

પૂર્ણપ્રીતિ—અનંત કોટી કામદેવ, અનંત કોટી ગાંધર્વ, અનંત કોટી ઇંદ્ર અને અનંત કોટી અમરગણો તથા સૃષ્ટિના શણગારરૂપ ગણાતા અનંત કોટી સૌંદર્યવાન પુરુષોના કરતાં અનંતકોટી ગણું પ્રભુનું સૌંદર્ય છે. એ પ્રભુનો મહિમા, નામ, રૂપ, ગુણ અને પરાક્રમો અપરિમિત છે, તથા અનંત છે. એનો પાર નારદ, સરસ્વતી, શેષનારાયણ, સદાશિવ અને નિગમાગમને પણ જડતો નથી; છતાં સૌ પોતપોતાની શક્તિ અનુસાર કહે છે. જેમ આકાશ અનંત છે તેમ તે પ્રભુનાં નામરૂપાદિ પણ અનંત છે. જ્યારથી સૃષ્ટિની ઉત્પત્તિ થઈ ત્યારથી આકાશનો પાર લેવા પંખી માળામાં ભક્તિકાદિથી તે ગરુડજી

સુધિનાં પાંખોવાળાં પ્રાણી અને પક્ષીઓ ઉડે છે. તથાપિ કોઈને અદ્યાપિ પર્યંત આકાશનો અંત જડયો નથી; તેથી જેમ તે અનંત કહેવાય છે તેના કરતાં સો કરોડ ગણી પ્રભુના સ્વરૂપની અનંતતા છે. ભક્તના શત્રુઓનો સંહાર કરવામાં પ્રભુની શક્તિ સોકરોડ દુર્ગા અથવા ચંડિકાદિ દેવીઓ જેવી છે. સંસાર સંબંધી સર્વ પ્રકારોના ત્રાસોનું શમન કરવામાં પ્રભુનું બળ સો કરોડ પવનોના જેવું છે. પ્રભુના સ્વરૂપનો પ્રકાશ સોકરોડ સૂર્યોના જેવો છે. પ્રભુસ્વરૂપની શીતળતા સોકરોડ ચદ્રોના જેવી છે. પ્રભુના સ્વરૂપનું દુસ્તરપણું-દુરંતપણું સોકરોડ કાળોના જેવું છે. અને દુરાધર્ષપણું (પરાભવ કરવાને અશક્યપણું) સોકરોડ અગ્નિઓ જેવું છે. તેથી તેમના મહિમાનો અંત કોઈથી પામી શકાતો નથી.

માત્ર નામસ્મરણથી સઘળાં પાપોના પુંજને-નષ્ટ કરનારા, આદિ અંત વગરના, ઉપમા વિનાના અને જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના હેતુ રૂપ, જગતના ઇશ્વર શ્રીમહાપ્રભુની અગાધતા સોકરોડ પાતાળો જેવી છે. ભયંકરતા સોકરોડ યમરાજાઓના જેવી છે. પ્રભુની પવિત્રતા સોકરોડ તીર્થોના કરતાં પણ અધિક છે. પ્રભુસ્વરૂપની અચળતા સોકરોડ હિમાલયો સરખી છે. ગંભીરતા સોકરોડ સમુદ્રોના જેવી છે. ભક્તજનોની કામનાઓ પૂર્ણ કરવાની શક્તિ સોકરોડ કામધેનુઓ, સોકરોડ કલ્પવૃક્ષો અને સોકરોડ ચિંતામણિઓ કરતાં પણ વધિ શકે એવી છે. ચાતુરી સોકરોડ સરસ્વતીઓ જેવી છે, સૃષ્ટિ ઉપજાવવાની પ્રવીણતા સોકરોડ બ્રહ્માઓ જેવી, સંહાર કરવાની શક્તિ સોકરોડ રુદ્રોના જેવી છે ને ધનાઢયતા સોકરોડ નિધિનાથ (કુબેરોના) જેવી છે. પ્રપંચપ્રવીણતા સોકરોડ માયાઓ

જેવી છે. અને ભારધારણ કરવાની શક્તિ સોકરોડ શેષનાગોના જેવી છે. માટે તે પ્રભુના મહિમાને પાર કોણ પામી શકે?

જો એ મેં બધી પરમાત્માના સગુણ સ્વરૂપની વાત કહી. હવે તે કૃપાધનશ્રીના નિર્ગુણ સ્વરૂપનું વર્ણન કરું છું કે જેમાં અખંડ ભગવાન્, સદાશિવ, શેષનારાયણ, સનકાદિક અને બ્રહ્મા, નારદ તથા સરસ્વતી, તેમજ કેટલાક ઋષિ-મુનિ અને પૃથ્વી પરના મહાત્માઓ પણ ધ્યાન યોગદ્વારા સદા નિમગ્ન રહે છે; તે નિર્ગુણ સ્વરૂપનું વર્ણન કરું છું.

રંભા—અરે હવે મેલ એ ઘડય, એ મારે સાંભળવુ નથી. તેં અત્યાર સુધી સગુણ સ્વરૂપની વાત કરી, તેમાંજ એકે અક્ષર હું સમજી નથી: તો વળી નિર્ગુણ સ્વરૂપમાં હું શું સમજવાની હતી ?

પૂર્વચિતિ—હેં ? મે જે પ્રભુના સગુણ સ્વરૂપનું વર્ણન કર્યું, તેમાં તું કાંઇ ના સમજી?

રંભા—ના, બેન! ના. અહીં તો હઇયુંજ ઉજજડ થઇ એઠું છે. ત્યાં ભગવાનના ગુણાનુવાદ હૃદયમાં શી રીતે ઉતરી શકે ?

પૂર્વચિતિ—હશે ન ઉતરી શકે તો કાંઇ નહિ, હવે આગળ વધારે શ્રમ લઇ તારા મસ્તિષ્કને નહિ દુ:ખાવું બેન! ક્ષમા કરજે. એમાં તારો દોષ નથી; પણ આપણી અમરજાતિનો જ એ ગુણ છે. પૂર્વ કાળથી દેવો જ્ઞાનના, ધ્યાનયોગના અને ભક્તિના અધિકારી ગણાયાજ નથી. આપણી દેવજાતિ કરતાં મનુષ્યજાતિ, દૈત્યજાતિ અને પશુ પક્ષી આદિ તિર્યક્ જાતિ પણ શ્રેષ્ઠ ગણાય છે. કારણ કે તે જાતિઓમાં પણ પુરુષાર્થ પરાયણ જીવોથી આત્મકલ્યાણનાં સાધનો થઇ શકે છે, ને તે

માત્ર એકલા દેવોથીજ બનતું નથી સર્વ જાતિવાળા જીવો ઇન્દ્રિય વિજય કરી શકે છે ને દેવોને તે ઘણુંજ દુર્લભ એટલુંજ નહિ પણ અપ્રાપ્ય હોય છે. કારણ કે ઘણા સુંદર વૈભવો જોવાથી ને ભોગવવાથી તેમનાં હૃદય રજોગુણના મેલથી સડી જઇ જર્જરીભૂત તથા અતિ કાળાં-ભૂરાં ને મેલાં જેવાં થઇ ગયેલાં હોય છે. તેથી તે પર વિરાગરૂપ નિર્મળતા ન હોવાથી જ્ઞાન, યોગ કે ભક્તિનો રંગ ચડી શકતો નથી. માટે આપણ-જાતિ કહેવાયમાટે અનધિકારી ગણાય છે. પૃથ્વી પર પણ મનુષ્યાદિ જાતિમાં પણ જે જે વ્યક્તિઓ વૈષયિક સુખોમાં ઘણા આસક્ત અને સ્ત્રીસુખમાં રસબસ થઇ રહેલા હોય છે. તેમનાં ચિત્ત પણ વૈરાગ્યથી રહિત હોવાથી ઇન્દ્રિય જય મેળવી શકતા નથી. તેથી તેવાઓથી પણ મોક્ષનાં સાધનો સાધી શકાતાં નથી.

રંભા—ઓ હવે ચાલો, તે સર્વાર્થસિદ્ધજનના આશ્રમમાં.

પૂર્વચિત્તિ—હવે તો આપણે પુણ્ય સ્થળ સમીપજ આવ્યું; આ હિમગિરિનાં શિખરો દેખાવા લાગ્યાં અને હવે આપણે પણ આનંદવર્ધન વનની પાસેજ આવી પહોંચ્યાં છીએ, ચાલો હવે વધારે દૂર નથી. એમ કહી જ્યાં ચાલવા માંડે છે ત્યાં એક બિલાડી આડી ઉતરી, તે સ્વરૂપે કાળી ને આંખો લાલ હતી, ને જમણી બાજુથી આવી ડાબા પડખે ગઇ. એટલે ઉર્વશી બોલી.—

ઉર્વશી—બેનો જુઓ આ આપણા કાર્યની ફલસિદ્ધિ દેખાઇ. આડી બિલાડી ઉતરી તેમાં પણ તે ડાબી ગઇ, માટે જરૂર આપણો કાંઇક બગાડ થશે એવું લાગે છે. માટે

આ કાર્યમાં મારે તો હવે આગળ પગલું માંડવું નથી ને આ કામના પારિતોષિક (ઇનામ)ના ભાગમાં પણ મારે ભાગ જોઈતો નથી. જો આપણું શરીરે આરોગ્ય હશે તો પારિતોષિક મેળવવાના ઘણાય સમય આવી મળશે?

તિલોત્તમા—ના, તારે મારે પણ તમારી સાથે નથી આવવું. કોઇ ક્ષત્રિય કે કોઇ રાજા તપશ્ચર્યા કરતો હોત તો હું આવત, કે એક બ્રાહ્મણ શાપ દેતા તો તત્પર ન થાય? શસ્ત્ર હાથમાં ને આગળ જ તત્પર થાય ને કદાપિ શસ્ત્રનો ઘા લાગી જાય તો મરણ થાય પણ તેનું દુઃખ એકજ જન્મ ભોગવી છીએ. પણ આતો બ્રાહ્મણનું કુળ, વિપ્રકુળના અપરાધનું ફળ કાનેર કોઈએ સાંભળ્યું છે કે નહિ?

મેનકા—શું મહારાજા ઇન્દ્ર રાજાની સભામાં એ વિષે પરમ દિવસેજ વાત થઇ હતી?

રંભા—હા, બ્રાહ્મણનો ઇતિહાસ કોઇક બે ઋષિઓ આવ્યા હતા તે શચીપતિ (ઇંદ્ર) પાસે કહેતા હતા ખરા. મારે શું સખીઓ! તમે આ વિસારી જઇને ભૂલી ગઇઓ કે શું? આને તમે બાળીઓ મને એકલી મૂકીને ભાગી જશો કે શું?

પૂર્વચિત્તિ—હજી જુઓ તો ખરાં આગો પહેલમાં પુરી છે.

એટલામાં પાછું બધી અપ્સરાઓએ એક મત થઇ આગળ ચાલવા માંડ્યું. એટલામાં એક કાળી સાપણ જમણી પાસથી આવી ડાબી પાસ ચાલી ગઇ; તે જોઇને મંજુઘોષા બોલી કે;—

મંજુઘોષા—અરે બેનો આ બીજા અપશકુન (ભુંડા

શુકન) આડી આ કાળી સાપણ ઉતરી; હવે જરા સમજી ને જંપો તો તો સારું થાય.

પૂર્વચિતિ—હમણાં નહિ જંપાય, જંપવાની હજુ વાર છે. આ કોઇ પૂર્વનું અનિષ્ટ અદૃષ્ટજ ફળ દેખાડવા પ્રેરણા કરે છે, તે જ્યાં સુધી પૂરે પૂરું ફલદર્શન નહિ થાય ત્યાં સુધી જંપાશે નહિ; કારણકે જો અત્યારથી જંપાય અને તે વિષમ કાર્યથી વિરામ પમાય તો પછી તે દુર્ભાગ્યનું ફળ શિ રીતે તેમનાથી પમાય ? બાકી અપશકુનો તેમને અનીતિના કાર્યથી અટકાવવા માટે તો ઘણાં ઘણાં દૃષ્ટાંતો બતાવે છે, ને હજીએ જો પાછાં એ માર્ગે ન જવાની સૂચના કરવા જો આ લંગડી બિલાડી પણ જમણું પડખેથી આડી ઉતરી ને ડાબી પાસ જાય છે. લોકોની પણ કહેવત છે કે 'ખોડી બિલાડી અપશકુનમાંથી જાય ! ક્યારે પણ ન જાય.

આ બધી વાત સાંભળી ઉર્વશી બોલી કેઃ—

ઉર્વશી—એ તો બધું ખરું, પણ એ કાળી બિલાડી, સાપણ, અને આ ખોડી બિલાડી આપણને શું કહેવા માગે છે ? તેનું તો એકવાર તાત્પર્ય જુઓ.

પૂર્વચિતિ—તાત્પર્ય જોવું હોય તો હું તમને બતાવું ?

ઉર્વશી—ત્યારે બતાવો ને, જાણીએ તો ખરાં કે એ બધા અપશકુનો આપણને શું કહે છે ?

પૂર્વચિતિ—બતાવીને એમાં વળવાનું શું ? કાંઈ ભાવી મિથ્યા થવાનું છે ? જનમેજયરાજાથી થવાની અઢાર બ્રહ્મહત્યાઓ થઇ, ને તેના પાપે પોતે કુષ્ઠ રોગી થયો, પણ મહર્ષિ વ્યાસ મુનિનું વચન પળાયું નહિ. તેમજ અનાગત દુઃખની પ્રતિક્રિયા જાણવામાં છતાં જો ભાગ્યમાં તે ભોગવ-

વાનુંજ હોય તો તે, પ્રતીક્રિયા વિક્રિયા સમજાય છે. સાક્ષાત્ ભગવાન્ ધન્વંતરીએ ઔષધ આપેલું હોય પણ હિનાયુષી કે આસન્નમરણ રોગીથી કાંતો તેમાં શંકા મનાય કાં કુપથ્ય કરાય, કાં તે ઔષધ ઢળી જાય કે ખોવાઇ જાય; પણ તે ઔષધનો ઉપયોગ કરાયનહિ. માટે બેન! મારી પાસે નિરર્થક શું કરવા કહેવરાવો છો? બાકી હમણાં જ હું તો દૃષ્ટિએ બતાવી કાનની ધ્રકો ઉઘાડી દઇશ; અને નેત્રનું અંધત્વ દિવ્યાંજનથી મટાડી દઇશ; ને પ્રત્યક્ષ પારખું બતાવીશ.

ઉર્વશી—હશે બેન! બીજીઓને માનવું હશે તો માનશે પણ કોઇ કોઇનાં બાંધેલાં છે? તમે ને હું બેતો તે કુકર્મથી અટકીશું.

પૂર્વચિતિ—એમ છે તો લ્યો; ત્યારે.

એમ બોલી જે પેલી ખોડી બિલાડી ડાબી પાસ આડી ઉતરી તેના ભણી કોઇ મંત્ર ભણી ને એક દર્ભની સળી નાંખી એટલે તે બિલાડી પાછી આવી ને પૂર્વચિતિ તથા ઉર્વશી આદિ અપ્સરાઓ પાસે આવી ને ઉભી રહી. પછી તે પૂર્વચિતિએ સોના દેખતાં પોતાની પાસેના જળપાત્રમાંથી થોડુંક પાણી લઇ, તે બિલાડી ઉપર છાંટયું. એટલે તુરત તે બિલાડીનું રૂપ અદશ્ય થતાં કોઈ સારી રૂપવતી નવયૌવના સ્ત્રી થઈ ગઇ. તે અદ્ભૂત દેખાવ જોઇ બધું અપ્સરા મંડળ ચકિત થઇ ગયું. ત્યારે પોતે પણ આશ્ચર્ય પામી પૂર્વચિતિએ તે નવયૌવના બનેલા સ્ત્રીને પૂછયું.

પૂર્વચિતિ—બેન! તમે કોણ છો? કોઇ મુનિબાળા છો? રાજબાળા છો? કે કોઇ દેવકન્યા છો? અથવા યક્ષ, ગંધર્વ, કિન્નર જાતનાં કોઇ છો? તમારું પૂર્વરૂપ એક અધમ-

જાતિ બિલાડીનું હતું; અને હમણાં તે મહા કોઇ સુંદર ભવ્ય સ્વરૂપવાળાં થયાં છો એનું શું કારણ?

સ્ત્રી (જે બિલાડી રૂપ હતાં તે)—પ્રથમતો તે બધા અપ્સરા મંડળને પગે લાગી. તે પછી મોટો શ્વાસ નાખી ને રોવા લાગી. એટલે આશ્ચર્ય પામીને પૂર્ણાંયતિએ પૂછ્યું કે:-

પૂર્ણાંયતિ—અરે બેન! શું છે? તમે શામાટે રુદન કરો છો? તમને શું દુઃખ છે? કોણ તમારો શત્રુ? કોણ તમને કષ્ટ દે છે?

સ્ત્રી—બેન! રોવાનું કારણ સાંભળો કહું છું, મારું દુઃખ એ પણ મારી વિપરીત બુદ્ધિ ને મારાં પાપકર્મ, મારો શત્રુ પણ મારું દુષ્ટકર્મજ, અને દુઃખ દેનાર પણ મારું પાપકર્મ.

બેન! આ સંસારમાં જે જે જીવો સુખ દુઃખ ભોગી થાય છે તે તે સર્વ પોત પોતાના શુભાશુભ કર્મયોગેજ તેનું ફળ ભોગવે છે. બાકી સંસારનો કોઇ પણ મનુષ્ય કે પદાર્થ જીવોના સુખદુઃખનો હેતુ થતો નથી. તથાપિ જીવો સુખદુઃખનો હેતુ બીજાને માને છે; પણ વાસ્તવિક તેમ નથી. આ વિષે જ્યારે શ્રીરામચંદ્રજી પોતાના અનુજ (નાનાભાઇ) લક્ષ્મણજી અને અર્ધાંગનારૂપ જાનકીજી સાથે વનવાસ નિકળ્યા ત્યારે પહેલાજ પ્રવાસમાં ગંગાતીરે ભક્તશ્રેષ્ઠ ગુહકરાજાને તેમનો સમાગમ થયો, ત્યારે રાત્રિના સમયમાં રામચંદ્રજી અને સીતાજી માટે લક્ષ્મણજીએ રાત્રિના શયન માટે સકુંદ તૃણ અને પાનડાંની પર્ણશય્યા (સાથરો) તૈયાર કરી. ત્યારે ભૂમિના ભૂષણરૂપ અને રઘુકુલના તિલકરૂપ એટલુંજ નહિ પણ આ ભૂમંડળના સામ્રાજ્યભૂપતિઓના કિરીટ રત્ન, યોગીઓનું હૃદય,

મહાલક્ષ્મીના અવતારરૂપ શ્રીસીતાજીના પ્રાણ, કૌશલ્યાજીના હૃદયંગમ અને ભક્તોના ઇષ્ટ શ્રીરામને પર્ણ શય્યામાં પોઢેલા જોઇ રાજારામ ગુહનાં નેત્રો ભરાઇ આવ્યાં, ને લક્ષ્મણ પ્રતિ કહ્યું કે હા! દુષ્ટ કૈકયી! મારા પ્રભુની આ દશા! એમ બોલતાં ગળગદ કંઠ થયા, ત્યારે તેના પ્રત્યુત્તરમાં શ્રીલક્ષ્મણજીએ તેમને ધૈર્ય આપી કહ્યું કે,—સંસારમાં કોઇ કોઇના સુખ દુઃખનો હેતુ નથી.

सुखस्य दुःखस्य न कोऽपी दाता,
परो ददाति कुबुद्धि रेषा ।
अहं करोमीति वृथाभिमानः,
स्वकर्मसूत्रग्रथितो हि लोकः ॥

ભાવાર્થઃ—કોઈ પણ પ્રાણીને સુખ કે દુઃખ આપનાર કોઈ નથી. બીજો માણસ મને સુખ આપે છે કે દુઃખ આપે છે; એવું જે સમજવું તે કુબુદ્ધિ છે. ને હું કરૂં છું એવું અભિમાન ઉપજે છે તે પણ મિથ્યા છે. કારણ કે આ લોક સૌ પોત પોતાનાં પૂર્વકૃત કર્મરૂપી સૂત્રથી બંધાયેલો છે. માટે સૌના સુખ દુઃખનો હેતુ પોતાનું પૂર્વમાં કરેલું શુભાશુભ કર્મ છે.

સ્ત્રી—અરે બેન! કોનો દોષ કાઢું? મારા દુઃખનું કારણ મારૂં કુકર્મ. કુકર્મ હસીને કરાય છે ને તેનું ફળ રોઇ રોઇને ભોગવાય છે, માટે મને પણ મારૂં કુકર્મ રોવરાવે છે; માટે રોઉં છું.

પૂર્વચિતિ—એતો ખરૂં પણ બેન જરા ધૈર્ય રાખી

મારી સાથે વાત તો કરો? તમારું શું એવું કુકર્મ હતું? કે તેણે તમને આવો સમય બતાવ્યો?

સ્ત્રી—મને બતાવ્યો; ને તમને છજણીઓને એજ મારું કુકર્મ મારા જેવું દુઃખદાયક ફળ દેખાડવા તમને અહીં લાવ્યું છે. માટે આ પ્રત્યક્ષ દાખલો જોઇ ને કાંઇ સમજજો. તમને તો સમજવાનો સમય મળ્યો છે. ને તમને સમજાવવા માટે તો હું, કાળી બિલાડી, ને સાપણ, દૃષ્ટાંત રૂપ થયાં છીએ.

બધી અપ્સરાઓ આશ્ચર્ય પામી ને ધ્યાન પૂર્વક તે સ્ત્રીનું વચન સાંભળવા લાગી.

પૂર્વચિતિ—શું ત્યારે તમે અહીં કોઇ તમારા સમાન વર શોધવા આવ્યાં હતાં તેમાંથી આમ બન્યું છે કે શું?

સ્ત્રી—બળ્યું બેન દાઝ્યા ઉપર ડામ દેવા જેવું શું કરો છો?

પૂર્વચિતિ—ના, ના, હશે કહો; જેવું બન્યું હોય તેવું.

સ્ત્રી—હું પણ તમારા જેવી આશાએજ અહીં આવી હતી; તેમાંથી મારા કુકર્મે મને બિલાડી બનાવી. ને તેમાંથી મને બચકાં ભરી લોહીલુહાણ કરી મારાં ગાત્ર ભાગી નાંખી મારો એક પગ લૂલો કરી મને અર્ધમૃત્યુની દશાએ પહોંચાડી છે.

પૂર્વચિતિ—બેન! ત્યારે હવે તો વિસ્તારથીંજ કહો ને કે તમે પૂર્વે કોણ હતાં? શા માટે અહિ આવ્યાં હતાં? અને તમારી આવી જોનારને દયા ઉપજે એવી માઠી દશા કોણે કરી?

સ્ત્રી—હું પણ તમારા જેવી માલતી નામે એક દેવાંગના હતી. મારો સ્વભાવ ઘણો ચંચળ અને પુરુષસંગના સુખમાં ઘણી આસક્ત હતી. જો કોઇ પણ મારો દઢાંગ અને તેજસ્વી

યુવાન પુરુષ જોતાં તો હું તુરતજ તેનો વિરહ લેશ માત્ર પણ સહન કરી શકતી નહિ. અને તે મોહ ઉપજેલા પુરુષને અને વિલાસ સુખ આપવા હાવ ભાવ અને કટાક્ષ ક્ષેપણથી લોભાવી મારે વશ કરતી હતી. દુર્ભાગ્યયોગે એક દિવસ સાંજે હું સ્વચ્છંદી પણે ત્રિલોકમાં ફરતી ફરતી આ આનંદવર્ધન વનમાં આવી. મારી સાથે એક મારી સુવર્ણા નામે બેનપણી હતી તેપણ ગુણે અને સ્વભાવે મારાજ જેવી ને મારા વિચારનેજ મળતી હતી. અમે બન્ને જણીઓ જેવી આ આનંદના મહાસાગરરૂપ આનંદવર્ધનવનમાં આવીઓ કે તુરતજ આ વનના અધીશ, નાયક અને રત્નરૂપ મુનિ તપોમુર્તિ સાંજે સુર્ય નારાયણ અસ્ત થવાના સમયમાં-બેઘડી દિવસ હતો ને પોતાના સાયાહ્ન કર્મ માટે સ્નાન કરવા સારું આ વનમાં એક સંજીવન જળવાળો સર્વતીર્થના સારરૂપ ચંદ્રકુંડ છે ત્યાં જવા પોતાની પર્ણકુટીમાંથી બહાર નિકળયા. તેમને ચંદ્રકુંડભણી જતાં મેં તથા મારી બેનપણીએ જોયા. તો પ્રત્યક્ષ ઈંદ્ર કરતાં પણ અધિક અને સો કામદેવને લજવે એવું તે તપોમૂર્તિનું દેદીપ્યમાન સ્વરૂપ ભજનાનંદની ઉર્મીથી-અર્થાત હૃદયના અનુપમ આનંદના પ્રભાવે પ્રસન્નતાવાળું તેમનું વદનકમળ અને દિવ્યઓજસ તથા ગોર અને દઢાંગવાળું શરીર જોઇને અમે બન્ને બેનપણીઓ તેમના પર આસક્ત થઇએ. તેમાં પણ હું તો કે મુનિના દર્શનથી લોભાઈ પરવશ તો થઇ ગઇ; ને વિચારવા લાગી કે કેવી રીતે એમને મળાય? પણ જે પેલી મારી બેનપણી સુવર્ણા હતી તે તો મુનિનો વિરહ ન સહન થવાથી તુરતજ તેમની પાછળ પાછળ ગઇ ને એમજ ધાર્યું કે હવે તો તેમનાં ચરણજ પકડવાં

જો તે કાંઇ સંકેતમાં નહિ સમજે તો પાણીમાં બુડાડી દઇશ. એવી ભાવનાથી તે ચંદ્રકુંડમાં જઇને નહાવા લાગી. જ્યારે તેણે સ્નાન કરવા માંડ્યું ત્યારે મુનિએ પોતાના બ્રહ્મચર્ય ધર્મનો મોટો સિદ્ધાંત એકે જ્યાં સ્ત્રીઓ સ્નાન કરતી હોય એવા જળાશય પર જઇ કામિનીઓના અવયવો નિહાળવા નહિ. માટે તે ચંદ્રકુંડમાં એ સુવર્ણાને સ્નાન કરતી જોઇ મુનિ ખચકાયા; ને એ યુવતી સ્નાન કરીને જતી રહે ત્યારે તે કુંડમાં જઇને સ્નાન કરવાનો વિચાર એ તપોમૂર્તિએ કર્યો. તે પછી મુનિ અહીં આવશેજ ને તેમને હું જળક્રીડા કરતાં મારા સુંદર શરીરથી સ્ફુટ થયેલા અવયવો બતાવી કેટલીક કામચેષ્ટાથી વશ કરીશ એવી ઇચ્છાથી આવેલી પણ મુનિશ્રી તો ખચકાયા. ત્યારે એ કુટિલ કામિનીએ મુનીને ઠગવા માટે પાણીમાં ડુબકી મારી ઘણીવાર સુધી સંતાઇ રહી ત્યારે તે મુનિના સંયમાભ્યાસી બે શિષ્યો કે જેમાંના એકનું નામ શિલભૂષણ ને બીજાનું નામ જ્ઞાનભૂષણ હતું, તેઓ પણ સાયાહ્ન કર્મ સારું તે ચંદ્રકુંડપર સ્નાન કરવા આવ્યા. તેમને જોઇ તેમના ગુરુ મુનિ તપોમૂર્તિએ કહ્યું કે ભાઇઓ જરા અહીં રોકાઓ. કોઇ પ્રમદા કુંડમાં સ્નાન કરે છે, તેથી તેઓ પણ ત્યાં રોકાયા. પણ તે સુવર્ણાની કપટ જલમાં કાંઇ ન સમજાયું અને સમીપના જળાશયમાં કાંઇ પણ ગણગારો કે પાણીનો શબ્દ કે મનુષ્યની કાંઇ પણ ચેષ્ટા સમજવામાં ન આવી ત્યારે મુનિએ શિલભૂષણને કહ્યું કે ભાઇ જુઓને પેલી સ્ત્રી નહાતી હતી તે નહાઇને ગઇ કે, છે? કાંઇ માણસનો પડઘો સમજાતો નથી, ને આપણો સમય વિતે જાય છે ત્યારે તે શિલભૂષણ કુંડ સમીપ આવીને જૂએ છે તો ત્યાં કોઇને પણ દીઠું નહિ.

તેથી તેણે પોતના દેશિકવર (ગુરુશ્રેષ્ઠ) ને કહ્યું કે મહારાજ! કુંડ ઉપર તો કોઈ નથી, પધારો; ને આપ સ્નાન કરો. પછી હું અને આ જ્ઞાનભૂષણ પણ નહાઈને પરવારીએ. પછી તે મુનિરાજ કુંડપર આવ્યા. પાણી પણ સુંદર શુદ્ધ અને મિષ્ઠ તથા હાલ્યા ચાલ્યા વિના સ્થિર હતું. તેમાં પોતે તપોમૂર્તિ જેના ઉતર્યા કે તુરત પોતાનું સ્વરૂપ જેમ નદીના આછા પાણીમાં કે કાચના-અંતરે-છેટે રહેલા માણસને સાક્ષાત્ જોઈ શકાય તેમ તે કપટ કુશળ અને જલતરણકલામાં પ્રવિણ એ સુવર્ણાએ કુંડના ઉંડાજલમાંથી ઉપરના ભાગપર આછાજળમાં જેમ સૂતી હોય તેમ આવી દિવ્ય રત્નજડિત આંગુતંઠન (દેવલોકમાં વપરાતા) ગુરુગુના અલંકારોથી શણગારેલું સુંદર સ્વરૂપ સાક્ષાત્ મુનિને બતાવ્યું. તે એવું કે પામર વિષયી જનો તો જોતાંજ લોભાઇ જાય, પણ આતો મહા સુદૃઢ વૈરાગ્યના બળથી માયિક સર્વ વિષય ભોગોને શ્વાનવમન કિંવા કાકવિષ્ઠાસમાન ગણી તેનો ઘણા ધિક્કાર પૂર્વક ત્યાગ કરેલો હોવાથી પોતે તે સુવર્ણાના સ્વરૂપ ભણી અલક્ષ્ય કર્યો, ત્યારે તે મુનિના અલક્ષ્યરૂપ તિરસ્કારને પામેલી સુવર્ણાએ ધાર્યું કે એણે મારો સ્વીકાર નહિ કરતાં અપમાન કરેલું છે માટે જે અનાયાસ પ્રાપ્ત થતા દિવ્ય વિષયોનો ત્યાગ કરનાર એ મનુષ્ય કોણ કે જે મારા હાથમાંથી છટકી જાય? એમ ધારી જેવા તે મુનિ સ્નાન કરી બહાર નીકળવા જાય છે કે તુરત તેણે ઉંડા પાણીમાં ડુબકી મારી તે મુનિનો જમણો પગ પકડી રાખ્યો; અને મુનિને પાણીમાં બુડાડવાનો અશુભ વિચાર કર્યો. તે મહાયોગીના અનિષ્ટ ચિંતનરૂપ મહા પાપ પ્રકટ થતાંજ તેનું દેવજાતી ઉપજાવનારું પૂર્વનું સર્વ સુકૃત નષ્ટ થયું; ને તે મહાયોગીના અનિષ્ટ

ચિંતન રૂપ મહા પાપે તેને સત્વર જળચર જાતિના જીવમાં અવતાર આપ્યો; એટલે તે તે ચંદ્રકુંડના પાણીમાં સત્વર મગરી થઈ ગઈ. અને તે કેટલાક સમયથી હજુ સુધી તે કુંડના પાણીમાં રહી અખંડ કષ્ટ પામ્યા કરે છે.

પૂર્વચિત્તિ—(પોતાની સાથે આવેલી રંભા આદિ અપ્સરાઓના સામું જોઇને ખિલખિલાટ હસીને કહેવા લાગી) હેં બેન! એ એવા મોટામાં મોટાં પારિતોષિક આપવાનાં ઉદાર ને કુશળ એવા એ મુનિ છે?

સ્ત્રી—એમની વાત તો કાંઈ થાય એવીજ નથી, આતો મારી બેનપણીની વાત કરી, પણ હજુ મારી તો સાંભળો.

પૂર્વચિત્તિ—કહો! બેન કહો? તમારી વાતે તો કાનની ધાકો ઉઘાડી નાંખી! આ મારી? ઈંદ્રનો સારસાર ભોગવવાની ઉત્કંઠા ધરાવનારી બેનો! આ રંભા! મેનકા! તિલોત્તમા! અને ઉર્વશી! જરા ધ્યાન રાખી સાંભળજો. આપણને હજુ આવા સત્યવક્તા ગુરુ ક્યાંય મળ્યા નથી.

સ્ત્રી—હવે જુઓ હું મારા પર વીતેલી વાત કહું છું. સુવર્ણા તો તે ચંદ્રકુંડમાં મગરી થઇને રહી છે. ને તમારે જોવી હોય તો તે કુંડપર જઇને જોજો. માણસને દેખીને તુરત કુંડના પાણીમાં કુદીને જતી રહે છે; બાકી કુંડનાં પગથી બાંધ્યાં પડી રહે છે. અહીંથી સમીપમાં એક નાનો ભીલવાડા રહે છે, તે તે મગરીને—માસ્તા—તીર, કામઠાં ને ભાલા, લઈ આવે છે, તથા બંદુકો લઈ આવે છે ને તેને બાણથી ભાલાથી તથા બંદુકની ગોળીએ મારવા ઘણો યત્ન કરે છે, પણ તે તેના કરેલા મહા પાપના પ્રભાવે બંધાયેલા દુઃખરૂપ આયુષ્યની ન્યૂનતા ન થવાથી મરતી નથી. મહાશુભકર્મના. કુમ-

થી બંધાયેલું સુખરૂપ આયુષ્ય દેવાદિ જાતીમાં ઘણો સમય જીવાડે છે; ને મહાપાપથી બંધાયેલું દુઃખરૂપ આયુષ્ય પશુ-પક્ષિની જાતિમાં જન્મ થયા પછી લાંબુ દુઃખ ભોગવવા ઘણો સમય જીવાડે છે. એટલાજ માટે ઘણો દુખી વૃદ્ધ, અંધ, અને રાજરોગી કે મહારોગી જેમ જેમ મરણ ઈચ્છે છે તેમ તેમ તે પાપકર્મ મરણને ઘણું વેગળું મોકલેછે. પણ સમીપ આવવા દેતુંજ નથી. કારણ કે જે જાતિમાં જેટલા પાપનું ફળ જેટલાં જેટલાં દુઃખો ભોગવવા કર્મફલપ્રદાયક પ્રભુથી નિર્માણ થયેલું હોય છે, તે પૂર્ણ થયા વિના દેહ છૂટતોજ નથી. જેમ કોઈ અપરાધિને તેના અપરાધ પ્રમાણે વિચાર કરી ન્યાયાધિશે કારાગ્રહમાં રહેવા જેટલો સમય આજ્ઞા કરી હોય તે સમયનો અવધિ પૂરો થયા વિના બંધીવાનથી બંધનથી છૂટાતું નથી, તેમ દુઃખમયજાતિમાં પણ પાપના પ્રમાણમાં દુઃખો ભોગવવાનાં હોય છે તે પૂરાં થયા વિના તે દુઃખરૂપ જાતિમાંથી પણ છૂટી જવાતું નથી. એજ પ્રમાણે પુણ્ય જાતિમાં પણ જાણવું. માટેજ નિરાલંબ ઉપનિષત્‌માં કહ્યું છે કે જેવું પાપ બંધરૂપ છે તેમ કૈવલ્યની ઇચ્છાવાળાને તો પુન્ય પણ પ્રતિબંધરૂપ છે.

રંભા—એતો બધું ઠીક, પણ હવે બેન તમે આ એક પગ ભાગેલા એવાં ખોડી બિલાડી શાથી થયાં? તે કહો. કારણ કે અમારે તો અમારા સ્વામી ઇંદ્રને પ્રત્યુત્તર આપવાનો છે ને સમય બહુ થઇ ગયો છે.

સ્ત્રી—બેનો! તે યોગીરાજ તો નાહીને પોતાનો સાયાન્હકાલ વીતી જતો હોવાથી તુરત પોતાના શિષ્યો સહીત પોતાના આશ્રમમાં આવ્યા; ને સાયાન્હ સંધ્યા કરવા

લાગ્યા. અને જે તેમના સત્યમાર્ગચારી શિષ્યો હતા તેઓ તો નાહીને આવ્યા પછી પોતાના ગુરુ તપોમૂર્તિને ધ્યાનમાં બેસવાની તે પર્ણકુટીમાં એક ભાગપર ભુમિમાં સંયમ ગુપ્ત કરી મુકેલી છે ત્યાં જઈ મુનિને સંયમમાં બેસવા સારું પ્રકાશ થવા માટે ઘીના બે દીવા કરી અગરબત્તિના ધૂપ કરી પોતે પર્ણકુટીમાં બહાર આવી સાયાહ્ન સંધ્યા કરવા લાગ્યા. મેં તો તે લાગ સાધીને બિલાડીનું રૂપ ધરી, ભોંયરામાં પ્રવેશ કરીને ધાર્યું કે હું જેવા મુનિ ભોંયરામાં આવે કે આખું ઓરડું એકાંત અને અંધારું માટે આવવા યોગ્ય નથી મુનિને સારું દેદીપ્યમાન દેવાંગનાનું સ્વરૂપ ધરી મારે તેમને ધ્યાન, માત્ર બનાવી વિષય ગુણની પ્રશંસા કરવી. પણ તે પછી સાયં સંધ્યા કરી બાહ્યવૃત્તીથી જેવો ભોંયરામાં પ્રવેશ કર્યો કે તુરત તેમનો પ્રતાપ મારાથી સહન થયો નહિ તેથી જાણ્યું કે જો હું મુનિની દૃષ્ટિએ પડીશ તો જરૂર તેમના તેજથી બળી જઈશ, માટે બિલાડી રૂપે જે ઘીના દીવા મુકેલા હતા તેને પગની ઠોકર મારી ગુલ કરી દીધા; ને અંધારું કરી તુરત ભોંયરામાંથી બહાર નિકળી, પરંતુ તે પર્ણકુટીમાં પણ દીવા બંધ કરીને આવેલી મને જાણતાં મુનિશિષ્યો મને યષ્ટિકાથી (લાકડીથી) માર મારી પૂરી કરશે એવા ભયથી ત્યાંથી પણ દોડીને ભાગી જતી હતી; પણ એવામાં તે યોગીરાજના આશ્રમની ચોકી, કરવા રહેલો ને તે મુનિનો પાળેલા જેવો એક કૃષ્ણશ્વાન (કાળીઓ કુતરો) પર્ણકુટીના દ્વારપર બેઠેલો હતો તેણે મને દીઠી. મુનિના તરફથી નિત્ય હવિષ્યાન્નરૂપ શ્વાનગ્રાસનું અન્ન જમી પુષ્ટ થએલા તે શ્વાને મને ભંજવાડ કરી ભાગી જતી જોઈને તુરત પાછળ પડ્યો, ને મારે ગળે બાઝ્યો,

અને તેણે ગળેથી ઝોઢાવતે પકડી પહેલાં તો ઘણી વાર ભૂમિ સાથે પટકી. પછી ઘણાં બચકાં ભર્યાં. ને મારો એક પગ તેણે લૂલો કર્યો, ને આખા શરીરે લોહીલોવાણ કરી. પણ મારા કુકર્મરૂપ પાપના ફળે મને વિશેષ દુઃખ ભોગવવા માટે કૂતરે જીવતી મેલી ને તે નાશી ગયો. ઓય ! ઓય ! બેન ! હવે મારી તે શી ગતી થશે ? બળ્યો આ દેવાંગનાઓનો અવતાર. હવે આ બિલાડીની જાતમાંથી ક્યારે છુટાશે ? ને શું થશે ? તે કાંઈ સમજાતું નથી. કોણ જાણે કે જીવ જ્યારે ગર્ભવાસ કે અવસાનના સમયમાં પોતાના કર્માશયો જોઈ જે જે પોતાનાં શ્રેયસ સાધવા પ્રતિજ્ઞા કરે છે, પસ્તાવો કરે છે, તે પછી જ્યાં યુવાવસ્થા, તરુણીનો સંગ અને શરીરની સમગ્ર સ્વાધીનતાને વશ થાય છે ત્યારે અથવા સ્ત્રીજીવ હોય છે તો પોતાને તારુણ્ય પ્રાપ્ત થતાં અને તેમાં વળી કોઈ રાજ્ય કુટુંબ કે દેવયોનિનો અવતાર મળતાં કેટલાય પ્રકારની દુર્વાસના અને કુકર્મ કરવાને પ્રેરાઈ જાય છે. પણ પોતાનું કર્તવ્ય સમજાતું નથી ને કેવળ સ્વકીય ઇષ્ટકર્તવ્યથી વિમુખ બની રહી નિસરણીથી પડતા દડાની પેઠે ઉત્તરોત્તર અધઃપતન પામ્યા કરે છે આ રાજ્ય કુટુંબ કે દેવજાતિના અવતાર કરતાં મનુષ્યજાતિના હીનત્વને ધન્યવાદ દેવા યોગ્ય છે. કારણ કે મનુષ્ય જાતિનું હીનત્વ જીવને ઉત્તરોત્તર ચઢતી સ્થિતિએ લઈ જાય છે. પરંતુ તેમાં પણ કોઈ પ્રકારની ધનાઢયતા કે નિરંકુશપણું ન હોયતો. આ પ્રમાણે તે બિલાડીએ (માલતી અપ્સરાએ) બીજીઓના સાંભળતાં પૂર્વચિતિને કહ્યું.

આ પ્રમાણે તે બિલાડી બનેલી માલતીએ પૂર્વચિતિને ને તેની સાથેની અપ્સરાઓને કહ્યું તે સાંભળી રંભા બોલી

કે બેન? પૂર્વચિતિ! 'ત્યારે આગળ આપણને પહેલ વહેલાં આડાં ઉતરીને અપશકુન આપ્યા તે એક કાળી બિલાડી ને એ સાપણ એ કોણ હશે?'

માલતી—બેન એ બધી આપણીજ જાતનાં મને પૂછો ને? પૂર્વચિતિને શું કામ પૂછો છો? એમનો ઇતિહાસ પણ હું જાણું છું.

પૂર્વચિતિ—બેન માલતી! એ ઇતિહાસ તમે કહેવા ઉતાવળાં ના થશો; ને હવે તમને ઘણો સમય થવા આવ્યો છે માટે જાઓ જ્યાં તમારે જવાની ઇચ્છા થાય ત્યાં, પણ હવે તમે આ માર્જારીની જાતિથી મુક્ત થવા મહેશ્વરશ્રીનું તમારાથી બને એટલું સ્મરણ ધ્યાન કરો. સદાશિવ ભોળા દેવ છે, તે તમારું પણ કાંઇક ઇષ્ટ કરશે.

પૂર્વચિતિ—કેમ બેન રંભા! હવે તમારે આપણને પહેલા અપશકુન આપનાર કાળિ બિલાડી ને સર્પણનો ઇતિહાસ સાંભળવાની ઇચ્છા છે? જો હોય તો તો તેમને પણ હું પાછાં બોલાવી, તેમના મોઢે જ તમને કહેવરાવું; કે જેથી તમને તે વાત નિઃસંદેહ સમજાય.

રંભા—હા બેન! શ્રદ્ધા તો પૂરે પૂરી છે, માટે અમને એ બેના મુખેજ કહેવરાવો.

પૂર્વચિતિએ પછી થોડીવાર મૌન ધરી, પોતે આકર્ષણી વિદ્યાના મંત્રનો જપ કર્યો: કે તુરત તે જે માર્ગે ગઇઓ હતીઓ તે ડાબા બાજુ તરફથી પાછી આવતી દેખાઇઓ. આગળ કાળી બિલાડી ને પાછળ એક સર્પણ બે જણાં તે અપ્સરા સુધ પાસે આવીને જેવાં ઉભાં રહ્યાં કે તુરતજ તે પૂર્વચિતિએ બન્નેને જળપાત્રમાંથી જળ લઇ મંત્રીને છાંટ્યું

કે તુરતજ તે બિલાડી મટીને સુંદર અપ્સરા થઇ; ને જે પેલી કાળી સાપણ હતી તે પણ મટી જઇને દિવ્ય દેવાંગના બની, ને સમીપમાં ઉભી રહી. તે બન્ને અપ્સરાઓમાં જે કાળી બિલાડી હતી તે પૂર્વની સુવદનાનામે અપ્સરા હતી; ને સાપણ હતી તે પૂર્વમાં સુનેત્રા અપ્સરા હતી. તેમને તેમનો પૂર્વ વૃત્તાંત કહેવા માટે પૂર્વચિતિએ કહ્યું કે, બેનો જે કારણથી તમને આ માર્જાર અને સર્પયોની પ્રાપ્ત થઇ તેનું કારણ માત્ર અમને જાણવા સારું યથાર્થ સવિસ્તર કહો.

સુવદના—અસ્તુ; જેવી આપની આજ્ઞા. આ સ્વછંદીપણાનું ફળ. બેનો ! અમે પણ તમારાજ જેવીઓ દેવજાતીમાં સ્ત્રીશરીરને પામી અધૂરામાં પૂરું યૌવનપણું પામ્યાં; ત્યાં એકાએક પંચેન્દ્રિયનું બળ વધી ગયું. તેમાં દેવ શરીર એટલે રોગરહિતપણું, અમૃતનું નિત્ય પાન મળે તેથી શરીરમાં કોઇ જાતની અશક્તિ દુર્બલ પણું કે નિર્મળપણાનો અભાવ. તેમાં અમૃત પાનથી ઇંદ્રિયોનું જોઇએ તેવું સૌષ્ઠવ (અતિશયપણું-સારાપણું) અને જન્માંતરીય સુકૃતથી ઉદ્દભવ પામેલી ઉત્તરોત્તર સમાનપણા વાળા અથવા શ્રેષ્ઠ પુરુષ સાથે વિષય સુખ ભોગવવાની મહા આસક્તિ, જેને લઇ કામાંધતા પામેલી અમે દુરાશાના પુરમાં તણાતી ને મદગર્વથી છલકાતી અપ્સરાઓ હતી. જેમ આગ્નમાં ઘી પડવાથી અગ્નિની જ્વાલાનું શમન નહિ થતા ઉત્તરોત્તર વધતી જાય, તેમ અમે પણ ઘણા ઘણા દેવલોકો સાથે વિષય ભોગોનું સુખ ભોગવતાં અમારી તૃષ્ણા પણ દિન દિન વૃદ્ધિ પામેલીજ રહ્યા કરતી હતી. જેથી અમારી તૃષ્ણા પૂરી ન થવાથી અમે અમારું વાંછિત સુખ ભોગવતાં આ ભૂલોકમાં

આવી ચઢીઓ. પરંતુ કોઇ સ્થળે અમારું વાંછિત સિદ્ધ થયું નહીં. એમ બધે ફરતાં ફરતાં અમે જ્યારે આ ધવલગિરિ સમીપ આનંદવર્ધન વનમાં આવ્યાં, ત્યારે અમને તપના ભંડાર રૂપ અને યોગીઓના ઇશ્વર એવા તપોમૂર્તિ મહાત્માનાં દર્શન થયાં. એમના અખંડ બ્રહ્મચર્યથી સુદૃઢ બનેલું શરીર અને ઘણા સુશોભિત અવયવો તથા નહિ શૂષ્ક ને નહિ પુષ્ટ એવા તેજસ્વી તથા દિવ્ય બળવાળા અવયવો, એમની કદાપિ પરાંગના મુખદર્શન કરવાની અથવા જ્યાં ત્યાં દૃષ્ટિ કરવાની કુટેવના અભાવે સ્થિર દૃષ્ટિ પામેલાં એમનાં અચંચલ સુંદર, ને તેજસ્વી નેત્રો, ગૌર અને અત્યંત બ્રહ્મતેજથી દીપતું સુંદર શરીર, એ સૌ જોઇ અમે બન્ને જણીઓ ઘણીજ મોહ પામીઓ. અને તે શરીરથી તુચ્છ વિષય સુખ ભોગવવાને ઉત્સુક બની ગઇઓ તથાપિ હું તો હવે મારે એ મુનિના અંગને ક્યારે ભેટું? એવા વિચારમાં રહી પણ સુવદના તો એજ મારું ઇષ્ટ, એજ મારું પ્રાપ્ય, એજ મારું લક્ષ્ય અને એજ મારું સેવ્ય છે, નહિ તો આ શરીર ધરવાનું પ્રયોજન કાંઇ નથી. વળી જો હું મળતો લાભ ચૂકીને મારી સખી સુવદનાની વાટ જોઇશ કે તેનો સંગાથ કરીશ તો આ દુર્લભ સુખની ભોક્તા તે થશે એમ-જાણી તે મહાશય જ્યારે ઉષઃકાલમાં વહેલા ઉઠી પોતાના શયનમાં પદ્માસન વાળી ધ્યાનમાં બેઠા તે વખતે તે અતિ ચંચલ એને અનિષ્ટ ફલ આપવા તત્પર થયેલી દુરાશાથી દોરાઇ મુનિની પર્ણકુટીમાં પેઠી. તે સમયે અંધકાર વિશેષ હતો, ત્યાં એકલી મુનિના શરીરનું આલિંગન લેવા ગયેલી સુનેત્રાએ જેમ એકાંતમાં કોઇ સુંદરી મળતાં અતિકામી સાહસ કરે તેમ તે દુષ્ટ અ-

પ્સરાએ પોતાના શરીરે દિવ્ય સુગંધવાળાં ચંદનાદિ ધારણ કરી પોતાના ગૌર અંગને સ્નિગ્ધ સુકોમળ બનાવી રત્નના દીપકનો પ્રકાશ કરી પોતાનું સુંદર મુખ અને સુંદર નેત્રોથી હાવભાવ મુનિને બતાવી તે મુનિની ઇચ્છા વિના કામાંધપણું વાપરી આલીંગન આપ્યું. ત્યારે મુનિને તો જેમ કોઇ સુંદરી વૃક્ષના થડને, પથ્થરની શિલાને કે કોઇ લોઢાના પૂતળાને વળગે છતાં તે નિર્વિકારીજ રહે, તેમ તે મુનિ આવા એકાંતમાં તથા કામીઓને દુર્લભ દેવાંગના શરીરના આલિંગનમાં પણ તે મુનિરાજ તો જાગે કે પોતાના શરીરે મહા ઝેરી ફુફાડા મારતા ક્રોધી સર્પણ વીંટાયેલી હોય, કાં તપાવેલું લોઢાનું પૂતળું બાઝી પડ્યું હોય, કે તીખી ધારોવાળાં ખડ્ગોના ઘા ઉપરા ઉપરી પડતા હોય એમજ માની, મહા ઓદાસિન્ય ધારણ કરી, આ પણ મને એક દેવવિઘ્ન નડે છે એમ માની સમાનભાવે કેવળ સ્થિરજ રહ્યા. પણ શરીરમાં કાંઇ પણ રોમાંચ કે ઇંદ્રિયચાપલ્ય ઉત્પન્ન થયું નહીં* ત્યારે તે દુષ્ટ દેવાંગના સુનેત્રાએ જાણ્યું કે અતિ તપશ્ચર્યાથી આ મુનિશ્વરનું શરીર પથ્થર સમાન બની ગયું છે કાં તે નપુંસકત્વ પામેલા છે. એમ જાણી તે મુનિનો તેણે ત્યાગ કર્યો. જેવી તે સુનેત્રા નિરાશ બની છૂટી કે એ મુનિ શયનથી ઉઠયા અને પોતાના

---

* शस्त्राणि दयिताङ्गानि लग्नान्यंगे निरंबरे।
योऽबुध्यमानः सुसमः सपरास्मिन्पदेस्थितः॥

ભાવાર્થઃ—જે પુરુષ પોતાના નિરંબર શરીરમાં તીક્ષ્ણશસ્ત્રોના પ્રહારો અથવા સુંદરીઓનાં સ્નિગ્ધ કોમળ શરીરોનાં આલિંગનો થતાં સમસ્થિતિમાં રહે છે તેને પરમપદમાં રહેલા જાણવા.

શિષ્યને આજ્ઞા કરી કે મને નાવાનું જળ આપો. ત્યારે શિષ્યે સ્નાનકાળ થયા વિના નાવાનું કારણ પૂછતાં મુનિએ જણાવ્યું કે 'અકસ્માત્ કોઇ વિષધર કૃષ્ણ સર્પિણી શરીરે ચઢીને ઉતરી ગઇ છે. માટે તેનો વિષસ્પર્શ ધોઈ નિયમાનુસાર શૌચાદિ ક્રિયા પરવારી સ્નાનતો ચંદ્રકુંડમાં થશે.'

એ મુનિએ તે સુનેત્રાને કાળી ઝેરી સાપણતુલ્ય તેના સ્પર્શ સમયે માની હતી અને શિષ્ય પ્રતિ પણ ઝેરી સાપણ શરીરે ચઢી ઉતરી છે. એમ કહેવાથી તે મુનિના અમોઘ વચન પ્રભાવે સુનેત્રાબાઇ કાળી સાપણ બન્યાં છે; હવે મારી બિલાડી બનવાના કારણની વાત સાંભળો.

બધી અપ્સરાઓ—(એક અવાજે) હવે અમારી વાંચ્છના પૂરી થઈ. હવે વાતે સાંભળવી નથી ને પારિતોષિક (ઇનામ) અમારે નથી જોઇતાં.

સુવદના—અરે બેનો ! સાંભળો તો ખરાં પછી કરવું ના કરવું તે તમારી ઇચ્છા ઉપર રાખજો.

રંભા—હા, હા; કહો. હવે તમે બિલાડી શાથી થયાં ?

સુવદના—હા, લ્યો; કહું.

એ સુનેત્રા તો પોતાના કર્માનુસાર ફલપ્રાપ્તિ પામ્યા પછી મને વિચાર થયો કે દેવશરીરથી દિવ્ય સુખ પ્રાપ્ત કરવાને માટે તો એ તપોમૂર્તિનું સુદૃઢ અંગ સર્વ પ્રકારની યોગ્યતાવાળું છે પણ એ મેળવવું કેવી રીતે ? એવો વિચાર થયા કર્યો. પણ મારો એ સુનેત્રા જેવો સાહસી ને અવિચાર્યું કરવાનો ઉતાવળીઓ સ્વભાવ નહોતો, તેથી મનમાં એમ નિશ્ચય થયો કે લાવો ત્યારે એ મુનિની બધી ગુપ્તચર્યા તો હું જોઉં ? એમ વિચારી એમની પર્ણશાળામાં ગઇ ત્યારે તે

મહાશય તે દિવસે પાછલી પાંચ ઘડી રાત શેષ રહેતાં ઉઠી, પોતાના શયનરૂપ દર્ભાસન ઉપરજ ધ્યાનમાં બેઠા. તે સમયે તેમનાં બે નેત્રો નાસિકાના અગ્ર ઉપર દૃષ્ટિવાળાં સ્થિરજ હતાં ત્યાં મુનિનું ચિત્ત ધ્યાનાભ્યાસમાં સ્થિરતા પામ્યું નહોતું. કારણ કે આરંભ સમયજ હતો. ત્યાં મુનિના વદનકમળ નિહાળવાની લાલસાવાળી એ તરુણ શરીરને આલિંગન આપી હૃદય શીતલ કરવાની ઇચ્છાવાળી હું મારા જમણા હાથે પહેરેલાં કંકણ અને આંગળીઓએ પહેરેલી મુદ્રિકાઓમાં જડેલાં સ્વયંપ્રકાશી રત્નોની કાંતિદ્યુતિ (પ્રકાશ)ના આશ્રયે ગુપ્ત મુનિના વદનકમળનું અવલોકન કરતી હતી. પણ મનનો ભાવ મલિન હતો તેથી મુનિએ ધ્યાનમાં પ્રવેશતાં જ પેલા રત્નોની પ્રતિછાયા પોતાના મુખપર આવતાં પોતાના શિષ્ય શિલભૂષણ તથા જ્ઞાનભૂષણને કહ્યું કે ભાઇ ! અહીં કોઇ બિલાડી ભરાઇ છે તે તેનાં નેત્રોના પ્રકાશથી જરા વિક્ષેપ ઉપજે છે, માટે તેને ઝટ દૂર કરો. એટલે તે બન્ને જણા એક લાકડી લઇ મુનિ પાસે આવ્યા. તેથી તે પ્રકાશતો મારા હાથે પહેરેલાં રત્નોના હતા; તેથી હું તો અદૃશ્ય થઇ ગઇ પણ મુનિએ મને બિલાડી કહી તેથી મને એ કુકર્મના ફળથી માર્જારી બિલાડીનું શરીર પ્રાપ્ત થયું છે.

બેનો ! એમના અપરાધનું ફળ તો સદ્ય પ્રાપ્ત થાય એવું જ છે, માટે તમે પણ જો જો કોઈ એ મુનિને સતાવતાં. એમાં સારો પરિણામ નહિ આવે.

બધી અપ્સરાઓ (એક અવાજે)—અમારે તો કોઇને બિલાડી કે સાપણ થવાનું કામ કરવુંય નથી; ને ઇંદ્રનું ઇનામ મેળવવુંય નથી.

રંભા—[અપ્સરાઓ પ્રતિ] કેમ નથી મેળવવું? ઇનામનું તો થાય એ ખરું પણ મુનિને ભ્રષ્ટ કરવાનું કામ તો સૌએ મળી કરવાનું છે. ને પોતાના સ્વામીનું કામ કરતાં માઠું પરિણામ આવશે તો તે સૌને ભોગવવો પણ પડશે. જે કામ કરવાનું બિડું ઝડપીને આવ્યાં ને હવે દેહ છૂટવાના ભયથી હારી પાછાં જવું એ સારું કહેવાય ?

પૂર્વચિતિ—પણ હવે આપ એકલાંજ તે કામ કરોને, ને પારિતોષિક (ઇનામ) આપ એકલાં લેજો, પછી તમને શો વાંધો છે ?

રંભા—એમ ક્યારે પણ ચાલશે નહિ, તમારે ને પ્રમ્લોચાને પણ અમે બતાવીએ તે કામ કરવુંજ પડશે.

પૂર્વચિતિ—લેશ માત્ર નહિ બને. તમે બતાવશો તે કામ કરવા અમે બંધાયેલાં નથી. અમારે કામ કરવું કે ન કરવું તે અમારી પ્રસન્નતા ઉપર છે. તમે કદાચ બાહુ કરશો તો તમને મળતા પારિતોષિક (ઇનામ)માં અમારો ભાગ અમને નહિ આપો; તો તમારો તે ભાગ તમે એકલાંજ વાપરજો. પણ એવા મહાપુરુષને છળી પાપનો પોટલો બાંધવાનું કામ અમે તો નહિ કરીએ, નહિ કરીએ, ને નહિજ કરીએ. તમે આકાશમાં જાઓ ભૂમિ ઉપર પટકાઓ તો પણ તમારું કહ્યું અમે બન્ને જણીઓ કરવાની નથી.

રંભા—[મનમાં હવે આ બહુ ચઢીને મનસ્વી સ્વભાવ વાળી છે માટે એને વધારે છેડતાં એ ભાન રાખશે નહિ માટે હવે તો એને કાંઇ કહેવું નહિ. એમ જાણી, મૌન રહી] પછી તે બીજી મેનકા આદિને કહેવા લાગી કે ' બેનો ચાલો ! આ પૂર્વચિતિ અને પ્રમ્લોચા એ બેને જવા દો ' પણ આપણે

ચારે જે સાથે આવેલીઓ છીએ તેમણે તો મુનિને છળવાનો પ્રયત્ન કરવોજ પડશે.

મેનકા આદિ અપ્સરાઓ—જેવી આપની આજ્ઞા.

રંભા—ત્યારે શું આપણે પોત પોતાનાં સૌંદર્ય હાવ-ભાવ અને કેટલીક કામ ચેષ્ટાથી મુનિનું મન લોભાવશું ખરુ કની ?

મેનકા આદિ અપ્સરાઓ—એમાં આશ્ચર્ય શું ?

રંભા—હાસ્તો બેન! कृतस्य करणं नास्ति मृतस्य मरणं नहि। (કર્યા પછી કરવું નથી ને મૂઆ પછી મરવું નથી.)

મેનકા—રહો, રહો; ઉતાવળાં ન થાઓ. પણ એમાંથી કશુ ઇદં તૃતિયં જાગ્યું તો સ્વર્ગમાં જઈ ઇંદ્રને ખબર કોણ કરશે ?)

પૂર્વચિતિ—(સંતાઇ રહી સાંભળતી હતી) તે ત્યાં પ્રકટ થઇને બોલી કે " હાં જાઓ, એની ફીકર નહિ, તમારો ત્યાં ઘડો લાડવો થશે તેની વધામણી તો ઇંદ્રને હું પણ કહીશ. જાઓ, જાઓ, તમારા ભાગ્યમાં એજ છે.

રંભા—જા; જા, જતાં જતાં ક્યાંથી પાછી આવી ?

પૂર્વચિતિ—ક્યાં જવું છે ? તમારી જે દશા થશે તે જોઇને ઇંદ્રને વધામણી કહેવા જવું છે ?

રંભા—ઠીક બેન ! ત્યારે એ મુનિ અમને કાંઇ શાપ દે કે વિરૂપ કરે તો અમારાપર દયા લાવીને અમારું શાપોદ્ધરણ ઇન્દ્ર મહારાજ કરે એમ તું શચિપતિને વિનવજે.

પૂર્વચિતિ—હા, એવા તો લાખો ઇંદ્રો જેના ચરણની ઉ-પાસના કરે છે, ત્યાં તમારા શાપનું ઉદ્ધરણ ઇંદ્રથી થવાનું

છે ! આશા રાખીને બેસજો એ તો કરે એ ભોગવે.

રંભા—હાં એમ ? એવું તે તપથી સૂકાયેલા બ્રાહ્મણનું બળ છે ? તો ઠીક હું જોઉં છું.

પૂર્વચિતિ—જોયું, જોયું હવે. તારા જેવી તો અનેક દેવાંગનાઓ પોતાના શરીરનાં રોમ રોમમાંથી પ્રકટ કરી શકે એવા એ સમર્થ મુનિ છે. પૂછને ઉર્વશીને કે તમારી ઉત્પત્તિ શું છે ? પછી તનેય ખબર પડશે. નરનારાયણના રોમમાંથી ઉર્વશી ઉપજી છે.

રંભા—એવા એ સમર્થ છે ? ત્યારે પોતાને સ્ત્રી તો નથી. એવી શક્તિ હોય તો કુંવારા કેમ રહે ?

પૂર્વચિતિ—તમારા જેવી રખડતી ઘણીએ છે ? જુઓને એ તમને તેડવા આવ્યા છે ? કે તમે તેમની સેવા કરવા દોડો છો; પણ એતો પૂર્ણકામયોગી છે. કે તે તમારાથી ચળે તેવા નથી.

રંભા—બેનો ! અપાર સુખ મેળવવાનાં સ્થાનો એમ ક્યાં રીઢાં (સામાં) કરી મૂકયાં હોય છે ?

તે પછી તે ઇંદ્રની મોકલેલી રંભા, મેનકા, તિલોત્તમા ને ઉર્વશી, એ ચારે જણીઓ એક મત થઇને પોતાનાં દિવ્ય સ્વરૂપોને દિવ્ય શણગારોથી, દિવ્ય અલંકાર અને વસ્ત્રોથી, દિવ્ય સુગંધોથી, દિવ્ય કેશરચનાથી, ઉંચા પ્રકારનાં સુખમંડનોથી, ઉંચા પ્રકારનાં પારિજાતકાદિ પુષ્પોના અંબોડા, ગુચ્છા, હાર વગેરેથી પોતાનાં શરીરોને અનુપમ રીતે શણગારી, તે મહાયોગી-તપોમૂર્તિની પર્ણશાલામાં રાત્રિના સમયે અંતરીક્ષ માર્ગે થઇ દાખલ થઇઓ. તે સમય મુનિને ધ્યાનાવસ્થિત થવાને હતો તેથી મહામુનિ, રાત્રિએ પોતે યોગનિદ્રા લેવા

સારૂ જેવા પર્ણકુટીમાં જઇ પોતાના આસનપર દૃઢાસન વાળી જેવા ધ્યાનારંભ કરવા જાય છે તેવોજ તે ચારે અપ્સરાઓએ વિદ્યુતના દીપકો જેવો સુંદર સ્ફટિકોથી મહાપ્રકાશનો જળ-જળાટ કરી મુકયો. સ્ફટિકના અનેક દિપકો થતાં જાણે કોઇ મહારાજાના અંત:પુરનો સુરત સમયનો દેખાવ હોય તેમ થયું. એટલામાં તે પર્ણકુટીના ચારે પાસના ખુણામાં જોતાં જાણે સ્ફટિકોની એકાવળી કોટમાં પહેરવાથી તથા સ્ફટિક જડિત મુકુટો પહેરી લેવાથી જાણે ચારે અપ્સરાઓએ દીપાવળીથી શણગારેલા ગોખોમાંથી મોં કાઢીને બેઠી હોય તેમ તેમનાં મો ફરતાં દીપકોનાં વર્તુલો જણાવા લાગ્યાં. જેથી વિદ્યુતથી-એ વધે એવા સ્ફટિકોના પ્રકાશાધિકયથી તેમનાં સુંદર અને ગૌર ચંદ્રસમાન મુખો, ધનુષાકાર ભ્રકુટિઓ અને કામીઓનાં કાળજાં કાપી કકડા કરે એવી ચળકતી કૃષ્ણ કેશની રચના, લલાટની રક્ત અને રત્નોની ટીપકીઓ. કાળી ભમરો, અં-જનોથી સુશોભિત અણીદાર તેજસ્વી નેત્ર કમળો, સુંદર, ઉ-ન્નત, અણીદાર :બુલાખો-નથો સહિત અણીદાર નાસિકાઓ અને અર્ધસ્મીતયુક્ત રક્ત અધર પલ્લવો, પુષ્ટ ને ચળકતા ગાલ, તથા વાંકી દૃષ્ટિથી મુનિને જાણે નેત્રના ખૂણાથી અને બન્ને હસ્ત કમળોથી 'અમે આપની સેવામાં તત્પર છીએ' એવો ભાવ સૂચવતીઓ હોય એમ એક નજરથી જોતી હોય એવી એ ચારે અપ્સરાઓને તે મહામુનિએ ચારે ખુણામાં જોઇ. પણ જોતાંજ એવો હૃદયમાંથી સંકલ્પ થયો કે અહા! હા? આ શું! આવી આરસપાણની પૂતળીઓ અહીં કયાંથી? આ પણ એક માયાનો વિલાસ છે. પછી પોતાના વિશાળ હૃદયથી વિચાર થઇ આવ્યો કે આ પણ જડ, દુ:ખ અને અ-

સત્, માયાનું કાર્ય છે, ને દેવ વિઘ્ન છે. માટે મારે તેનું શું કામ છે ? એમ જાણી પોતે તેની ઉપેક્ષા કરી; ને પછી આંખો મીચી અંતર્મુખ થઇ પોતાના સ્વરૂપનું ધ્યાન કરતાં તેમાં તદાકાર થઇ ગયા. પણ જે ચારે અપ્સરાઓ હતી તેમાં મુનિએ તેમનામાં કામભાવના કે સાપેક્ષભાવના નહિ કરતાં જડપાષાણ તુલ્ય ભાવના કરી કે તે ચારે સાચીજ આરસપાણ પાષાણની મૂર્તિઓ થઇ ગઇ. ને તે પર્ણકુટિમાંજ જડ અને સ્થિર થઇને રહીઓ. આ સમાચાર જ્યારે એ ચારે જણીઓ સ્વર્ગમાંથી આવીઓ ત્યારે, ગુપ્તપણે ઇંદ્રના કહેવા પ્રમાણે તે અપ્સરાઓ મુનિને છળવાનું કામ કરે છે કે નહીં તે જોવા માટે ઇંદ્ર એક તેમની ગુપ્ત ચેષ્ટા જોવા માટે દૂત મોકલ્યો હતો, તેણે ગુપ્ત પણે રહી આ રંભાઆદિ અપ્સરાઓનું ચરિત છાનુંમાનું જોયું; ને તે પછી તેણે સ્વર્ગમાં જઇ ઇંદ્રને કહ્યું કે હે દેવાધિ દેવ ! પેલી ચારે જણીઓ પરાજય પામીને પથ્થરમય બની ગઇઓ છે. પથ્થરની પૂતળીઓ થઇ ગઇઓ છે. સુરેન્દ્ર આ વાત સાંભળી એક સામટો ક્રોધાંધ બની, પોતાનું વજ્ર લઇ ઐરાવત ઉપર બેસી તે મુનિના ઉપર અત્યંત કોપ કરી તેમનો નાશ કરવાના હેતુથી તે આનંદવર્ધનવનમાં આવ્યો. ત્યારે પણ સમય પૂર્ણિમાની મધ્ય રાત્રિનો હતો. ને મુનિ તો માત્ર પોતાના સ્વરૂપ ધ્યાનમાંજ હતા. તથાપિ આવતા ઇંદ્રે તે મુનિના આનંદવર્ધનની શોભા પોતાની અમરાવતી કરતાં અધિક જોઇ. એ સમયે એ વન અને ચંદ્રકુંડ, એવી શોભા વાળાં થયાં કે એના આગળ માનસરોવર ને નંદનવન એક તુચ્છ સરખાંજ લાગે. એ વનના તમામ વૃક્ષો તે બધા દેવદ્રુમને લજવે એવાં સુગંધવાન,

પુષ્પોથી-ફળોથી ભરપુર થઇ ગયાં. મુનિના આશ્રમ સમીપ અનેક દીપકોના પ્રકાશ જોવામાં આવ્યા. મુનિના આંગણામાં ચાર રત્નના દીપકોની દીપમાળાઓ જોવામાં આવી. એકતો જગજ્યોતિરૂપ ચંદ્રનો અને બીજા રત્ન દીપકોથી પ્રકાશિત થઇ રહેલી જળહળતી દીપમાળાઓના પ્રકાશથી ગ્રીષ્મઋતુના મધ્યાહ્ન કાળના પ્રકાશને લજવે એવો તથા પૃથ્વીના પરમાણુઓને પણ પ્રકાશિત કરે એવો અતિ ઉજવળ પ્રકાશવાળા તે મુનિઆશ્રમના ચોકમાં એક સહસ્ત્ર દેવસ્ત્રીઓ દિવ્ય સૌંદર્ય અને દિવ્યકાંતિઓથી દીપતી જાણે તે સ્ત્રીઓમાંની એક યુવતિ સહસ્ત્ર શચિ (ઇંદ્રાણી)ને જવે એવી સૌંદર્યથી ભરપુર હતી. એવી સહસ્ત્ર સ્ત્રીઓનું મંડળ તાલ, મૃદંગ, વાદ્ય સાથે અતિશય આનંદજનક તે તપોમૂર્તિના યોગના મહાત્મ્યનો ને તેમના બ્રહ્મચર્ય મહિમાનો, સુંદર ગરબો ગાતી હતી. તેમાં અનવધિ આનંદ ઝામી રહેલો હતો. તેને વજ્રપાણીએ (હાથમાં વજ્ર લીધું છે એવા ઇંદ્રે) જોયું. કે તુરત તેનો મોહ પોતાની સ્ત્રી શચીપરથી ઉતરી ગયો. ને આ અવનવા કોઇ દિવસ નહિ જોયેલા સ્ત્રી સમૂહમાં પોતાનું મન લાગી ગયું. મનમાં વિચાર ઉપજી આવ્યો કે અહા હા ! શું આ મુનિના વિભોગની વિશાળતા. આવા નિર્ધન ને દીન જેવા અને કોઇ પણ સંપત્તિ વિના માત્ર અરણ્યમાં એક પર્ણકુટિમાં વન્ય આહાર કરી પડી રહેનારને નિત્ય સંયમ પરાયણ રહેનાર યોગી મારા કરતાં પણ અધિક સુખી ને વિભોગી છે ? આ સમૃદ્ધિ અને સ્ત્રીસૌંદર્ય આગળ મારું તુચ્છ સ્વર્ગ ને શક્રપત્ની શચી શી ગણનામાં છે ? મૂળ પોતે દેવજાતિ એટલે તે સમૂહમાં રહેલા સ્ત્રીના સૌંદર્યથી લોભાઇ ગના કામી અંતઃકરણનો

વિચાર ફરી ગયો ને જે હાથમાં વજ્ર લઇને વધ કરવાની ઇ-
ચ્છાથી આવેલો તેના મનમાં એમ થયું કે આવા સમર્થ સાથે
કોઇ રીતે વૈર ન કરતાં તેમને અનુસરીને ચાલવું એજ ઉત્તમ
છે; પણ તે મુનિ સાથે મૈત્રીભાવનાથી વર્તી તેમની પ્રસન્નતા
મેળવી મારે આ સૌંદર્યવતી સ્ત્રીઓમાંથી એક ઉત્તમ વરાંગના
મેળવવી. એવો નિશ્ચય કર્યો. તે પછી જ્યારે તે મુનિ પાછલી
રાતે સંયમમાંથી ઉઠી શૌચ સ્નાનાદિ સર્વ નિત્ય ક્રિયાથી પ-
રવારી પોતાના સંધ્યા વંદનાદિ નિત્ય કર્મથી પરવારી પોતાના
બહાર બિરાજવાના આસન પર પોતાના સંયમાભ્યાસી શિષ્યોને
સંયમબોધ આપવા બિરાજ્યા, ત્યાં તે કામવશ થયેલા ઇંદ્રે
એક યાચક વિપ્રના સ્વરૂપે અતિથી રૂપે આવી યાચના કરી.
ત્યારે તે ત્રિકાળજ્ઞ મહાયોગીએ જાણ્યું કે આ મને વિઘ્નથી
દુઃખ દેનાર ત્રિલોક પતિ ઇંદ્ર છે; એમ જાણીને તે આવનાર
અતિથિરૂપ યાચકને મુનિએ કહ્યું કે તમારી શિ ઇચ્છા છે?
ત્યારે તેણે જણાવ્યું કે આજે રાત્રીએ જે સહસ્ત્ર સ્ત્રીમંડળનો
સમૂહ આપની પર્ણશાળાના આંગણામાં ગરબો ગાતો હતો
તેમાંથી મને ઘણામાં ઘણી સૌંદર્યવાળી એક સ્ત્રી આપો. ત્યારે
મુનિ બોલ્યા કે આજે રાત્રિએ તે મંડળી જે સમયે ગાવા આવે
ત્યારે તેમાંથી તમને જે ગમે તેવા સ્વરૂપ વાળી એક સ્ત્રી લઇ
લેજો. આ પ્રમાણે તે મહાયોગીનું વચન સાંભળી ઇંદ્ર પોતા-
ના મનમાં ઘણો પ્રસન્ન થયો. ને મધ્ય રાત્રીના સમયે તે સ્થ-
ળે પોતે આવીને તે સહસ્ત્ર સ્ત્રીમંડળના સમૂહમાં આવી તેણે
વિચારી વિચારી ઝીણામાં ઝીણી દૃષ્ટિ કરી વારંવાર નિહાળી
નિહાળીને એક સ્ત્રી પોતે લઇ જવાને ધારી ને તેને લઇ જેવો
પોતાની અમરાવતીમાં પોતાના દિવ્ય અંતઃપુરમાં જાય છે ત્યાં

પોતાની શચિએ ઇંદ્રને કહ્યું કે અત્યાર સુધી તમે ક્યાં ગયા હતા?

ઇંદ્ર—અરે! તારે માટે સોક્ય લેવા.

ઇંદ્રાણી—અરે! મારે માટે સોક્ય કેવી?

ઇંદ્ર—તને દેવલોકનું સુખ ભોગવતાં ગર્વ થયો હતો, માટે નવી સ્ત્રી લાવ્યો.

ઇંદ્રાણી—અરે ક્યાંથી?

ઇંદ્ર—પેલા તપોમુર્તિના આશ્રમમાં તારા કરતાં સહસ્ત્રઘણા સૌંદર્યવાળી અનેક સ્ત્રીઓ છે તેમાંથી જો હું આ એક લાવ્યો.

ઇંદ્રાણી—ક્યાં?

ઇંદ્ર—જો આ ઉભી.

ઇંદ્રાણી—હું તો કાંઇ જોતી નથી.

ઇંદ્ર—જો જો આ ઉભી.

[ઇંદ્રને એવી ભ્રાંતી થઇ કે જે સૌંદર્ય જોઇ જે સ્ત્રીને લાવ્યો હતો તેજ તે ઇંદ્રાણીને જોવા લાગ્યો.] પણ ઇંદ્રાણીએ પોતાના વિના બીજી સ્ત્રી જોઇ નહીં.

વારંવાર ઇંદ્ર તો એ રીતે વિકલ (ગાંડા) થયેલા મનુષ્યની પેઠે બોલવા લાગ્યો. અને પોતાની સ્ત્રી પ્રતિ ઘણું તિરસ્કાર બતાવવા લાગ્યો. તે સ્ત્રી પ્રતિ કહેવા લાગ્યો કે અહા હા! આવી તુચ્છ દેવજાતિથી અધિક શું છે? ધન્ય છે તે તપોમૂર્તિને કે જેના આશ્રમમાં એક એક સ્ત્રી સહસ્ત્ર શચીઓને લજવે એવી સૌંદર્યવતી છે કે જેમાંની મારા સ્વર્ગમાં એક પણ મળે નહિ.

ઇંદ્ર—(શચી પ્રતિ) પ્રિયા? હવે એમ ન સમજશો કે આ સુરેન્દ્ર કદાપિ તમારા તુચ્છ મોહમાં ફસાય!

ઇંદ્રાણી—પ્રિય! આપ શું બોલો છો? તે કાંઇ મારાથી સમજાતું નથી. હું જે તમારી સ્ત્રી છું તેજ છું તમે બીજી જે સ્ત્રી લાવ્યા તેને હું કયાંઇ પણ જોઇ શકતી નથી.

ઇંદ્ર—યદ્વા તદ્વા, (ગમે:તેમ) સંબંધ વિનાનું બોલવા લાગ્યો.

ઇંદ્રાણી—અરે આ શું? મારો સ્વામી સુરેન્દ્ર કે જે સર્વ દેવોનો અધિપતિ ને સ્વર્ગનો રાજા તે શા કારણથી આવી સ્થિતિ પામ્યો? ને તે જે કાંઇ બોલે છે તે સંબંધ વિનાનું ને અસત્ય લાગે છે; કદાપિ દેવ અસત્ય બોલે નહીં. માટે તેને વિકળતા શાથી પ્રાપ્ત થઇ? માટે મારે મારા સ્વામીની વિકળતા માટે યોગ્ય ઉપાય કરવો જોઇએ. તો હવે હું શું કરું? કોની પાસે જાઉં, ને મારા સ્વામીની વિકળત માટે મારે કોને પૂછવું? સ્ત્રીઓનો ધર્મ છે કે પોતાના પતિના સુખે સુખ; ને દુઃખે દુઃખ એમ માનવું જોઇએ. માટે મારે હું તેની શી ચિકિત્સા કરવી? હું તે કોઇ ધન્વંતરી કે અશ્વિની કુમાર જેવા વૈદ્યને પૂછું, કે બીજા કોઇને. એ પ્રમાણે મનમાં વિચારતાં હૃદયમાં સ્ફુરણ થયું કે જયારે જયારે મારા સ્વામી પોતાને કે સ્વર્ગને મસ્તકે આપત્તિ આવતાં ત્યારે અવશ્ય દેવ ગુરુ વાચસ્પતિ (બૃહસ્પતિ) ને પૂછતા; ને તેમના કહેવા પ્રમાણેજ વર્તતા. માટે હું પણ આવા પોતાના ધણીની વિકલસ્થિતિ રૂપ મહાકષ્ટને પામેલી બીજા કોને પૂછવા જાઉં? શાસ્ત્ર પણ કહે છે કે आत्मबुद्धि हितार्थाय गुरुबुद्धि विशेषतः। (પોતાની બુદ્ધિ માણસનું હિત કરનારી મનાય છે; તથાપ, ગુરુ બુદ્ધિ પણ વિશેષ હિતકારી થાય છે) માટે મારા દેવ-

ગુરુને આ વાત પૂછું; કે મારા સ્વામી કેમ આવા વિકલ જેવા થયા છે ? પછી જે મારા ગુરુ મને બતાવશે તે પ્રમાણે હું કરીશ. પછી શચિદેવી દેવગુરુ બ્રહુસ્પતિના શરણમાં ગયાં; ને ત્યાં જઇ ગુરુને ને ગુરુપત્નીને સવિનય પાદાભિવંદન કરી સાનંદ્ર રત્યુંત્ર કરી પોતના સ્વામીના વિકલપણા માટે પૂછ્યું. ત્યારે તે દયાથી અત્યંત કરુણાવાળા બ્રહુસ્પતિએ કહ્યું કે હે દેવી! તમારા સ્વામીએ મહાયોગી તપોમુર્તિ કે જે એક સદાશિવના પ્રતિનિધિ તુલ્ય છે, પરબ્રહ્મરૂપ છે, નિર્વિકાર અને કોઇપણ જાતના રાગદ્વેષ વિનાના ને મહાયોગી છે; તેમનો તે ઇંદ્રે વિના કારણે દ્રોહ કર્યો છે. તેથી વિકલ સ્થિતિ પામ્યો છે. માટે તમે જાતેજ તે માટે કાંઇ ઉપાય કરવા ધારશો તો થશે, નહિતો હમણાં જોતજોતામાં તમારો શત્રુસમૂહ દૈત્યમંડળ આવી સ્વર્ગનું આધિપત્ય લઇ તમારા સુધાંનું સ્વાસ્થ્ય હાર લેશે. માટે તમ તત્કાળ અહિંથી તે ધવલગિરિ સમિપના આનંદવર્ધન વનમાં જાઓ. ને એક દાસીનું સ્વરૂપ ધારણ કરી હાથમાં સાવરણો લઇ તે મુનિની પર્ણશાલાથી તે ચંદ્રકુંડ પર્યંતના માર્ગ વાળી ભૂમિ સ્વચ્છ કરી કાંટાકાંકરા વિનાની સુગમ કરો. મુનિની પર્ણશાલા આગળ જોઇતા ઇંધન માટે વગડામાંથી સૂકાં કાષ્ઠ લાવીને નાખો. એ રીતે એક માસ પર્યંત સેવા કરજો, પણ તે બધું પ્રતિદીન તે મુનિશ્રીના પોતાના શયનમાંથી ઉઠયા પહેલાં તૈયાર થઇ જવું જોઇએ. એમ એકમાસ પૂરો થતાં આ ગૃહાંગણની સ્વસ્થતા અને કાષ્ઠાનયનનું કામ કોણ બજાવેછે? એવી પૃચ્છા તે મુનિ પોતાના શિષ્યોને કરશે, ત્યારે તે મુનિશિષ્યો પોતાના ગુરુવરને તમારી બીના જણાવશે. પછી ગુરુ ત-

અને મળવા માટે પોતાના શિષ્યોને કહેશે. ત્યારે તમે ભીલડી-ના સ્વરૂપે મુનિને સાષ્ટાંગ પ્રણામ કરી તમારા સ્વામીની વિ-કલતા વિષે પૂછશો. એટલે તે દયાળુ તમારા સ્વામીની વિક-લતા મટી સ્વસ્થપણું પ્રાપ્ત થાય તેવો તમને ઉપાય બતાવશે. હે ઇંદ્રપત્નિ! તમારા સ્વામીના અપરાધપ્રમાણે તો હજુ તે-અને શિક્ષા થઇ નથી; આવા મહાત્મા કે જેઓ આખા ભૂલોકનું એક રત્ન છે, તેના વધનો અશુભવિચાર કરીને ત-મારો સ્વામી તો ત્યાં ગયા હતા; પણ ત્યાં તે મહાત્માની યોગમાયાનો પ્રભાવ જોઇ તેમની સંયમ સિદ્ધિ રૂપ એક સ્ત્રી-ની માગણી કરી સ્વર્ગમાં આવ્યા. એવા દયાળુ મહાત્માએ ઇંદ્રનું કામાંધપણું જોઇ તેને સ્ત્રી લઇ જવાની આજ્ઞા કરી પણ તેતો કાંઇ મુનિની યોગમાયા અથવા સંયમ સિદ્ધિ કાંઇ ઇંદ્રને પ્રાપ્ત થઇ શકે? નજ થાય. કારણ કે કર્મનો મહિમા એવો છે કે જે કરે તેજ પામે; જેની તપશ્ચર્યા હોય તેની સિદ્ધિ તેનેજ મળે; અન્યને નહિ. માટે તે સંયમસિદ્ધિ સંયમરૂપ શુભ ક્રિયા પોતાના કર્તારૂપ મુનિનો ત્યાગ કરી ઇંદ્રને કેવી રીતે પ્રાપ્ત થાય? થાયજ નહિ. જેમ એક માણસે કલ્પેલો વેતાળ, ભૂત, કે પિશાચ તે બીજાને દુઃખ ઉપજાવી શકતો નથી. તેમ જેણે જે સંકલ્પ સૃષ્ટિ ઉભી કરી હોય તે તેનેજ-સંકલ્પ કરનારને જ સુખ કે દુઃખ ઉપજાવી શકે છે. બીજાને જરા પણ હાનિ લાભ કરતી નથી, તેમ મુનિની સિદ્ધિ મુનિના શરીરને મૂકી સ્વર્ગમાં આવીજ નથી, પણ ઇંદ્ર કે જે દેવત્વની સત્તા અથવા સુ-રાધિશની સત્તાના અભિમાનથી માનવા લાગ્યો કે મુનિનો પ-રાજય કરી સુંદર શચિથી અધિક સૌંદર્યવાન્ સ્ત્રી હું લાવ્યો, પણ તે તેને ભ્રાંતિ ઉપજી છે. તમારો પતિ પ્રત્યેક કાર્યમાં મને

પૂછયા વિના કોઇ કાર્યનો આરંભ કરતાજ નહિ; છતાં તેમના અદૃષ્ટે આ મુનિનો અપકાર કરવાની ઇચ્છા ઉપજાવી ભૂલાવ્યા છે. માટે જ્યારે તમે આ પ્રમાણે ગુપ્તસેવા કરશો ત્યારે તે મુનિ કહેશે કે "જાઓ, તમારો સ્વામી વિકલતારહિત સ્વસ્થતાવાળો થશે; ત્યારે તમારો ઇંદ્ર સાજો થશે.

દેવગુરુનું વચન સાંભળી શચિએ મનમાં ધાર્યું કે 'હવે મારે મારા કર્તવ્યમાં વિલંબ કરવો નહિ.' એમ જાણી તુરતજ તે ધવલગિરિ સમીપ આનંદવર્ધનવનમાં જઇ ભીલડીના સ્વરૂપથી રહીને એક માસ પર્યંત તેણે દેવગુરુના કહેવા પ્રમાણે તે તપોમૂર્તિના ગૃહાંગણનું માર્જન અને જળસિંચન કર્યું. તેમજ મુનિની પર્ણશાલા પાસે સૂકાં કાષ્ટનો એક મોટો સંચય પણ કરવા માંડયો. તે જોઇ તે મહાત્માએ પોતાના જ્ઞાનભૂષણ અને શિલભૂષણને પૂછયું ત્યારે તેનું કારણ પણ તેઓના જાણવામાં હોવાથી કહ્યું ત્યારે એક દિવસ પ્રાતઃકાળમાં જ્યારે શચિ ભીલડીના સ્વરૂપે પોતાનું નિત્યનું કાર્ય કરતી હતી તે જોઇ શિષ્યોએ ગુરુને નિવેદન કરતાં તે મહાત્માએ આવી તે ભીલડીને કહ્યું કે બાઇ! શા માટે આટલો બધો શ્રમ લ્યો છો? ત્યારે તેણે પોતાના સ્વામીની વિકલતાનું કારણ કહ્યું. ત્યારે મુનિ બોલ્યા કે જાઓ આ ચંદ્રકુંડમાંથી જળ લઇ જઇ તમારા સ્વામીને આચમન કરાવી શરીરે માર્જન કરો એટલે બધી વિકલતા મટી જશે, ને જ્યારે તેની વિકલતા મટે ત્યારે તેને કહેજો કે, કોઇ ભજનશિલ પુરુષોને તમારે છેડવા નહિ. પછી ત્યાંથી શચિ ચંદ્રકુંડનું પાણી લઇ સ્વર્ગમાં ગઇ ને ઇંદ્રને મુનિના કહ્યા પ્રમાણે ઉપચાર કર્યો. ત્યારે ઇંદ્રને સ્વસ્થતા પ્રાપ્ત થઇ. ત્યારે તેને અચિંતિત પશ્ચા-

ત્તાપ થવા લાગ્યા. કે અહા! હા! મે કેવું નિચ કામ કર્યું? મેં તપોમૂર્તિ જેવા મહાત્માનો અપરાધ કર્યો? એ શું ઓછું પાપ કર્યું છે? માટે હવે તો તેમને મારી અમરાવતામાં તેડી લાવી મારે તેમને સર્વાધિરાજિત એવા ઉત્તમ નામથી બોલાવવા જોઇએ. સાચે સાચુંજ એ આ સૃષ્ટિના પરમેશ્વરનુંજ બીજું સ્વરૂપ છે. શુ એમને ચળાવવા મેં શું રંભા, મેનકા, તિલોત્તમા અને ઉર્વશી જેવીઓનું પ્રેરણ (મોકલવું) અહા! હા! મહા ખેદની વાત છે! પણ શું કરૂં એ આ દેવજાતિનો પરોત્કર્ષની અસહનતાનો સ્વભાવ એ કારણરૂપ છે. ક્યાં આ મહાત્માનું યોગબળ ને ક્યાં મારે અપ્સરાઓને તેમનું ધૈર્ય જોવા મોકલવી! હા ખેદ! મેં બહુજ ભુંડું કર્યું? અરે! એ તો ઠીક પણ મારા સ્વર્ગની શોભારૂપ સુંદર અપ્સરાઓ તે પણ મે ખોઇ. કારણ કે તે પણ બિચારીઓ મારે માટે પ્રાણાર્પણ કરવા તત્પર થઇઓ ને મુનિના પ્રકોપથી જડ પાષાણની પ્રતિમાઓ થઇ ને રહી છે. હવે તો મારેજ તે મહાશયને શરણે જઇ મારા અપરાધની ક્ષમા માગવી. એ પ્રમાણે પોતાના મનથી વિચારીને ઇંદ્ર પણ પોતે શુદ્ધ બુદ્ધિથી હૃદયમાં પૂજ્ય બુદ્ધિ ધારણ કરી તે આનંદવર્ધન વનમાં આવ્યા; ને પોતે તેજ મહેન્દ્રના સ્વરૂપે તે મહાત્મા તપોમૂર્તિના આશ્રમમાં આવી પોતે કરેલા સર્વ અપરાધોની ક્ષમા માગીને તેમને વિનંતી કરી કે આપ મારા ઉપર કૃપા કરી મારા મહેંદ્રાસનને પવિત્ર કરો. પછી તે દયાળુ મહાત્માએ ઇંદ્રનું માન જાળવવા ઇંદ્રના વિનવવાથી ઐરાવત નામના ગજેન્દ્રપર બિરાજી ઇન્દ્ર સાથે સ્વર્ગમાં આવ્યા; ને ત્યાં સુરેન્દ્રના આસનપર પોતે સારી રાતે બિરાજ્યા. ત્યા સમગ્ર લોકપાળ દેવો અને પછી ક્રમે

બ્રહ્માઆદિ દેવો પણ આવ્યા; અને દેવગુરુ વાચસ્પતિ (બૃહસ્પતિ) પણ ત્યાં આવ્યા; એટલે તુરત દેવેન્દ્રએ મનમાં કલ્પના કરી કે આ વખતે મારી રંભા, મેનકા, તિલોત્તમા, અને ઉર્વશીનું સુંદર નૃત્ય હોય તો કેવું સારું? એ શક્રના મનમાં સંકલ્પ ઉઠતાં જ જાણે અચાનક આકાશમાંથી અપ્સરાઓની પરંપરા નવીજ ઉત્પન્ન થઇ આવતી હોય તેમ એક પછી એક એમ કેટલીએક અપ્સરાઓનો સમૂહ ત્યાં નવોજ ઉત્પન્ન થયો તેમાં એ રંભા જેવી અનેક અનુપમ રંભાઓ, અનેક મેનકાઓ, અનેક તિલોત્તમાઓ, અને અનેક ઉર્વશીના કરતાં સુંદરતામાં, શૃંગારપણામાં, લાવણ્યપણામાં અને ગાન તથા નૃત્યમાં કુશળ અસંખ્ય અપ્સરાઓનો સમૂહ ઉત્પન્ન થયો. ને ત્યાં અનેક જાતનાં વાદ્યો, મૃદંગો, ઝાંઝોના ઝણકાર થવા લાગ્યો. એટલામાં ત્યાં ગાયનોનો રંગ જામતાં અનેક દેવગંધર્વો સુંદર સ્વર પૂર્વક ગાવા લાગ્યા. એટલામાં ઇશાન તરફથી જેમણે પોતાના હાથમાં ત્રિશૂલ અને ડમરુ ધારણ કરેલું છે એવા પિનાકપાણી મહેશ્વર (સદાશિવ) પણ ત્યાં પધાર્યા; તેમના સન્માન માટે તે શક્રભવનમાં સૌ દેવઆદિ મંડળ ઉભા થઈ અભ્યુત્થાન આપ્યું. તેજ સમયે તપોનિધિ આનંદવર્ધન વનના મહામુનિ તપોનિધિ પણ ઉભા થયા હતા. જેમને જોઇ સદાશિવ પોતે બોલ્યા કે કેમ છે મહાશય? તમે પણ આ બ્રહ્માંડમાં આકાશના સ્તંભરૂપ અને ભૂમિના આધારરૂપ તથા સર્વ દેવાદિને વર્તમાન એક મારા પ્રતિનિધિરૂપ છો. એવામાં પૂર્વદિશા ભણી એક હંસ ઉપર વિરાજિત થઇને વિધિ (બ્રહ્મા) તથા ગરુડારૂઢ થઇને ભગવાન્ વૈકુંઠાધિપતિ શ્રીવિષ્ણુભગવાન્ તે સભામાં આવ્યા.

તેમને જોઇને પણ તે તપોમૂર્તિ તથા સદાશિવ અને બીજું બધું સુરવૃન્દ અને મુનિસમાજે પણ ઉઠી અભ્યુત્થાન આપ્યું અને સર્વ દેવ, ઋષિ, મુનિ આદિ સર્વ સભાસદોએ તે પિતામહનો તથા શ્રીલક્ષ્મીકાંતનો પ્રણામાદિ વડે યોગ્ય સત્કાર કર્યો. તે પછી શ્રીબ્રહ્માએ મુનિવર્ય શ્રીતપોમૂર્તિના અચળ વૈરાગ્યનાં ઘણાં પ્રશંસા વાક્ય કહ્યાં. તેનું શ્રીસદાશિવે અનુમોદન આપ્યું. પછી સનમ્રપણે ઉભા થઇ સર્વ પૂજ્ય તે તપોમૂર્તિ બોલ્યા કે,—આજે આ દેવીઉત્સવમાં જે બ્રહ્મા, વિષ્ણુ અને સદાશિવ પધારી જે આ સુરસમાજ શોભાવ્યો છે તે તેઓશ્રીનું ઉત્તમ ઔદાર્ય અને મારા જેવા રંક ઉપરની કૃપાળુતા દર્શાવી છે. મારાથી જે કાંઇ સાધનાદિ થયાં છે તે મેં કોઇના ઉપર ઉપકાર કર્યો નથી કે કોઇના પર સપાડુ કર્યું નથી. માત્ર મારા અંતરાત્માની શાંતિ માટે થયું છે. મહેંદ્ર કોઇ પ્રકારે મારા વૈરી નથી ને તેમણે મારા ઉપર કોઇ જાતનો અપકાર કર્યો એમ પણ હું માનતો નથી. મને આ ત્રિદેવોની કૃપાથી કોઇ પણ અપકાર ઉપકારથી હાનિ લાભ કરી શકતું નથી. સર્વ દેવોએ પોતે શ્રમ લઇ આજના ઉત્સવમાં આશ્રય આપ્યો તે બદલે હું સર્વનો આભારી છું. એમ કહી સર્વને પ્રણામ કરી પોતે નીચે બેઠા. પછી શ્રીવિષ્ણુભગવાને સિંહ સમાન ગર્જના કરી સર્વ સભા સાંભળતાં જાણે ઇંદ્રને પ્રબોધતા હોય તેમ બોલ્યા કે શતક્રતુ (સોયજ્ઞ) જેવા પુણ્યથી ઇંદ્રત્વ પ્રાપ્ત થાય છે ને એવાં શુભ કર્મો કરી હજારો અને લાખો સ્વર્ગના ઇંદ્રો થઇ ગયા છે. પૃથ્વીપર અનેક રાજા મહારાજાઓ અને ચક્રવર્તી રાજાઓ થઇ ગયેલાની જેમ ગણના થઇ શકતી નથી તેમ કેટલા ઇંદ્ર થયા, તેની પણ ગ-

ણુના કોઈથી થતી નથી. છતાં પણ આ દેવત્વનો અવગુણ એવો છે કે કોઈનો ઉત્કર્ષ જોઇને તે સહન થઈ શકતો નથી. અમે એથી વિરુદ્ધ છીએ. કારણકે અહર્નિષ ભક્તો, જ્ઞાનિઓ, યોગીઓ અને તપસ્વીઓના અભ્યુદયનેજ જોવાની ઇચ્છા રાખીએ છીએ, એથી મહેન્દ્ર અગળા છે. તેથી જ્યારે ત્યારે એ એમની ઇર્ષ્યા, અસૂયાના કર્મથી દુઃખી થઇ પસ્તાવો કરે છે. જ્યારે અમારા લીલાવિગ્રહ ધરવાનો સમય હોય છે ત્યારે પણ આ તે કોઇ ઇશ્વર હશે કે મનુષ્ય હશે? મનુષ્ય હશે તો દેવસુખમાં આસક્ત થઈ મારું મહેંદ્રપદ લઈ લેશે, એવા અશુભ વિચારથી બળીને પછી તે સામા જીવનો દ્રોહ કરે છે. તેથી છેવટે તેને પસ્તાવાનોજ સમય આવે છે. અમારા કૃષ્ણાવતાર સમયે પણ અમારા પરમભક્ત ગોવર્ધનનો ઉત્સવ તે મઘવાથી સહન થયો નહિ. ત્યારે પ્રચંડ વૃષ્ટિ કરી; મારા સુરક્ષિત વ્રજને કષ્ટ આપ્યું. જેથી અમારે ગોવર્ધનોદ્ધરણ લીલા કરવાની આવશ્યકતા પડી. નરનારાયણને પણ તપશ્ચર્યા કરતાં ઇંદ્રે ચળાવવા માટે અપ્સરાગણને મોકલ્યો ત્યારે તે મહેશ્વરોએ તો આ તપોમૂર્તિની પેઠે ઉરુસ્થળમાંથી ઉર્વશી પ્રકટ કરી તેને મોહ પમાડયો.

સર્વત્ર જીવસમૂહ પોતાના સુકૃતથી સુખ અને દુષ્કૃતથી દુઃખને વશ થાય છે, એ સિદ્ધાંત જાણતા છતાં પણ જન્માંતરીય સંસ્કારને લઇ જીવોનો એવો અદેખો સ્વભાવ જન્મથીજ પડેલો હોય છે કે અન્યનું સુખ જોઇ સહન થઇ શકતું નથી. પરંતુ દુઃખ જોઇ પ્રસન્ન થવાય, પણ પરસુખ જોતાં અકારણ હૃદયમાં દાહ ઉઠે છે. જોકે એથી પણ પરસુખને ન સહન કરનારા અદેખાઓથી પરસુખમાંથી કાંઇ પણ ન્યૂનતા

કરી શકાતી નથી; પણ પોતે પાપના પંકથી ખરડાઇ દુઃખી થાય છે. ને જેના ઉપર તેવું અદેખાઇ કરી હોય તેના પાપાંશોનો પોતે ભોક્તા થાય છે. એમ જાણી ઘણા વિવેકી સજ્જનો કોઇના ઉપર અકારણ દ્રોહ (અનિષ્ટ ચિંતન), હિંસા કે વૈરપૂર્વક વિરોધ કરતા નથી. જે માણસ પરદ્રોહ કરે છે તે કાલાંતરે પણ તે પાપથી મુક્ત થતો નથી. પરદ્રોહ કરનારને ગંગા આદિ અનેક મહાતીર્થો પણ ક્યારેય પવિત્ર કરી શકતાં નથી એ વિષે બે વિદ્વાનોના સંવાદનું ટુંકું દ્રષ્ટાંત કહું છું કે કોઇ એક વિદ્વાને ગંગામહાત્મ્યનો શ્લોક વાંચ્યો તેમાં એમ આવ્યું કે:-

गंगागंगेति योब्रुयात् योजनानां शतैरपि ।
मुच्यते सर्व पापेभ्यो विष्णुलोकं सगच्छति ॥

ભાવાર્થ:—અનેક યોજન દૂર રહેલો માણસ પણ ગંગા-ગંગા એવો પવિત્ર ઉચ્ચાર કરે તો તે સર્વ પાપથી છુટીને વૈકુંઠ લોકમાં જાય છે.

તે શ્લોકાર્થ વિચારી મનમાં શંકા ઉપજી કે જ્યારથી ભગીરથ રાજા તરણતારિણી ભગવત્પદી ગંગાજીને પૃથ્વીપર લાવ્યા ત્યારથી તો ઘણા ઘણા માણસો ગંગાસ્નાન કરીને પોતાના પાપોનું પ્રક્ષાલન કરી રહ્યા છે. તેમજ ઘણા દૂર દેશ રહેલા માણસો પણ તેમનું નામ સ્મરણ કરે છે તેથી ભાગ્યેજ કોઇ ગંગાના નામથી અજાણ્યા હશે; તો સ્નાનથી તે ગંગાજી પવિત્ર કરે, કારણ કે જળમાં મેલ કાપવાનો ગુણ છે પણ જેનાં નામ સ્મરણથી પણ પાપનું પ્રક્ષાલન થતું હોય તો ઘણા યુગાંતરથી ભૂલોકમાં ગંગાજી આવ્યાં છે તેથી અનેક મનુષ્યો

સ્નાનથી ને સ્મરણથી શુદ્ધ થઇ ગયાં હશે; તેથી તે સર્વ પાપી મનુષ્યોનું પાપ બધું ગંગોદકમાં ભેગું થયું હશે તો એક નાના સરોવર કે નદીના કીનારામાં પણ કેટલાક રંગારા, છીંપા, કે ધોબી લોકો મેલાં લગડાં ધૂવે છે, તો તે આરાનું પાણી બધું મલીન થઇ જવાથી કેટલાક ડાહ્યા મનુષ્યો ત્યાં સ્વચ્છ, શુભ્ર અને નિર્મળ વસ્ત્રો ધોતા નથી. તો ઘણા વર્ષથી સત્યલોકમાંથી પતિતપાવની, તરણતારિણી, પુનિતોદકા ભાગીરથી મર્ત્યલોકમાં પધાર્યાં છે. જ્યારથી તે મહાદેવી ભૂલોકવાસી થયાં છે ત્યારથી અદ્યાપિ પર્યંતમાં જોતાં અનેક પાપી મનુષ્યો તે ભાગીરથીના સ્નાનથી અને સ્મરણથી પવિત્ર થયાં હશે, તો જલનો મેલ પણ કતકરેણું જેવી રેતિથી નિચે બેસી જાય છે, તેમ ગંગાજી પાસે પણ કાંઇ વિશુદ્ધ થવાનું સાધન હશે કે નહીં? જો કદાચ ન હોય તો તો ઘણા પાપીઓનું પાપ ગંગાના નિર્મળ જળમાં ભેગું થવાથી તેમાં સ્નાન કરનાર અથવા સ્મરણ કરનાર વિશુદ્ધ નહિ પણ પાપરૂપી મળવાળો થવો જોઇએ? આ શંકાના સમાધાનમાં સામા વિદ્વાને કહ્યું કે ના, એમ નથી; પણ ગંગાજી તો અનેક જન ઉદ્ધારિણી મનાય છે માટે પ્રતિદિન ઘણા જનોને, સ્નાનથી, દર્શનથી ને સ્મરણથી, પવિત્ર કરે છે પણ તેમના જળને ક્યારે પણ મોટા મોટા મહા પાપીઓના પણ પાપ કે દોષ સ્પર્શ કરી શકતા નથી. કારણ કે ગંગાજી પણ પોતાના જળને સદા પવિત્ર-નિર્મળ કરવાનો ઉપાય અહર્નિશ ચિંતવ્યા કરે છે, ને તે ઉપાય પોતાને સુગમ પ્રાપ્ત થવાથી તેમની પાપાહરણ કરવાની, પાપીઓને પવિત્ર કરવાની અસાધારણ શક્તિ કદાપિ પણ ન્યૂન

થતી નથી, કે કદાપિ કુંઠિત થતી નથી. ગંગાજીને પોતાના જળને વિમળ કરવાની યુક્તિ શી છે? કેઃ—

परदार परद्रव्य परद्रोह पराङ्मुखः ।
गंङ्गा ब्रूते कदागत्य मामयं पावयिष्यति ॥

ભાવાર્થઃ—ગંગાજી પણ અહર્નિશ રટણ કરે છે કે પરસ્ત્રી, પરદ્રવ્ય, પરદ્રોહ (પારકું અશુભ ચિંતન) થી અલગ રહેનારા સત્પુરૂષો ક્યારે આવીને મને પવિત્ર કરશે? માટે મહા પાપી, અતિ પાપી, આદિ સર્વ લઘુ-ગુરુ તથા ગબ્ધ આદિ સર્વ પાપોથી જીવોને માત્ર સ્નાન-સ્મરણથી પવિત્ર કરનાર ભાગીરથીને પણ પવિત્ર કરનારા આ તપોમૂર્તિ મહાત્મા જેવા જીવન્મુક્ત પુરુષો કે જેઓ જંગમતીર્થરૂપ ગણાય છે, તેઓ ગંગા આદિ સર્વ તીર્થોને પણ પવિત્ર કરેછે. જ્યારે તે સમર્થ પુરુષો તીર્થોને પવિત્ર કરવામાં સમર્થ છે, તો સેવા શુશ્રુષાથી પોતાના સેવકોને નિષ્પાપ કરે એમાં તો આશ્ચર્યજ શું? નહિજ.

તેમ અહીં પણ કહેવાનું તાત્પર્ય એ કે જે અધમ પુરુષો આવા અનુપમ સત્પુરુષોનો દ્રોહ કરે છે તે ક્યારે પણ અનેક તીર્થોનું સેવન કરે તથાપી તેઓ સત્પુરુષોના દ્રોહના પાપથી કાળાંતરે વિશુદ્ધ થઇ શકતા નથી. વળી જે પુરુષો અંતઃકરણના વિકારરૂપ જાત્યાભિમાન, દેહાભિમાન, ઐશ્વર્યાભિમાન કે વિદ્યાદિ સદ્ગુણોના અભિમાનથી પરમાત્માના ભક્તરૂપ અથવા જ્ઞાનિ, યોગી, કે કોઇ ભજનશીલ પુરુષોનો વિનાકારણ દ્રોહ કરેછે તો તે જે પૂર્વના સુકૃતયોગે જગતમાં જે ઉચ્ચતા, ઐશ્વર્ય આદિ અભિમાન પ્રકટવાનાં સાધનો તેને પ્રાપ્ત થયાં હોય તે સુકૃત ક્ષીણ થતાં તેનાં સાધનો બળીજાઇ જાય છે.

મે પછી તેનો અકસ્માત્ અધઃપાત થાય છે. માટે ઈંદ્રને પણ સારું સૂઝ્યું ને પાછળથી સમજાયું કે મારાથી અપરાધ થયો છે, તેથી તેને તે મહોત્તમ મુનિ પાસેથી ક્ષમાની યાચના કરતાં તે ઉદારચિત્ત પ્રસન્નતાથી તેને ક્ષમાદાન આપશે, જેથી તે ઈંદ્રાસનથી ભ્રષ્ટ નહિ થઇ શકે. બાકી સત્પુરુષોની નિંદા અને દ્રોહ જો કોઇને દેવત્વ પ્રાપ્ત થવાનું હોય તો તેથી, રાજ્ય પ્રાપ્ત થવાનું હોય તો તેથી, અને કોઈ ઉંચા ઐશ્વર્ય-લક્ષ્મી કે વિભોગ-સુખ પ્રાપ્ત થવાની તૈયારી હોય છતાં પવિત્ર ભજનશીળ જનોની કે હરિજનોની નિંદા દ્રોહનું પાપ આગળ ફરી વળી તેના પુણ્યનો ક્ષય કરતાં જેની તે નિંદા કે દ્રોહ કરતો હોય તેનાં કાંઇ પણ અવશિષ્ટ પાપાંશો હોય તેનો ભોક્તા થઈ પોતે નારકી થઇ નિરંતર્ દુઃખી થાય છે. જેથી આ ઈંદ્ર પણ થોડીજ વારમાં સ્વર્ગમાંથી પૃથ્વીમાં જઇ ઘણો દુઃખી થાત.

શ્રીવિષ્ણુનાં આ ઉપદેશ રૂપ વચનો સાંભળી સદાશિવે અને બ્રહ્માએ ક્રમે ઉભા થઇ તે દેવસભામાં સર્વને તેનું મનન કરાવવા કહ્યું કે વેદના ઉત્પત્તિસ્થાનરૂપ શ્રીવિષ્ણુભગવાને હરિજનોનો દ્રોહ ન કરવા જે નીત વાક્યો કહ્યાં તે અમારે અને આ સર્વ દેવમંડળને શિરોધાર્ય છે. માટે ઈંદ્રે પણ કદાપિ સ્વર્ગનાં આધિપત્ય અને સુરાધ્યક્ષત્વના મદને વશ થઈ કદાપિ તે ઉપદેશ ભૂલવો જોઇતો નથી. છતાં જે ભૂલીને વિષ્ણુના ભક્તને સતાવશે તેની દશા અંબરીશને સતાવતાં જે દશા દુર્વાસાની થઇ હતી તેવી થશે. અમારા ત્રિદેવોથી પણ ભજનશીળ પુરુષોને કાંઇ પણ કહેવાશે નહિ.

તે પછી સર્વ દેવસભાના સમક્ષમાં ઈંદ્રની સંમતિથી બૃહ-

સ્પતિએ તપોમૂર્તિના ભજનવિષે તેમના વૈરાગ્યની દઢતા વિષે ને તેમના બ્રહ્મચર્ય વિષે કેટલુંક વર્ણન કરી કહ્યું કે આજે આ મહાશયને સર્વાક્ષિજિત એવા નામથી ઇંદ્રમહારાજ બોલાવે છે જેથી પૃથ્વીમાં, સ્વર્ગમાં અને સર્વ દેવલોકમાં તે મહાશયને સર્વથી સર્વાક્ષિજિત કહેવાશે અને તેજ નામથી બોલાવવા હવે સર્વ દેવ, દૈત્ય, મનુષ્ય આદિ સર્વને સુરાધ્યક્ષ ઇંદ્રમહારાજની આજ્ઞા છે. તે પછી સર્વ ઋષિ મુનિ જ્ઞાની અને યોગી તથા સર્વ દેવમંડળ તપોમૂર્તિના વૃત્તાંત જાણી પ્રસન્ન થયા ને તે સમયની બાહુલ્યતા વ્યતીત થયેલી જાણી ત્યાંથી સર્વ સમાજ વિસર્જિત થયો.

ચૌદે લોકમાં તમામ જીવો જે સુખ દુઃખમાં એક સરખી સ્થિતિમાં નહિ જણાતાં વિષમ સ્થિતિમાં દેખાય છે, એનું કારણજ સર્વ જીવો પોતપોતાની કૃતિ અનુસાર સુખ દુઃખ પામે છે. સુખમાં જેમ સમાન સ્થિતિ નથી હોતી તેમ દુઃખમાં પણ કોઇની સમાન સ્થિતિ નથી હોતી. જેણે જેવાંજેવાં સુકૃત કર્યાં હોય છે તેના પ્રમાણમાં તેને સુખો પ્રાપ્ત થાય છે, ને જેણે જેવાં દુષ્કૃત કર્યાં હોય છે તેને તેના પ્રમાણમાં દુઃખો પ્રાપ્ત થાય છે. તદનુસાર સિદ્ધિ આદિની પ્રાપ્તિમાં પણ જાણવું. જેઓ યોગ અથવા તપમાં અને ઇંદ્રિયનિગ્રહમાં અતિશય આગળ વધેલા છે તેમને પોતાની કૃતિના પ્રમાણમાંજ પ્રાપ્ત થાય છે. જે જે યોગીઓ કે તપસ્વિઓ દઢ વૈરાગ્યના બળથી જેટલા પ્રમાણમાં ઇંદ્રિયનિગ્રહ અથવા સંયમમાર્ગમાં વધારે સંતપ્ત થયેલા હોય છે, તેમને માયા પણ વધારે વધારે વિલાસી સુખોથી તૃપ્ત કરવા ઉચ્ચ ઉચ્ચ નિયોગો તેમની પાસે તૈયાર કરે છે. પણ તેઓ પોતાના અભ્યાસ, જ્ઞાન, અને વૈરાગ્યબળે

ભોગો અથવા અનુપમ સુખોનો સ્પર્શ કરતા નથી, તેઓજ પરમપદની પ્રાપ્તિ કરી શકે છે. સંસારમાં મહેશ્વર આદિ દેવોએ દેવલોકનાં સુખ અને ઉચ્ચ વિભવ સુખ કરતાં માત્ર પ્રભુનું સ્વરૂપજ પરમ સુખનું સ્થાન માન્યું છે. શુભ કર્મ કરનારને અન્ય માયિક સુખ શીઘ્ર પ્રાપ્ત થાય છે, પણ ત્વરાથી પ્રભુસ્વરૂપની પ્રાપ્તિ થતી નથી; જ્યારે જ્યારે તેવા ભજનશીળ પુરુષોને સંસાર વિભોગ સુખપર પરમ ઔદાસિન્ય પ્રકટે તે તેની જ્યારે સર્વાંતર્યામિને પૂર્ણ ખાત્રી થાય ત્યારેજ તેને પ્રભુની કૃપા થયાનાં ચિહ્નો જણાવા લાગે છે. બાકી સાધારણ ક્ષુદ્રસિદ્ધિ તો થોડા ઘણા મંત્રાનુષ્ઠાન કે અન્ય દેવાદિની ઉપાસનાથી પણ ક્ષુલ્લક સુખો જણાવા લાગે છે. ને તેમાં ઘણુ અપૂર્ણ હૃદયોવાળાને જરાક અભિમાન પ્રકટતાં તે સુખો અલ્પાઇ પણ જાય છે.

ब्रह्मसत्यं जगन्मिथ्या એ સિદ્ધ અને સત્ય વચન પ્રમાણે આ જગતમાં જે જે દૃશ્ય સુખો જણાય છે તે માયાના કાર્યરૂપ અથવા માયાના વિલાસરૂપ હોવાથી વાસ્તવિક સત્ય નથી; છતાં પણ ઘણા અવિવેકીઓ માયાનું મિથ્યા સ્વરૂપ ઉપલક દૃષ્ટિએજ જાણવાથી ને બ્રહ્મનું સત્ય સ્વરૂપ પણ ઉપલકજ જાણવાથી માયિક વસ્તુઓના સુખથી લોભાઇ જાય છે. તથા માયાના કાર્યરૂપ આ જગતમાં સ્ત્રી, ધન, અલંકાર, વસ્ત્ર, પંચવિષયો અને તેની અધિક ન્યૂનતા વાળા આ ભૂલોક તથા અન્ય દેવાદિ લોકના વિભવ સુખથી લુબ્ધ થઇ તેમાં મોહ પામી તેમાંજ આસક્ત રહી અખંડ બ્રહ્મસ્વરૂપના સ્મરણ ધ્યાનથી વિમુખ થઇને રહે છે. પણ જેઓ વિવેકી સદ્ગુરુ-

ન્ના ચરણકમલોના ઉપાસક વિવેક વૈરાગ્ય સંપન્ન પુરુષો વૈરાગ્ય, સદ્‌ગુરુસેવા, વેદાંત વિચાર, ઇંદ્રિયનિગ્રહ અને બ્રહ્મજ્ઞાન, વાસનાક્ષય અને પ્રાણાયામાદિ યોગાભ્યાસના બળે અંતઃકરણની નિર્મળતા-પકવતા પામેલા પ્રૌઢ હૃદયના માણસો સદ્‌વિચાર કરવાનું બળ પોતાનું વિશેષ હોવાથી હૃદયની વિશાળતા વધવાથી માયિક સુખોથી મોહાસક્ત થતા નથી, તેવાજ પુરુષો સંસારમાં માયાને જિતી શકે છે. ને જેઓ એ માયાને જિત્યા તેને માટે તો માયા પોતેજ ને પોતાને જિતનારનીજ થઇ રહે છે. જેમ કે કોઇ સમ્રાટ્ રાજા પોતાના જેવો બીજો કોઇ રાજા હોય તેને યુદ્ધાદિથી પરાજય પમાડે તે પરાજિત રાજા તેનું શરીર તેની સંપતિ તેનું કુટુંબ તેનું દ્રવ્ય તેની રાજ્યાદિ સર્વ સમૃદ્ધિ તે જીતનારનુંજ થાય છે, તેમ જે પુરુષો પરમાત્માના સ્વરૂપને જાણી પરમાત્મરૂપ બને છે એટલે ઇશ્વર સ્વરૂપને જાણવારૂપ યુદ્ધકળાથીજ પરમાત્મરૂપ થાય છે તેને તે પરમાત્માની માયા પોતે પણ તેમનીજ થાય છે. તેથી તે માયાના કાર્યરૂપ સર્વ લોક અને ભૌતિક લૌકિક સર્વ પ્રાણીપદાર્થો તે માયાની સાથે જ મહાત્માનાંજ થાય છે. જેથી તેને માયિક વસ્તુ પોતાની કરવા પૃથક્ કોઇ ઉપાય કરવાનો અવશેષ રહેતો નથી. જેથી ઘણા ઘણા ઇતિહાસોમાં આપણે વાંચીએ છીએ કે;—'અમુક અમુક પુરુષોને અમુક સિદ્ધિઓ પ્રાપ્ત થઇ ને તેમણે જગતમાં ઘણા ઘણા ચમત્કારો (પરચા) બતાવ્યા" પણ તેવા પકવાંતર્ મહાત્માઓ તે સિધ્ધિનો ઉપયોગ કરતા નથી. તેનું કારણ એ કે જેઓ સ્ફટિકાદિ ઉત્તમ રત્નોના પરિક્ષકો છે તે જેમને તે સુગમ પ્રાપ્ત છે તેઓ કદાપિ રત્નોના અલંકાર ત્યજીને પીતળ, તાંબુ, કાંસુ કે કાચના અલંકારો

શરીરે ધારણ કરતા નથી. જેઓને મૃદુ, સ્નિગ્ધ, મધુર, સાત્વિક અને ઘૃત દુગ્ધ મિશ્ર કે પકવાન્નોનો આહાર મળતો હોય તેવા વિશાળભાગ્યવાળા સદ્‌ગૃહસ્થો કે રાજ્યકુટુંબનાં માણસો એકાન્ત, રુક્ષ, સુકા, નિરસ કે ક્ષુદ્ર ધાન્યોના આહાર કરતા નથી. તેમજ પકવહૃદયનાં મનુષ્યોનાં અંતરમાં કદાપિ હલકા વિચાર કે હલકા વિષયો પર પ્રીતિ ઉપજતી નથી. તેજ પ્રમાણે જેઓનાં હૃદયોમાં શુદ્ધ સત્વગુણની વૃદ્ધિ થયેલી છે, ઉંચા પ્રકારનું શાસ્ત્રજ્ઞાન હૃદયમાં ઠસેલું છે, સુદૃઢ વૈરાગ્યનાં સિદ્ધાંતો પોતાના મનથી સત્ય સમજાઇ સંસાર પર જેમને ઔદાસિન્ય પ્રકટેલું છે, તથા ભોગ્ય પદાર્થોની ક્ષણિકતા, અસારતા, વિનાશિતા અને અસત્, જડ ને દુઃખરૂપપણું સમજાયું છે, તેવા મહાશયોને આ સંસારનો કોઈ પણ પદાર્થ મોહ ઉપજાવી પોતાનામાં આસક્તિ પ્રકટાવતો નથી. પણ જેઓ કેવળ પૂર્વાપર વિચાર વિનાના, શાસ્ત્ર સંસ્કાર વિનાની બુધ્ધિવાળા અને કોઈ પણ જાતનો સૂક્ષ્મ વિચાર કરવા અશક્ત તથા કાંઇ નાસ્તિક પુરુષોને સંસારની સત્યતા સમજાય છે. જેમને સંસારની સત્યતા સમજાય તેવાઓના હૃદયમાંથી કાળાંતરે પણ વિષયાસક્તિ નિવૃત્ત થતી નથી, ને તેથી તેવાઓ પરમપદ પામવા અને તેનાં સાધનોમાં પ્રવેશ કરવા માટે અધિકારરહિત છે. તેથી તેવાઓ માટે આ બ્રહ્મચર્યનો વિષય ઉપયોગનો પણ નથી. જેમને પોતાના સ્વધર્મ ઉપર પૂર્ણ પ્રીતિ છે, જેઓને સંસારની ક્ષણીકતાનું જ્ઞાન નિઃસંદેહ સમજાયું છે, તથા બ્રહ્મ સત્ય અને બાકી તમામ જગત્ તથા લૌકિક સુખો ઝાંઝવાના પાણી જેવાં, કુમારાના બાચકા જેવાં, આકાશના કુસુમની માફક

જેવાં, વાંઝણીના પુત્ર જેવાં, માનસિક મોદક જેવાં, ને રેતિના તેલ જેવાં મિથ્યા સમજાયાં છે, તેવા પુરુષો કે જે વિબુધોથી ધન્યવાદને પાત્ર મનાય છે તેમને માટેજ આ મહાવ્રત બ્રહ્મચર્ય સાર્થક છે. ને મોટામાં મોટી ને ઉંચી સિદ્ધિઓ તેવા પુરુષોનું જ ધૈર્ય અને દૃઢ વૈરાગ્યની પરીક્ષા જોવા માટે પ્રાપ્ત થાય છે. વિશેષ કહીએ તો સૃષ્ટિ નિયંતાનો એમાં એવો પણ સંકેત હોવો જોઇએ કે,—પોતાની માયારૂપ દાસીદ્વારા તે મુમુક્ષુરૂપ પોતાની કૃપાને યોગ્ય થયેલાઓનો વૈરાગ્ય અને ધૈર્ય દૃઢકરાવી કેવળ આત્મપરાયણ કરાવવો માટેજ તે સિદ્ધિઓનો અનાદર કરવો એવું શિક્ષણ આપતા હશે. કારણ કે વાસ્તવિક જોતાં પ્રભુથી વિલક્ષણ આ સર્વ સિદ્ધિ આદિ ઉચ્ચ લોકનાં સુખો, વિભવો એ માત્ર માયાનું કાર્ય હોવાથી અસત્, જડ ને દુખરૂપ છે. ને માત્ર સત્ ચિત્ ને આનંદ રૂપ હોવાથી પોતાનું સ્વરૂપજ સત્ય છે; એમ પણ સમજાવતા હશે. ક્યા પુરુષો કૈવલ્યપદને યોગ્ય છે? ને કેવા પુરુષો તે મહાપદને યોગ્ય નથી? તે આ બ્રહ્મચર્યના ધારણ ઉપરથીજ સમજાય છે. જે પુરુષો પંચ વિષયોમાં નિરંતર આસક્ત છે, તેવાઓ નિરંતર બહિર્મુખજ રહ્યા કરે છે; કારણકે તેવાઓથી ક્યારે પણ સુદૃઢ વૈરાગ્ય સેવી શકાતો નથી. વૈરાગ્ય વિના સાધનપરાયણ થવાતું નથી; ને તે વિના ચિતૈકાગ્રતા પ્રાપ્ત થતી નથી, ને ચિતની એકાગ્રતા વિના કોઇને ક્યારે પણ પોતાના આત્મસ્વરૂપનું ભાન થતું નથી. કેટલાક વિકળચિત્ત પુરુષો એમ માને છે કે, **सर्वंखल्विदं ब्रह्म** એ શ્રુતિ વાક્યથી સર્વ બ્રહ્મરૂપજ છીએ; તેથી ધ્યાતા, ધ્યેય અને ધ્યાન એ સર્વે બ્રહ્મરૂપજ છે; ને સંસારમાં જે કાંઇ દૃષ્ટિએ પડે છે તે પણ

બ્રહ્મરૂપજ છે. જેથી પ્રમાતાને અન્ય કાંઇ કર્તવ્ય નથી. કેવળ બ્રહ્મપરાયણતાનો નિશ્ચયજ જોઇએ; પણ તેમાં મોટી ભૂલ છે, કારણ કે પ્રસંગ પ્રાપ્ત થતાં તેવા પુરુષોની બ્રહ્મપરાયણતા તેમના હૃદયમાંથી પલાયન કરી વિષય પરાયણતા મુખ્ય સ્થાન લેવા પામે છે, ને તે વખતે તેનું વિષયાસક્ત હૃદય શૂન્ય તથા મૂઢ બની બેસે છે, જેથી તે બ્રહ્મપરાયણતા જેવી જોઇએ તેવી સદા અબાધિત રહેતી નથી. તો પછી તેની બ્રહ્માકાર થવાની તો આશાજ શી? એવા વાચિકજ્ઞાની અથવા શુષ્કજ્ઞાનીઓ તો એમજ માની બેસે છે કે અમારે હવે કાંઇ પણ કર્તવ્ય પાસવ્ય છે નહિ, પણ જ્યારે અવસાન કાળ પ્રાપ્ત થાય છે ત્યારે તેઓનું સ્વચ્છંદીપણું તેમને ભયંકર કષ્ટરૂપ જણાય છે. અને તેમનાં બોલવાનાં વચનો તથા તેથી મનાયેલી બ્રહ્મપરાયણતા કશું કામ કરી શકતી નથી; કારણ કે તેમને આત્મસ્વરૂપમાં વિશ્રાંતિ કદાપિ મળતી નથી. તો અનાત્મમાં સુખ શાંતિનો સદ્ભાવ ક્યાંથી હોય ? નજ હોય. જેઓને સર્વમાં બ્રહ્મ છે, એવો નિશ્ચય થયો હોય તેમને માટે પણ બ્રહ્મચર્યરૂપ મહાવ્રત પાળવાના ઉપદેશની અગત્ય નથી. કારણ કે સચ્ચિદાનંદરૂપ બ્રહ્મસ્વરૂપનું જેને જ્ઞાન થયું હોય તેનાથી સમગ્ર ભોગ્ય અને ભોક્તામાં પણ એકતા સમજાઇ હોય છે; તેથી તમામ ભોગ્ય પ્રાણી પદાર્થો અને ભોક્તા એ સર્વ પોતારૂપજ સમજાય છે, તેથી તેવા પુરુષોને પણ ભોગ ભોગવવાની અપેક્ષા કે આસક્તિ પ્રકટતી નથી. આવો જ્ઞાની સર્વ સ્થળમાં બ્રહ્મને જુવે છે. સર્વકાળ હું બ્રહ્મથી પૃથક્ કદાપિ થઇ શકતો નથી. કદાપિ હું બ્રહ્મથી અલગ થઇ શકતો નથી. બ્રહ્મથી હું કોઇ અન્ય સ્થળમાં, કે કોઇ અન્ય દેશમાં

જૂદો રહી શકતો નથી. આમ સમજવાથી પણ બ્રહ્મચારી પોતાના મહાવ્રતનું સારી રીતે સંરક્ષણ કરી શકે છે. સર્વત્ર બ્રહ્મની વ્યાપ્તિ છે, ને એક અણુ માત્ર ઠામ બ્રહ્મવિના ખાલી નથી; તથા દૃશ્ય પ્રાણી પદાર્થમાં બ્રહ્મજ છે. એવું જાણનાર કયા સ્થળમાં ને કયારે બ્રહ્મથી અલગ થઇ શકે? કે 'અમુક' ને 'એ' 'આ મારું ભોગ્ય' અને 'આ હું ભોગવનાર' એવી કલ્પના ઉઠી શકે? નજ ઉઠી શકે. એવાઓના બ્રહ્મચર્યનું સંરક્ષણ સારી રીતે થઇ શકે છે કારણ કે એવા વાસ્તવિક જ્ઞાનવાળા કયારે પણ જડ વસ્તુઓમાં પ્રીતિબદ્ધ થતા નથી. તેમને આ સંસારમાં કોઇ પણ પ્રાણી પદાર્થ મોહ ઉપજાવી શકે એમ નથી. કારણ કે જેમનાથી યથાર્થ બ્રહ્મ સ્વરૂપ સમજાયું હોય છે તેમના હૃદયમાં કદાપિ દ્વૈત બુદ્ધિ ઉઠતીજ નથી. ને અદ્વૈત બુદ્ધિમાં મોહને અવકાશ નથી. મહામોહનો મહિમા બ્રહ્મસ્વરૂપના જ્ઞાન સાથેજ તિરોભાવ પામી જાય છે. જ્યાંસુધી હૃદયમાં મોહ વિદ્યમાન હોય ત્યાં સુધી મનુષ્યથી વિવેક માર્ગે ચાલી શકાતુ નથી. સત્ય—અસત્ય પારખવું એનેજ વિવેક કહેવાય છે; ને જ્યાં સુધિ મોહ હોય ત્યાં વિવેક રહી શકતો નથી. જેમ પ્રકાશ ને અંધકાર એક સ્થળમાં રહેતા નથી તેમ મોહ એ વિવેકનું આચ્છાદન છે; અને પદાર્થોમાં રહેલો મોહ એજ ખરો અવિવેક છે, ને અવિવેક અથવા મોહ એ બે એકાર્થ સૂચક શબ્દો છે. એક હૃદયમાં તે બે સાથે રહી શકતા નથી. મોહના મહિમા વિષે કહ્યું છે કે—

पाषाणखण्डेष्वपि रत्नबुद्धि :,

कान्तेतिधीः शोणितमांस पिण्डे ।

पञ्चात्मके वर्ष्मणि चात्मभावो,
जयत्यसौ काञ्चन मोहलीला ॥

ભાવાર્થ:—મોહની લીલા પોતાનું પ્રાબલ્ય ચલાવી સર્વને બંધન પમાડે છે. પત્થરના કકડાઓમાં રત્નની બુદ્ધિ ઉપજાવી મનુષ્યોને તેની અપેક્ષા કરાવે છે, લોહી માંસના શરીરમાં "આમારી' ભોગ્ય રમણી એવા ભાવ ઉપજાવે છે, પંચભૂતના કાર્યરૂપ શરીર કે જે અનાત્મ જડરૂપ ગણાય છે; તેમાં આત્મભાવ ઉપજાવે છે. એ રીતે મોહની લીલા સર્વ જગતમાં જય વર્તાવી રહી છે.

બ્રહ્મચર્યના મહિમા વિષે શાસ્ત્રમાં તો અનેક ઠેકાણે ઉપદેશ જોવામાં આવે છે ' शीलं परं भूषणं । शीलं भूषयते कुलम् । शीलं हि विदुषां धनम । शीलं हि सर्वस्य नरस्य भूषणम् । ' સવ સ્ત્રીઓને અને પુરુષોને માટે શીલ (બ્રહ્મચર્ય) એજ મોટું ભૂષણ કહેલું છે, કુલની વિશાળતા ને ઉચ્ચતા પણ શીલથી જણાય છે, વિદ્વાનોનું મુખ્ય ધન પણ શીલજ મનાય છે, અને સર્વ માણસોનું મોટામાં મોટું ભૂષણ પણ શીલજ કહ્યું છે. માટે બ્રહ્મચર્ય તો ચારે વર્ણાશ્રમીઓએ ને વિરક્તાશ્રમીઓએ પણ સેવવા યોગ્ય છે.

ગૃહસ્થને તેની મોટામાં મોટી અગત્ય છે. ગૃહસ્થના બ્રહ્મચર્યનું વર્ણન પણ શાસ્ત્રમાં જોવામાં આવે છે. શાસ્ત્રમાં ઋતુકાલાભિગમન કરવાનીજ છૂટ આપવામાં આવી છે બાકી ગૃહસ્થને પર્વણીના દિવસોમાં સ્ત્રીસંગ કરવાનો નિષેધ બતાવ્યો છે તથા તેમાં પણ વ્યવાયવર્જ્યના દિવસો બતાવ્યા છે તે જેવા કે:—

तास्वामाद्याश्चतस्रस्तु निन्दितैकादशी तथा,
त्रयोदशी च शेषास्तु प्रशस्तास्त्वत्ररात्रयः।
अमावास्याष्टमीचैव पौर्णमासी चतुर्दशी,
ब्रह्मचारी भवेन्नित्यंमन्नृयौस्नातको द्विजः ॥ मनुस्मृति ॥

ભાવાર્થ:—સ્ત્રીને ઋતુકાળ પ્રાપ્ત થાય તે પછીના ચાર દિવસો, અને એકાદશી, ચઉદશ અને અમાંસ પૂનમ, એ ત્રણ દિવસો સ્ત્રીસંગમાં નિષિદ્ધ છે. તેરશ પ્રશસ્ત છે. ને અમાંસ, આઠમ, પૂનમ, ચઉદશ, એટલા દિવસો ત્યાગ કરીને ગૃહસ્થ મૈથુન કર્મ સેવે તો પણ તે નિત્ય બ્રહ્મચારી ગણાય છે. કોઈ ગ્રંથોમાં ઋતુકાલ વિનાના દિવસોમાં પણ સ્નાતક (સમાવર્તન કરેલા ગૃહસ્થને ઋતુકાલના દિવસો વિના પોતાની પરિણિત સ્ત્રી સાથે વ્યવાય કર્મ આચરે તો તેને દોષપ્રાપ્ત થતી નથી. પણ તેનું બ્રહ્મચર્ય સ્ખલન થાય છે એમ કહ્યું છે:—

ધર્મશાસ્ત્રમાં બતાવેલા દિવસો ત્યાગ કરી જે પ્રજાને સારુજ વિષય ભોગમાં પ્રવર્તે છે તે ગૃહસ્થ બ્રહ્મચારી ગણાય છે. જે ગૃહસ્થને યોગ્ય પુત્ર કે પુત્રીની પ્રજા થયા પછી પોતાની અજિતેન્દ્રિયોની તૃષ્ણાથી વ્યવયાયકર્મથી વિરામતો નથી તે બ્રહ્મચારી ન ગણાતાં પામર કે વિષયીમાં ગણાય છે. પણ ગૃહસ્થે પ્રજા થયા પછી વિમળ બ્રહ્મચર્ય પાળવું જોઇએ. બ્રહ્મચર્યથી જે જે લાભ થાય છે તે સર્વ જીવનમાં ઘણાજ ઉપયોગી છે. બ્રહ્મચર્યથી દિવ્યબળની પ્રાપ્તિ થાય છે, બ્રહ્મચર્યથી શરીર સુદૃઢ, બળવાન્ અને નિરોગી થાય છે. બ્રહ્મચર્યથી બુદ્ધિની સ્મરણશક્તિ અને તીવ્રતાની વૃદ્ધિ થાય છે.

બુદ્ધિ ઘણી સૂક્ષ્મ ને ઝીણા વિષમાં ઉતરવાને યોગ્ય થાય છે. બ્રહ્મચર્યથી ગ્રહણ ધારણ શક્તિ પણ વધે છે. બ્રહ્મચર્યથી જપ, તપ, વ્રત આદિ પુણ્ય કર્મોનાં અનુષ્ઠાનો સફલ થાય છે. બ્રહ્મચર્યથી વિદ્યાધ્યયન પણ સારું કરી શકાય છે. એટલુંજ નહિ પણ બ્રહ્મચારીની વિદ્યા સફળ થાય છે. બીજાં સર્વ સારાં આચરણોમાં બ્રહ્મચર્ય એક મોટું સદાચરણ ગણાય છે. જગતમાં પણ બ્રહ્મચારી મોટો વિશ્વાસપાત્ર મનાય છે. બ્રહ્મચારીનું મંત્રસાધન વહેલું સિદ્ધ થાય છે. સર્વ તપોમાં બ્રહ્મચર્યજ મહાતપ મનાય છે. સર્વ વ્રતોમાં પણ બ્રહ્મચર્ય મહાવ્રત મનાય છે. બ્રહ્મચર્ય સેવન વાળાને કોઈ જાતનો ઉપદ્રવ નડતો નથી. બ્રહ્મચારીથી કોઈ જાતનું પાપ થતું નથી, તેથી તે નિરંતર પવિત્ર મનાય છે. બ્રહ્મચર્યથી આયુષ્યની પણ વૃદ્ધિ થાય છે. નેત્રના તેજની વૃદ્ધિ, બુધ્ધિની તીવ્રતા, હૃદય બળ, સ્મરણ શક્તિ, ધૈર્ય, શરીરની દૃઢતા, ને ઇચ્છિતાર્થનો લાભ સુગમપણે થાય છે. બ્રહ્મચારી પ્રતાપી અને જગત્‌માં માનનીય ગણાય છે. બ્રહ્મચારી સંસારમાં કોઇ વાતે દુઃખી થતો નથી. તેને કદાપિ દારિદ્ર પ્રાપ્ત થતું નથી. તેના જ્ઞાન તંતુઓ સદા બળવાન્ અને જાગ્રત રહે છે. બ્રહ્મચારીના શરીરમાં કાંતિ, બ્રહ્મતેજ અને ઓજસ્‌ની વૃદ્ધિ થયા કરે છે. બ્રહ્મચારી, પોતાના શીલવ્રતના પ્રતાપે સર્વાર્થની સિદ્ધિ પ્રાપ્ત કરે છે. બ્રહ્મચારી જ્ઞાન, ભક્તિ કે યોગાદિ કૈવલ્ય સાધનો સાધવા આરંભ કરે છે, તો તે શરીરસંપત્તિની પૂરે પૂરી યોગ્યતાવાળો હોવાથી તેને સાધન સિદ્ધિ શીઘ્ર સિદ્ધ થાય છે. બ્રહ્મચારીને કદાપિ દારિદ્ર પ્રાપ્ત થતું નથી. તેને કોઈ પણ જાતનો ઉપદ્રવ નડતો નથી. બ્રહ્મચર્યથી હૃદયનું ને નેત્રનું બળ વૃદ્ધિ

પામે છે. બ્રહ્મચર્યથી શરીરના અવયવો સ્વસ્થ રહી બળવાન્ થાય છે. બ્રહ્મચારી બ્રહ્મચર્ય વ્રત પાળ્યા પછી કદાપિ ગૃહસ્થાશ્રમ સેવે છે તો તેમા પણ તે શરીરનું આરોગ્ય, સ્વાસ્થ્ય, ઇન્દ્રિયસૌષ્ટવ અને બળ-વીર્યની વૃદ્ધિ રહેવાથી નિરંતર્ સુખપૂર્વક પોતાનું જીવન શાંતિમાં ગાળે છે. જેમ ધનવાન્નો ગૃહસ્થાશ્રમ પ્રશંસાવાળો ગણાય છે તથા જગતમાં પણ ધનવાનજ સુખી ગણાય છે; તેમ સંસારમાં પણ જેઓએ વિશેષ બ્રહ્મચર્યનું સેવન કરેલું છે, તથા જેણું વિર્યનું સંરક્ષણ વિશેષ કરેલું છે, તેજ વિશેષ સુખી થાયછે. બ્રહ્મચર્ય સેવીને વહેલી જરા પ્રાપ્ત થતી નથી. બ્રહ્મચર્યવાળાને માથે શ્વેત કેશ ઘણા મોડા ને શરીર જર્જરીભૂત પણ ઘણું મોડું થાય છે. એટલે તેને ઘરડપણ વહેલું લાગતું નથી. તેનાં નેત્ર ઘણાં તેજસ્વી રહે છે તથા ઇંદ્રિયો અને અંતઃકરણ પણ નિસત્ત્વ ન થવાથી બલવાન્ રહે છે. જેથી તે બ્રહ્મચર્ય સેવી જીવનમાં પણ ઘણાં સુખ અને શાંતિ અનુભવે છે. એટલુંજ નહિ પણ તે એક તપસ્વી જેવો ગણાય છે. કૃચ્છ્ર-ચાંદ્રાયણ વ્રતો કરવાં, કે ઘણાં ઉપોષણો કરવાં, તથા ઉંધે માથે કે ઝોલે રહીને તપ કરવું, પંચધૂણી તપવું, વાયુભક્ષીને, કેવળનિરાહાર રહિને, જળપાન કરીને તપ કરવું, જેમ બને તેમ કાયકષ્ટ વેઠવું, તે તપ નહી; પણ ખરૂં તપ તો એજ કહેવાય છે કે ગૃહેસ્તુ પઞ્ચેન્દ્રિયનિગ્રહસ્તપઃ કાન, ચામડી અથવા ઉપસ્થ, આંખો, જીભ, અને નાસિકા એ પાંચ ઇંદ્રિયોના શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પંચ વિષયોમાં નિરાસક્ત રહેવું. એ પંચેદ્રિયનો નિગ્રહ ગણાય છે કે જે ગૃહસ્થાશ્રમીઓનું મુખ્ય ધન અને મોટું તપ મનાય છે. એવા તપસ્વિને જેમ કોઇ કલ્પવૃક્ષ, ચિંતામણિ કે કામ-

દુર્ધો પ્રાપ્ત થઈ હોય કાં નવનિધિ ને અષ્ટમહાસિદ્ધિ પ્રાપ્ત થઇ હોય ને તે જેવો સુખી થાય તેવો સુખી થાય છે. માટે સૌથી મોટામાં મોટું તપ બ્રહ્મચર્ય ગણાય છે. શાસ્ત્રમાં સર્વને માટે બ્રહ્મચર્યવ્રત પાળવાનું કહ્યું છે. માટે પ્રત્યેક મનુષ્યે પોતાની શક્તિ અનુસાર બ્રહ્મચર્ય પાળવું જોઇએ. અડતાળીશ વર્ષ સુધિ બ્રાહ્મણે, છત્રિશ વર્ષ ક્ષત્રિયે, ચોવિશ વર્ષ વૈશ્યે અને બાર વર્ષ શૂદ્ર જાતિએ બ્રહ્મચર્ય પાળવું; એવી ધર્મશાસ્ત્રની આજ્ઞા છે. પણ વર્તમાન સમયને અનુસરી ચારે વર્ણે પોતાની શક્તિ અનુસાર બ્રહ્મચર્ય સેવવું. ગૃહસ્થને માટે બ્રહ્મચર્ય મોટી સમૃદ્ધિ તુલ્ય છે. બ્રહ્મચર્ય ક્ષત્રિને મોટા શૌર્ય, પ્રતાપ, બળ અને મહાવીરત્વરૂપ છે. વૈશ્યને બ્રહ્મચર્ય મોટા ધનના સંચયરૂપ છે. ને શૂદ્રનું તેજ મોટું બળ છે. તથા ગૃહસ્થના ગાર્હસ્થ્યનું રહસ્ય, બ્રહ્મચારીનું મહાવ્રત, અને વાનપ્રસ્થોનું રક્ષણ તથા સન્યાસીઓનો સંન્યાસ, અને પરમહંસોનું સાચું બ્રહ્મજ્ઞાન, તે બ્રહ્મચર્યજ ગણાય છે. ખરી રીતે કહીએ તો તમામ વિરક્તોનું બ્રહ્મચર્યજ ખરૂ વિભૂષણ ગણાય છે. એ વિના સાધ્વી પ્રમદાઓનું તો શીલ સોળ શણગાર રૂપ છે. કુલવતીઓનું પરમ સૌંદર્ય છે. સતીઓનું સતીત્વ છે. તથા રૂપવતીઓનું પરમ રૂપ છે. સજ્જનોનું ભૂષણ, સજ્જનતા, અને પ્રતિષ્ઠા, તે પણ બ્રહ્મચર્યજ છે જેઓના દુર્ભાગ્યે બ્રહ્મચર્ય ઉપર તિરસ્કાર થયેલો છે, તેઓ એક હીન ભાગી મનાયા છે. મનુષ્યોમાં જેઓ મલિન શરીર વાળા, રોગી, કુષ્ટી, ક્ષયરોગવાળા, ગડગુમડવાળા, નિસ્તેજી, રુક્ષ, સદારોગી, દરિદ્રી અલ્પાયુષી અને નિરંતર દુઃખી માલમ પડે છે તે બધા બ્રહ્મ-

ચર્યથી વિમુખ થયેલા જાણવા. બ્રહ્મચર્યથી ભ્રષ્ટ થયેલા સદા નિઃસત્વ બની સદા રોગી અને દુઃખીજ રહ્યા કરે છે. કારણ કે બ્રહ્મચર્યથી ભ્રષ્ટ થયેલાના શરીરમાંથી શરીરના આધાર રૂપ વીર્યનો અભાવ હોવાથી એ શરીરજ નિરાધાર જેવું હોય છે. તેથી તેઓ કોઇ કાર્યમાં પ્રતાપ મેળવી શકતા નથી. તેમજ બળ અને બુદ્ધિથી સાધવાનું જે કામ હોય છે તેમાં તેઓ પાછા પડે છે. અને ભાગ્યેજ કોઈ કામમાં તેઓ વિજય મેળવી શકે છે. બાકી બ્રહ્મચર્યથી વિમુખ થયેલા પુરુષો વ્યવહાર અને પરમાર્થના કાર્યમાં યોગ્યતા વાળા મનાતા નથી. હજુ બ્રહ્મચર્યના મહાત્મ્ય વિષે આગળ ઉત્તરાર્ધના પ્રસંગમાં કહેવામાં અવશે.

અમારા દિવ્ય પ્રયોગથી મટાડવામા આવતા હિસ્ટીરીઆના રોગો. **રૂ. ૧૦-૦-૦ ઈનામ.**

તમે આખી સૃષ્ટિમાં ફરી આવો અને તમારો હીસ્ટીરીઆનો રોગ મટાડનાર કોઈ ન મળે તો પછી છેવટે અમારી પાસે આવજો. જો તમે એમ સાબીત કરી આપશો કે હીસ્ટીરીઆનો રોગ અમારા પ્રયોગથી મટતો નથી તો અમે તમને રૂ. ૧૦-૦-૦ ઇનામના આપીશું. મહીનામાં ચાર કે પાંચ કરતાં વધુ દરદીઓ ઉપર પ્રયોગ થઈ શકતો નથી. ગાંડપણ, ક્ષય, દમ વિગેરે રોગો પણ અમારા પ્રયોગથી મટાડી શકાય છે. વિશેષ માહીતી માટે રૂ. ૦-૦-૬ ની ટીકીટ બીડીને ખુલાસો મંગાવો.

ખાસ પૂજાને ઉપયોગી અમારી ઑફીસમાંથી મળતા બનારસી વાસણો વિગેરે.

દર્ભનાં આસનો રૂ. ૦-૩-૩.

તાંબાનાં વાસણો. અર્ઘીયાં, પવાલાં, સુશોભિત તરભાણું, સુશોભિત લોટા, વૈશ્વદેવના કુંડ, આચમની, જળાધારી, ચંદન ઉતારવાની કટોરીઓ વિગેરે.

પીતળનાં વાસણો. ઘંટડીઓ, ગંગા જમની લોટા, કટોરીઓ, ડબ્બીઓ, સુંદર ફેન્સી ડબીઓ, સિંહાસન, પૂજા માટે છાબડીઓ, પંચ પલ્લવ, ધુપીયાં વિગેરે.

ફેન્સી કમંડલ. હલકા વજનનાં અને ત્રાંબા પીતળનાં બનાવેલાં આ કમંડલ છે હવે સિદ્ધિકમાં ઘણાં જાુજ છે. કીંમત ફક્ત રૂ. ૧-૪-૦. દરેકનું પેકીંગ અને ૧૫ા પિ૦ પોષ્ટેજ જુદું સમજવું.

કાશીના પવિત્ર જનોઇના જોડા. કીંમત દરેક જોડાના રૂ. ૦-૦-૬.

સનાતન ધર્મની ગર્જના…નો ત્રીજા વર્ષનો ઉપર

આ વખતે આ છેવટની ગર્જના બે ભાગમાં પ્રકટ થ હોવાથી પ્રથમ ભાગમાં જેટલો વિષય લખાયો હતો તેટલો પ્રકટ કર્યો છે. બીજા ભાગમાં બ્રહ્મચારીના સંબંધમાં ઉત્તમ દ્દષ્ટાંતો સંવાદો વિગેરે રસમય ભાષામાં પ્રકટ થશે. આ વર્ષમાં પૃષ્ઠોને બદલે ૩૯૨ પૃષ્ઠો આપવામાં આવ્યાં છે એટલે ૮ ઓછાં થયાં છે તે ૪ થા વર્ષની ગર્જનામાં પુરાં પા આવશે. ગ્રાહકોને ગર્જનાઓ મોડી મળે છે અને વારવાર બીને ગર્જનાઓ માટે માગણી કરે છે તે માટે તેમનો ઉપ નતાં તેમને સવિનય વિદિત કરવાનું કે વર્ષમાં ૪૦૦ પૃષ્ઠોની ગર્જનાઓ પ્રકટ થાય છે. કદાચ વિષય ટુંકા હોય તો ૮ ગર્જનાઓ નીકળે. પરંતુ ઘણે ખરે ભાગે ત્રણજ ગર્જનાઓ પ્રકટ થાય છે. ચોથા વર્ષમાં જે ગર્જનાઓ પ્રકટ થનાર છે તેમાં પેહેલી ગર્જના ફાગણ માસમાં પ્રકટ થશે, બીજી ગર્જના આસો કે કાર્તિક માસમાં પ્રકટ થશે અને ત્રીજી ગર્જના માહા–ફાગણમાં પ્રકટ થશે. માટે આ ત્રણ માસ જણાવ્યા છે ત્યાંસુધીમાં ગર્જનાઓ ન મળે તોજ પત્ર લખવા શ્રમ લેવો. ગર્જનાઓ ઉત્તમ પ્રકારની નીકળે છે તેનાં પ્રમાણપત્રો આવેજ જાય છે એટલે ગર્જનાઓની ઉત્તમતાના સંબંધમાં હવે વધારે લખવાની જરૂર રહેતી નથી.

અમારા ગ્રાહક બંધુઓ એકલા ગ્રાહક થઇને બેસી રહે છે એટલો તેમનો ઉપકાર ઓછો નથી, પરંતુ જો તેઓ વધારે શ્રમ લઇને કૃપા કરીને વધારે નહીં તો ત્રણથી પાંચ સુધી ગ્રાહક કરી આપવાનો શ્રમ લેતો ગર્જનાનું સાહિત્ય લાંબા પ્રમાણમાં ફેલાવાથી ગર્જનાઓના સંબંધમાં આગળ શું કરવું તે માટે યોગ્ય વિચારોનો નિર્ણય થઇ શકે.

મ૦ મ૦ ત્રિવેદી.